દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 230 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 September 2026, Wednesday REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★



# ભારતની દીકરીઓની કમાલઃ એક દિવસમાં, બબ્બે ગોલ્ડ

## વરસાદની ઐસીતૈસી કરી નિશાનબાજ નીરુ પછી બીજી ચાર ગોલ્ડન ગર્લ્સે ભારતને ટોપ ટેનમાં લાવી દીધું

નાગોયાઃ જાપાનમાં એક તરફ ભારતની મેન્સ ક્રિકેટ ટીમના ખેલાડીઓ વરસાદને લીધે હેરાન-પરેશાન છે અને ગોલ્ડ મેડલથી હજી બે ડગલાં દૂર છે ત્યારે ભારતની કેટલીક મહિલા સ્પર્ધકોએ મંગળવારે વરસાદના વિઘ્ન વચ્ચે સર્વોત્તમ પર્ફોર્મ કરીને ભારતને એક જ દિવસમાં બબ્બે ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવ્યા હતા અને દેશને મેડલ-ટેબલમાં ટોપ-ટેનમાં લાવી દીધું હતું. નીરુ ઢાંડા નામની નિશાનબાજે ભારતને એશિયન ગેમ્સના ઇતિહાસમાં મહિલાઓની ટ્રેપ ઇવેન્ટમાં પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. પછીથી કિરણ પહલ, પ્રાચી ચૌધરી, એમ. આર. પૂવમ્મા અને વિથ્યા રામરાજની ટીમે વરસાદના વિઘ્ન વચ્ચે ભારતને ૪×૪૦૦ રિલે દોડમાં દેશને આ વખતની એશિયન ગેમ્સનો ટ્રેક ઍન્ડ ફીલ્ડ ઇવેન્ટનો પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. તેમણે આ રેસ ત્રણ મિનિટ, ૨૯.૬૯ સેકન્ડમાં પૂરી કરી હતી.

મંગળવારની મોડી સાંજે ભારતે કુલ ચંદ્રકોની હાફ સેન્ચુરી પૂરી કરી હતી. ભારત ૧૦મા નંબરે આવી ગયું ત્યારે કુલ બાવન ચંદ્રકમાં છ ગોલ્ડ, ૨૧ સિલ્વર અને

(જુઓ પાનું ૨) ▸▸

# મોંઘી દવાને નામે થતી ‘કત્લેઆમ’ બંધ કરોઃ સુપ્રીમ

**કેન્સરની દવાની દસ ગણી કિંમતો સંબંધે ચિંતા વ્યક્ત કરતા સર્વોચ્ચ અદાલતે નફો ઓછો રાખવા અને હૉસ્પિટલોને ખુલ્લેઆમ લૂંટ બંધ કરવા કહ્યું**

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે હૉસ્પિટલો દ્વારા કેન્સરની દવાઓની લેવાતી દસ ગણી કિંમતને ‘કત્લેઆમ’ ગણાવીને તે અંગે ચિંતા વ્યક્ત કરતા મંગળવારે જણાવ્યું હતું કે બધી દવાના ભાવમાં (નફાનો) ગાળો સમાન ૧૬ ટકાનો જ રાખવો જોઇએ. તેનાથી વધારે નફો લેવો ન જોઇએ. હૉસ્પિટલોએ ઔષધની કિંમતમાં દરદીઓને લૂંટવાનું બંધ કરવું જોઇએ.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બૅન્ચે હૉસ્પિટલો દ્વારા દરદીઓને (હૉસ્પિટલના) પોતાના જ કેમિસ્ટ્સ પાસેથી દવા ખરીદવાની પાડવામાં આવતી ફરજને મુદ્દે કેન્દ્રને પગલાં લેવા આદેશ આપતા જણાવ્યું હતું કે આ સિસ્ટમથી સામાન્ય જનતાએ સહન કરવું પડે છે.

તેમણે જણાવ્યું હતું કે આ કત્લેઆમનું સાદું અને સરળ ઉદાહરણ છે. કેન્સરની દવા છૂટક વિક્રેતાને રૂપિયા ૨,૭૦૦માં પૂરી પાડવામાં આવે છે, પરંતુ તેના પર લઘુતમ છૂટક કિંમત (એમઆરપી) રૂપિયા ૨૭,૦૦૦ લખેલી હોય છે અને અમુક હૉસ્પિટલ અને તેઓના કેમિસ્ટ દ્વારા દસ ગણી કિંમત દરદી

(જુઓ પાનું ૨) ▸▸

# જમ્મુમાં સૈનિકે ચાર સાથીને ઠાર માર્યા

## સીઆરપીએફના જવાનો વચ્ચે ઝઘડો થતાં એકનો આડેધડ ગોળીબાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુ ક્ષેત્રના કઠુઆ જિલ્લામાં એક વીજળી પરિયોજનામાં પહેરો ભરી રહેલા કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઇએસએફ)ના જવાનો વચ્ચે ઝઘડા બાદ કરાયેલા ગોળીબારમાં ચાર જવાન શહીદ થયા હતા.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે કઠુઆ જિલ્લાના મશકા વિસ્તારમાંના એક પ્રકલ્પ ખાતે થયેલા ગોળીબારમાં ચાર જવાન માર્યા ગયા હતા.

વીજળી પરિયોજના ખાતે ફરજ બજાવી રહેલા કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના જવાનો વચ્ચે ઝઘડા બાદ થયેલા ગોળીબારમાં ચાર જવાન ઘાયલ થયા હતા. ઘાયલ જવાનોને હૉસ્પિટલમાં લઇ જવાયા હતા, પરંતુ ત્યાં તેઓ સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા.

ગોળીબારની માહિતી મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઇ હતી. ગોળીબાર અને તેની પહેલાં થયેલા ઝઘડાના કારણની તપાસ થઇ રહી છે.

# જ્ઞાનેશકુમારને હટાવવાની માગ સાથેની અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે મંગળવારે એ જાહેર હિતની અરજી પર આગામી સપ્તાહમાં સુનાવણી કરવા માટે સંમતિ આપી હતી જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માગ કરતી અને તેમના નેતૃત્વ હેઠળના ચૂંટણી પંચ દ્વારા કથિત રીતે બે અન્ય ચૂંટણી કમિશનરોની મંજૂરી વિના નિર્ણયો લેવાની રીતને પડકારવામાં આવી છે.

આ મામલાનો ઉલ્લેખ ભારતના ચીફ જસ્ટિસ (સીજેઆઇ) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને

(જુઓ પાનું ૨) ▸▸

## મુખ્ય ચૂંટણી કમિશનરે રાજીનામું આપવું જ પડશેઃ રાહુલ

નવી દિલ્હીઃ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે કૉંગ્રેસની કારોબારીને જણાવ્યું હતું કે, દેશમાં ઇવીએમ, મતદારયાદી સાથે ચૂંટણીનું મૅચ-ફિક્સિંગ ચાલી રહ્યું છે અને કૉંગ્રેસે સંસદથી શેરી સુધી આનો વિરોધ અને પ્રતિરોધ કરવો જ જોઈએ.

કૉંગ્રેસને લીધે ચૂંટણી પંચ ઉઘાડું પડ્યું છે અને મુખ્ય ચૂંટણી કમિશનરે

(જુઓ પાનું ૨) ▸▸

## સીઇસી સામેની સૂચિત નોટિસને વધુ વિપક્ષોનો ટેકો

નવી દિલ્હીઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર (સીઇસી) જ્ઞાનેશકુમારને હોદ્દા પરથી દૂર કરવાની વિપક્ષોની સૂચિત નોટિસને ટેકો આપવા આમ આદમી પક્ષ અને દ્રવિડ મુન્નેત્ર કળગમ પણ સહમત થયા હોવાનું કહેવાય છે.

અગાઉ, આ બે પક્ષ સંબંધિત નોટિસ પર સહી કરવા રાજી

(જુઓ પાનું ૨) ▸▸

# મોદીની ડિગ્રીઃ કેજરીવાલની અરજી ફગાવાઈ, ૨૫૦૦૦ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે મંગળવારે (૨૯ સપ્ટેમ્બર) આપના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલની અપીલને ફગાવી દીધી હતી. કેન્દ્રીય માહિતી આયોગ (સીઆઈસી) દ્વારા ગુજરાત યુનિવર્સિટી પાસેથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી વિશે માહિતી માગવાના નિર્દેશને રદ કરવામાં આવ્યો હતો, જેને પડકારતી અરજી કેજરીવાલે કરી હતી.

અહેવાલો અનુસાર કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ એવી પણ દલીલ કરી હતી કે જો ગુજરાત યુનિવર્સિટીના દાવા મુજબ મોદીની ડિગ્રી પહેલાથી જ ઓનલાઈન ઉપલબ્ધ હતી, તો આરટીઆઈ કાયદા હેઠળ માહિતી માગવાનો કોઈ આધાર નથી. ગુજરાત

(જુઓ પાનું ૨) ▸▸

# એસ્સાર અમેરિકામાં ૧૮ અબજ ડૉલરનો સ્ટીલનો મેગા પ્લાન્ટ નાખશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એસ્સારનું સમર્થન ધરાવતી મેસાબી મેટાલિક્સ ૧૮ અબજ ડૉલરના રોકાણથી અમેરિકામાં સ્ટીલ કંપની ખોલશે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે આયોવામાં અમેરિકાના ઇતિહાસનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ ઊભો કરાશે.

સૂચિત રોકાણમાં આયોવામાં ૧૫ અબજ ડૉલરના સ્ટીલ સંકુલ અને મિનેસોટામાં ત્રણ અબજ ડૉલરની લોખંડની ખાણ અને પેલેટાઈઝિંગ ફેસિલિટીનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટ ૨૦૩૦માં ઉત્પાદન શરૂ કરશે અને દર વર્ષે ૧૦ લાખ ટન સ્ટીલનું ઉત્પાદન કરે અને આ પ્લાન્ટ ચાલુ થાય ત્યાર બાદ તે ૧,૭૫૦ લોકોને રોજગાર આપશે એવી માહિતી વાઈટ હાઉસે અને કંપનીએ આપી છે.

ટ્રમ્પે વાઇટ હાઉસમાં જાહેરાત કરી હતી કે મહાન રાજ્ય આયોવામાં મેસાબી મેટાલિક્સ અમેરિકાના ઈતિહાસનો સૌથી મોટો પ્લાન્ટ સ્થાપી રહ્યો છે. આ જાહેરાત વખતે ટ્રમ્પની જોડે એસ્સાર ગ્રૂપના સંસ્થાપક અને વાઈસ ચેરમેન રવિ રુઈયા અને મેસાબી

(જુઓ પાનું ૨) ▸▸

# એફબીઆઇની મોસ્ટ વૉન્ટેડ લિસ્ટમાં ગોલ્ડી બરાડનો ઉમેરો

## તેની જાણકારી આપનારને અમેરિકા નવ કરોડ રૂપિયાનું ઈનામ આપશે



વોશિંગ્ટનઃ અમેરિકાની તપાસ એજન્સી ફેડરલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (એફબીઆઇ)એ ગૅન્ગસ્ટર ગોલ્ડી બરાડને પોતાની ટોપ ૧૦ મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ કર્યો છે. તેની જાણકારી આપનારને ૧૦ લાખ ડોલર એટલે કે અંદાજે નવ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. ગોલ્ડી બરાડ પર હત્યાનું કાવતરું, ખંડણી અને ડ્રગ્સની હેરાફેરી સહિતના ગંભીર આરોપો છે.

એફબીઆઈના જણાવ્યા અનુસાર, સતિન્દરજીતસિંહ ઉર્ફે ગોલ્ડી બરાર અમેરિકામાં બેસીને લોરેન્સ બિશ્નોઈની સિન્ડિકેટ ચલાવે છે. આ ગૅન્ગ અમેરિકા, કેનેડા અને ભારત સહિત અનેક દેશોમાં હત્યા, ખંડણી અને ડ્રગ્સની હેરાફેરી

(જુઓ પાનું ૨) ▸▸

# ગાંધીનગરની મનપાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ૨૪૪ કરોડની સંપત્તિ સાથે સૌથી ધનવાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પાટનગર ગાંધીનગરની ચૂંટણી માટે તમામ પક્ષ તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. મહાનગર પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોની જાહેર થયેલી ચૂંટણી માટે ૧૧ ઓક્ટોબરે મતદાન થશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં તેમની જંગી મિલકતોની વિગતો બહાર આવી છે. ગાંધીનગરની ચૂંટણીમાં ભાજપના પાટીદાર ઉમેદવાર રૂ. ૨૪૪ કરોડની સંપત્તિ સાથે સૌથી ધનવાન હોવાનું અહેવાલો જણાવે છે. ઉપરાંત બીજા પણ કેટલાક ઉમેદવારો કરોડોના આસામી છે.

ભાજપના પાટીદાર ઉમેદવાર જશવંત પટેલ ૨૪૪ કરોડની સંપત્તિ સાથે સૌથી શ્રીમંત ઉમેદવાર છે. તેઓ સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન છે. જશવંત પટેલ અને તેમના પરિવાર પાસે ૨૦૦ કરોડથી વધુની કિંમતની જમીન છે. જ્યારે તેમના પત્ની પાસે ૭૫ તોલા સોનું, ૭ કિલો ચાંદી તથા વિવિધ કારનો કાફલો છે. ૫૮ વર્ષીય જશવંત પટેલે સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી બીઈ સિવિલ એન્જિનિયરિંગ કર્યું છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકા મંડલમાં પૂર્વ પ્રમુખ,

(જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકા સાથેના સંબંધોમાં અડચણરૂપ છે ટૅરિફ અને પાકિસ્તાની આતંકવાદઃ ભારત

નવી દિલ્હીઃ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે મંગળવારે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષી સંબંધમાં વેપારને લગતી વાટાઘાટમાંની ગૂંચવણ, ટૅરિફને લગતી અનિશ્ચિતતા અને પાકિસ્તાનમાંથી ફેલાવાતા ત્રાસવાદ અંગેની નવી દિલ્હીની ચિંતા જેવા મુદ્દે ‘વિઘ્ન’ આવી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે ત્રાસવાદને લગતી ભારતની ચિંતાને સમજવામાં પૂરતી સમજણના અભાવને લીધે ભાગીદારો સાથેના સંબંધને માઠી અસર થઇ શકે છે.

એસ. જયશંકરે ન્યૂ યોર્કમાં એશિયા

(જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાતમાં મલેરિયા કાબૂમાં હોવાનો આરોગ્ય પ્રધાનનો દાવો, સર્વેલન્સના નિર્દેશો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાહકજન્ય રોગોના અટકાયતી પગલાંના ભાગરૂપે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં તમામ જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારોમાં મલેરિયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયાની સ્થિતિ અંગે વિગતવાર સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં રાજ્યમાં વાહકજન્ય રોગોના સઘન નિદાન અને સર્વેલન્સ

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# તમારા સંતાન માટે સરકારી નોકરી ઈચ્છો છો કે ટૅક્સી ડ્રાઈવર બનાવશો?

**ઉત્તર પ્રદેશમાં** ૨૦૨૭ના માર્ચમાં વિધાનસભાની ચૂંટણી છે. આ ચૂંટણી જીતવા માટે યોગી આદિત્યનાથ પૂરી તાકાત લગાવી રહ્યા છે અને વચનોની લહાણી કરી રહ્યા છે. તેમાંથી એક વચન વિધાનસભા ચૂંટણી પહેલાં એક લાખ સરકારી નોકરીઓ આપવાનું પણ છે. યોગીએ વચન આપતાં તો આપી દીધું પણ એક લાખ સરકારી નોકરીઓનો વેત કઈ રીતે કરવો તેની ગડમથલમાં અટવાયેલા છે ત્યારે ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે ઉત્તર પ્રદેશના યુવાનોને બહુમૂલ્ય સલાહ આપી છે.

ઉત્તર પ્રદેશ સરકારની ભારત ટૅક્સી યોજનાનો પ્રારંભ કરાવવા માટે લખનઊમાં યોજાયેલા સત્તાવાર કાર્યક્રમમાં પાઠક સાહેબે યુવાનોને એવી સલાહ આપી કે, યુવાનોએ સરકારી નોકરીઓ પાછળ દોડવાને બદલે ટૅક્સી ચલાવીને કમાણી કરવી જોઈએ. 'સરકારી નોકરી કે ચક્કર મેં મત પડો' એવી સલાહ સાથે પાઠક સાહેબે જ્ઞાન પણ પિરસ્યું કે, ટૅક્સી ચલાવવાથી યુવાનોને માત્ર આજિવિકા જ નહીં મળે પણ પરિવાર સાથે વિતાવવા માટે સમય પણ મળશે, યુવાનોને બપોરના વિરામ દરમિયાન તેમના પરિવાર સાથે સમય વિતાવવાની આઝાદી પણ મળશે.

પાઠક સાહેબે આ આઝાદી કઈ રીતે મેળવવી એ માટેની ટિપ્સ પણ આપીને કહ્યું કે, બપોર પહેલાં તમારા ઘરની નજીકની છેલ્લી સવારી લો કે જેથી ઘરે જઈ શકાય. એ પછી બે કલાક જમવામાં, આરામ કરવામાં અને તમારા બાળકો સાથે વિતાવો અને પછી ફરીથી નીકળીને રાત્રે ૧૦ વાગ્યા સુધી કામ કરો. પાઠકે ઉપસ્થિત 'ભારત ટૅક્સી સર્વિસ'ના ડ્રાઇવરો સહિતનાં લોકોને બીજું પણ ઘણું જ્ઞાન આપ્યું છે. આટલું બધું જ્ઞાન આપણને પચશે નહીં તેથી તેની વાત નથી કરવી પણ બ્રજેશ પાઠકની વાતો આપણા માથે કેવા નમૂના થોપાયેલા છે તેનું એક નાનકડું ઉદાહરણ છે.

બ્રજેશ પાઠકના જ્ઞાનની સોશ્યલ મીડિયા પર મજાક ઊડી રહી છે. સમાજવાદી પાર્ટી સહિતના વિપક્ષો પણ તૂટી પડ્યા છે. યુવાનોને રોજગારી આપવામાં નિષ્ફળ ભાજપ યુવાનોને ટૅક્સી ડ્રાઈવર બનવાની સલાહ આપીને તેમની મજાક ઉડાવી રહ્યો હોવાની કોમેન્ટ્સ પણ થઈ રહી છે. કેટલાકે વળી દેશના સૌથી મોટા રાજ્યની નાયબ મુખ્યમંત્રી કક્ષાની વ્યક્તિ આવી સલાહ કઈ રીતે આપી શકે એવો સવાલ કરીને આશ્ચર્ય અને આઘાત પણ વ્યક્ત કર્યાં છે. પાઠકની વાત આઘાતજનક છે પણ આશ્ચર્યજનક નથી કેમ કે ભાજપના નેતાઓ યુવાનોએ રોજગારી માટે શું કરવું એ માટે પાઠક કરતાં પણ આઘાતજનક વાતો પહેલાં પણ કરી ચૂક્યા છે. આપણે આખો ચોપડો ખોલવો નથી પણ નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા ભાજપના શિરમોર નેતાઓએ આપેલી સુફિયાણી સલાહની જ વાત કરીશું તો પણ સમજાશે કે, પાઠકે તો બિચારાએ પ્રમાણમાં સારો રસ્તો બતાવ્યો છે.

નરેન્દ્ર મોદીએ ૨૦૧૯માં યુવાનો પકોડા વેચીને કમાણી કરી શકે એવું સૂચન કરેલું. મોદી સરકારે ૨૦૧૪માં સત્તા હાંસલ કરી ત્યારે દેશમાં દર વરસે બે કરોડ નવી રોજગારી ઊભી કરવાનું વચન આપેલું પણ ૨૦૧૯ સુધીમાં દેશમાં ૧૦ કરોડ નવી રોજગારી ઊભી ના થઈ તેની ટીકા થતી હતી ત્યારે મોદીએ દાવો કરેલો કે, પોતાની સરકાર અનેક મોરચે રોજગારી ઊભી કરી છે અને યુવાનો પકોડા વેચે તેને પણ રોજગારી જ કહેવાય. અમિત શાહે પણ કોમેન્ટ કરેલી કે, દેશમાં પ્રવાસનો વિકાસ થાય છે તેના કારણે રોજગારી ઊભી થાય છે ને યુવાનો મગફળી વેચીને પણ રોજગારી કમાઈ શકે છે. ભાજપના બીજા નેતાઓએ પણ આવાં નિવેદનો આપ્યાં જ છે ને એ બધાંની વાત માંડી શકાય તેમ નથી પણ કહેવાનો અર્થ એ કે, દેશના વડા પ્રધાન કક્ષાની વ્યક્તિ યુવાનો પકોડા વેચીને કમાણી કરી શકે એવી સલાહ આપતા હોય તો પછી પાઠક તો કઈ વાડીના મૂળા?

મોદીના નિવેદન સામે ભારે હોહા થઈ પછી ભાજપે એમ કહીને વાતને વાળવાનો પ્રયત્ન કરેલો કે, મોદી કહેવા માગતા હતા કે, કોઈ કામ મોટું નથી કે કોઈ નાનું નથી ને પકોડા વેચીને પણ કમાણી કરી શકાય છે. વાત સાચી છે, કોઈ કામ નાનું નથી જ હોતું પણ કઈ વ્યક્તિ નાના કામનાં સપનાં જુએ? કઈ વ્યક્તિ પોતાના સંતાનને પકોડા વેચીને કમાણી કરાવવા માગે? પકોડા વેચનાર કે મગફળી વેચનાર પણ કમાણી કરે જ છે અને ગૌરવભેર જીવે જ છે પણ દેશના વડા પ્રધાન તરીકે તમે યુવાનોને પકોડા વેચીને કમાણી કરવાની સલાહ કઈ રીતે આપી શકો? કમ સે કમ સપનાં તો મોટાં બતાવો.

મોદી સહિતના નેતાઓની યુવાનોને પકોડા, મગફળી કે ટૅક્સી ચલાવીને રોજગારી મેળવવાની સલાહ તેમની પોતાની જ વાતોથી વિરોધાભાસી પણ છે. એક તરફ મોદી સહિતના નેતા ભારત વિશ્વગુરુ બની ગયું હોવાની વાતો કરે છે ને બીજી તરફ ટૅક્સી ચલાવીને રોજગારી મેળવવાની સલાહો આપે છે. ટૅક્સી ચલાવનારા યુવાઓનો દેશ વિશ્વગુરુ કઈ રીતે કહેવાય? એક તરફ આપણે સેમીકંડક્ટર ને ચિપ્સના ઉત્પાદન દ્વારા આર્થિક પ્રગતિનાં સપનાં લોકોને બતાવીએ છીએ ને બીજી બાજુ ટૅક્સી ચલાવીને રોજગારી મેળવવાની સૂફિયાણી સલાહો આપીએ છીએ. સવાલ એ છે કે, ભાજપ આખરે આ દેશને શું બનાવવા માગે છે? ટૅક્સી ચલાવતા યુવાનોનો દેશ કે ચિપ્સ બનાવતા યુવાનોનો દેશ ?

ભાજપના નેતા આવી બકવાસ વાતો કરે છે કેમ કે તેમની પાસે રોજગારી આપવા માટેની કોઈ બ્લુપ્રિન્ટ નથી, કોઈ વિઝન નથી. કેન્દ્રમાં છેલ્લાં ૧૨ વર્ષથી ભાજપની સરકાર છે અને આ ૧૨ વર્ષમાં ભાજપે જેના થકી દેશ નક્કર વિકાસ કરી શકે, દુનિયામાં પોતાની નોંધ લેવડાવી શકે એવું કોઈ નક્કર મોડલ જ રજૂ કર્યું નથી. કોઈ વાર ભાજપ સરકાર આત્મનિર્ભર ભારતની ને મેઈક ઈન ઈન્ડિયાની વાતો કરે છે તો કોઈ વાર ભારતને દુનિયાના મોટા દેશોની કંપનીઓનું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની વાતો કરે છે. કોઈ વાર ચીન સાથે સહકારની વાતો કરે છે તો કોઈ વાર ચીનના માલનો બહિષ્કાર કરવાની વાતો કરે છે. કોઈ વાર યોગ, આયુર્વેદ સહિતની ભારતીય પરંપરાઓનું માર્કેટિંગ કરીને આર્થિક સધ્ધરતાની વાતો કરે છે તો કોઈ વાર સેમીકંડક્ટર-ચિપ્સમાં અવ્વલ બનવાની વાતો કરે છે. આ બધું પાછું વાતો જ રહે છે ને આપણે કઈ દિશામાં આગળ વધી રહ્યા છીએ એ જ ખબર પડતી નથી. આ બધી વાતો કરીને ૨૦૧૪માં ભાજપ સત્તામાં આવ્યો ત્યારે દર વરસે બે કરોડ નવી રોજગારી પેદા કરવાની ને ભારતને ૨૦૩૫ સુધીમાં ફાઈવ ટ્રિલિયન ઈકોનોમી બનાવવાની વાતો તો ભાજપે સાવ ભુલાવી જ દીધી છે. આ બંને મુદ્દે હવે ભાજપ કશું બોલતું નથી ને ૨૦૪૭માં વિકસિત ભારતનું ગાજર લટકાવી દીધું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરશરદઋતુ, બુધવાર, તા. ૩૦–૯–૨૦૨૬,
ચતુર્થી શ્રાદ્ધ, પંચમી શ્રાદ્ધ, કૃત્તિકા શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૮, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ–૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ–૪
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર ભરણી સવારે ક. ૦૭–૩૬ સુધી, પછી કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૩૦–૦૨ સુધી, પછી રોહિણી
- ચંદ્ર મેષમાં બપોરે ક. ૧૩–૧૩ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૨, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૭, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ બપોરે ક. ૧૩–૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૬ (તા. ૧)
- ઓટઃ સવારે ક. ૦૭–૪૩, રાત્રે ક. ૧૯–૫૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – ચતુર્થી. ચતુર્થી શ્રાદ્ધ, પંચમી શ્રાદ્ધ, કૃત્તિકા શ્રાદ્ધ. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય–બુધ ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, ઉંબરાનું વૃક્ષ વાવવું, નિત્ય થતાં પશુ લેવડદેવડ, ખેતીવાડીના કાર્યો, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન. શ્રાદ્ધ મહિમાઃ ચતુર્થી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું,અવિવાહિત મૃત્યુ પામેલાનું શ્રાદ્ધ આજ રોજ કરવું. પિતૃઓનું શ્રાદ્ધ શ્રદ્ધ અને અંતરાત્માના આનંદના ભાવ સાથે કરવું જાઇએ. પિતૃઓનાં ઉદ્ધાર એવા ભાવ સાથે શ્રાદ્ધ કરવું જોઇએ. શાસ્રોમાં અગ્નિદેવને પિતૃઓ સુધી હવિશ્ય અન્ન (આહુતિ) પહોંચાડનાર મુખ માનવામાં આવે છે. તેથી કૃત્તિકા નક્ષત્રમાં કરવામાં આવતું અન્નદાન અને તર્પણ પિતૃઓ સુધી તુરંત પહોંચે છે. નારદ પુરાણ અને હેમાદ્રિ જેવા શાસ્રગ્રંથો મુજબ કૃત્તિકા નક્ષત્રમાં શ્રાદ્ધ કરવાથી સાધકની પાપમાંથી મુક્તિ થાય છે અને તમામ સતકામનાઓ પૂર્ણ થાય છે. આજ રોજ તીર્થસ્નાન તર્પણનો મહિમા છે.
- આચમનઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ નાણાં વ્યવહારમાં સાવધાની દાખવવી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ. ચંદ્ર કૃત્તિકા યુતિ થાય છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ, ૧૦ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય– કન્યા, મંગળ–કર્ક માર્ગી, બુધ–કન્યા માર્ગી, ગુરુ–કર્ક, શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# બાંગ્લાદેશ માટે અણુ ઈંધણ લઈ જતા રશિયન વિમાનને અટકાવ્યું પાકિસ્તાને

નવી દિલ્હીઃ બાંગ્લાદેશ પાકિસ્તાન સાથેના સંબધોનું નવઘડતર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે ત્યારે પાકિસ્તાને બાંગ્લાદેશના રુપુપર પાવર પ્લાન્ટ માટે અણુ ઈંધણ લઈ જતા રશિયન વિમાનને પોતાની હવાઈસીમામાં રોક્યું હતું. જ્યારે બાંગ્લાદેશ દાયકાઓની સૌથી મોટી વીજ કટોકટીનો સામનો કરી રહ્યું છે ત્યારે પાકિસ્તાને રશિયન વિમાનને પોતાની હવાઈસીમામાંથી જવા દીધું નહોતું. બાંગ્લાદેશના પ્રથમ અણુ ઊર્જા પ્લાન્ટના બીજા યુનિટ માટેનું ઇંધણ ૨૪ સપ્ટેમ્બરે આવવાનું હતું. બાંગ્લાદેશ

વીજ કટોકટીને લીધે તેનો પહેલો અણુ પ્લાન્ટ વહેલો ચાલુ થાય એમ ઈચ્છે છે એ સમયે પાકિસ્તાને સહકાર આપ્યો નથી. પાકિસ્તાનના ઈનકારને લીધે આ પ્લાન્ટને ઈંધણની ડિલિવરી અને તેના ચાલુ થવાનું વિલંબમાં આવી જશે. રશિયાની સરકારી અણુ ઊર્જાની કંપની રોસાતોમ રુપપુર પ્રોજેક્ટને કાર્યાન્વિત કરી રહી છે અને તે બાંગ્લાદેશને યુરેનિયમ આપવા જવાબદાર છે.

બાંગ્લાદેશના વિજ્ઞાન અને તંત્રજ્ઞાનના પ્રધાન ફકિર મહબુબે કબૂલાત કરી હતી કે પાકિસ્તાને વિમાનને જવાની બહાલી આપી નહોતી. તેમણે કહ્યું હતું કે આ માટે ઈસ્લામાબાદે કોઈ કારણ આપ્યું નથી. આ વિમાન અઝેબૈજાન, કઝાખસ્તાન, પાકિસ્તાન અને ભારત થઈને ઢાકા જવાનું હતું. પ્રધાને કહ્યું હતું કે પાકિસસ્તાને તેની હવાઈસીમા વાપરવાની પરવાનગી આપી નહોતી. પાકિસ્તાને બહાલી કેમ ન આપી એના કારણની જાણકારી નથી.

બાંગ્લાદેશના અખબારી અહેવાલો કહે છે કે પાકિસ્તાને છેક છેલ્લી ઘડીએ પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હો. જોકે બાંગ્લાદેશ અટોમિક એનર્જી કમિશને સ્પષ્ટ રીતે એ કહ્યું નહોતું કે કયા દેશે પરવાનગી આપી નહોતી.

બાંગ્લાદેશના વિજ્ઞાન મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી તહીદુલ ઈસ્લામે કહ્યું હતું કે વિમાનમથકે બધી તૈયારી પૂરી થઈ ગઈ હતી ત્યારે કંપની રોસાતોમે જાણ કરી હતી કે વિમાનને પરવાનગી નથી મળી. હવે વૈકલ્પિક રૂટથી બાંગ્લાદશને ઈંધણ આપવામાં આવશ. હવે ઈંધણનો પુરવટો ઑક્ટોબરમાં મળશે. કંપનીએ બાંગ્લાદશને ખાતરી આપી છે કે આ બનાવને લીધે પ્રોજેક્ટના ચાલુ થવામાં કોઈ વિલંબ નહીં થાય.(એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારતની દીકરીઓની

પચીસ બ્રૉન્ઝ મેડલ સામેલ હતા. શૂટર નીરુ ઢાંડાની એકાગ્રતામાં વરસાદને લીધે ખલેલ પહોંચી હતી, પરંતુ તેણે વિચલીત થયા વગર લક્ષ્ય પર જ ધ્યાન આપ્યું હતું અને એશિયન રેકૉર્ડ સાથે સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. ફાઇનલ્સમાં ૨૮ના સ્કોર સાથે તેણે આ વખતની એશિયન ગેમ્સમાં ભારતને શૂટિંગનો પ્રથમ ગોલ્ડ મેડલ પણ અપાવ્યો હતો.

### જ્ઞાનેશકુમારને હટાવવાની

જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ બાબતનો ઉલ્લેખ કરનારા વરિષ્ઠ વકીલ વિકાસ સિંહે બેન્ચને જણાવ્યું હતું કે કાયદાકીય માળખા મુજબ બહુ સભ્ય ધરાવતા ચૂંટણી પંચના નિર્ણયો સર્વાનુમતે અથવા બહુમતીના આધારે લેવા જોઈએ.

તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પંચ જે રીતે કાર્ય કરી રહ્યું છે તે ગંભીર શંકાઓ પેદા કરે છે કે શું તેના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવી રહ્યા છે કે નહીં.

ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, અમે તેના પર આવતા અઠવાડિયે સુનાવણી કરીશું. પટણાના રહેવાસી રાકેશ કુમાર સિંહ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીમાં સુપ્રીમ કોર્ટને એ નક્કી કરવાની વિનંતી કરવામાં આવી છે કે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઇસી) જ્ઞાનેશ કુમાર વ્યક્તિગત રીતે ચૂંટણી પંચની સામૂહિક સત્તાઓનો ઉપયોગ કરી રહ્યા છે અને જો એમ હોય તો આવી કાર્યવાહીને અનધિકૃત જાહેર કરતા યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે નિર્દેશ આપવામાં આવે કે પ્રતિવાદી નંબર ૩ (સીઈસી) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરનાં કાર્યો ન કરે. આ સમયગાળા દરમિયાન કમિશનનું કાર્ય પ્રતિવાદી નંબર-૪ (સુખબીર સિંહ સંધુ) અને પ્રતિવાદી નંબર ૫ (વિવેક જોશી) ના સર્વસંમતિથી નિર્ણય દ્વારા હાથ ધરવામાં આવશે અને નિર્દેશ આપવામાં આવે કે ખાલી થયેલી જગ્યા પર નિમણૂક ભારતના માનનીય મુખ્ય ન્યાયાધીશની બનેલી સમિતિની ભલામણ પર કરવામાં આવે.

અરજીમાં જણાવાયું છે કે, આ અરજીની અંતિમ સુનાવણી બાકી હોવાથી પ્રતિવાદી નંબર - ૩ને ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કાર્ય કરવાથી સસ્પેન્ડ કરવામાં આવે, જેથી ચૂંટણી પંચનું એક કરતા વધુ સભ્ય ધરાવતું માળખું ફરીથી સ્થાપિત કરી શકાય. (એજન્સી)■

### જ્ઞાનેશકુમારે રાજીનામું

રાજીનામું આપવું જ પડશે, એમ તેમણે કહ્યું હતું.

મહિલાઓ પરના અત્યાચારના મુદ્દે તેમણે કહ્યું હતું કે, મહિલાઓ વિરુદ્ધ થતા ગુનાઓ માટે તેમને સજા કરવાનું બંધ કરો. આપણા દેશભરમાં મહિલાઓ રસ્તા પર ચાલતા ડરે છે, છેડતી થવાનો ડર અનુભવે છે અને બળાત્કારનો ભય સેવે છે. અને સરકારનો જવાબ શું હોય છે ? ઘરે રહો. આ પિતૃસત્તાક માનસિકતાનું પરિણામ છેઃ એક એવી વ્યવસ્થા જે પીડિતને દોષિત ઠેરવે છે અને ગુનેગારને બચાવે છે. હવે તેને તોડી પાડવાનો સમય આવી ગયો છે.

તેમણે કહ્યું કે મહિલાઓને ઘરમાં કેદ કરી રાખવી એ ઉકેલ નથી. સાચો ઉકેલ એ છે કે આપણા રસ્તાઓને સુરક્ષિત બનાવવા, મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરતા પુરુષોની માનસિકતાનો સામનો કરવો અને તેમના પર હુમલો કરનારાઓને તાત્કાલિક અને કોઈપણ અપવાદ વિના સજા કરવી.''

### સીઈસી સામેની

નહોતા.

ચૂંટણી પંચની કામગીરી અને મતદારયાદી સુધારણા પ્રક્રિયા - સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)માંની કહેવાતા ગેરવહીવટને મુદ્દે વિપક્ષો દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારનું રાજીનામું માગી રહ્યા છે.

માર્ક્સવાદી પક્ષના મહામંત્રી એમ. એ. બેબી આમ આદમી પક્ષના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને રવિવારે મળ્યા હતા, જ્યારે તૃણમૂલ કૉંગ્રેસના ડેરેક ઓ'બ્રાયન આમ આદમી પક્ષના રાજ્યસભામાંના સાંસદ સંજય સિંહને મંગળવારે સવારે મળ્યા હતા અને વિપક્ષોની આ નોટિસ માટે 'આપ'નો ટેકો માગ્યો હતો.

અગાઉ, દ્રમુકનાં નેતા કનિમોઝી કોલકાતામાં ૧૭ સપ્ટેમ્બરે તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં મમતા બેનરજીને મળ્યા હતા.

સૂત્રોએ દાવો કર્યો હતો કે 'આપ' અને 'દ્રમુક' મુખ્ય ચૂંટણી કમિશનરને હોદ્દા પરથી દૂર કરવાની દાદ ચાહતી નોટિસ સંબંધે વિપક્ષને ટેકો આપવા રાજી થયા હતા.

અગાઉ, 'આપ'ના કૉંગ્રેસ સાથેના સંબંધ વણસતા તે વિપક્ષોના સંગઠન 'આઇએનડીઆઇએ બ્લૉક'માંથી ૨૦૨૫ની જુલાઇએ નીકળી ગયો હતો. (એજન્સી)

### અમેરિકા સાથેના

સોસાયટીના કાર્યક્રમમાં નવી દિલ્હી અને વૉશિંગ્ટન વચ્ચેના સંબંધના બદલાઇ રહેલા દૃષ્ટિકોણ અને ગતિશીલતાના મુદ્દે વાત કરી હતી. આ પ્રસંગે અમેરિકાના ભૂતપૂર્વ રાજદ્વારી ડેનિયલ રસેલ પણ હાજર રહ્યા હતા.

વિદેશ પ્રધાને જણાવ્યું હતું કે ભારતના આર્થિક માળખાએ વેપારને લગતી વાટાઘાટને ધારણા કરતાં વધારે ગૂંચવણભરી બનાવી હતી. આ ઉપરાંત, અમેરિકાના ટૅરિફ માળખામાંના ફેરફારને લીધે દ્વિપક્ષી સંબંધની પ્રગતિમાં અનિશ્ચિતતા વધી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં નાના ઉત્પાદકો, કૃષિ ઉત્પાદકો અને કારખાના મોટી સંખ્યામાં છે અને તે બધાના હિતને ધ્યાનમાં રાખીને બીજા દેશ સાથે વેપારને લગતી વાટાઘાટ કરવી પડે છે. આજે વેપારને લગતા કરારના સંબંધમાં થોડી વધુ સમજણ આવી છે, પરંતુ અમેરિકા દ્વારા ટૅરિફના માળખામાં કરાઇ રહેલા ફેરફારને લીધે ગૂંચવણ ઊભી થાય છે.

જયશંકરે જણાવ્યું હતું કે પાકિસ્તાન દ્વારા ત્રાસવાદીઓની મદદથી કરાઇ રહેલા હુમલા ભારત માટે ચિંતાનો વિષય છે. વૉશિંગ્ટન દ્વારા તેને ધ્યાન પર નહિ લેવાથી પણ અમેરિકા સાથેના સંબંધને માઠી અસર થાય છે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભા સમક્ષ હકીકતને ખોટી રીતે રજૂ કરી હતી. ઇસ્લામાબાદ દ્વારા જ ત્રાસવાદ ફેલાવાય છે. (એજન્સી)

### મોંઘી દવાને

પાસેથી વસૂલવામાં આવે છે.

બૅન્ચે કેન્દ્ર વતી અદાલતમાં હાજર રહેલા સૉલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે કૉર્પોરેટ હૉસ્પિટલો કોઇને છોડતી નથી. તેઓ પૂરું બિલ ન ચૂકવાય ત્યાં સુધી મૃતદેહને પણ લઇ જવા નથી દેતી. ફાર્મા સૅક્ટરને સામાન્ય દરદીઓની કંઇ પડી જ નથી.

ઔષધોના ભાવ નિયંત્રણમાં રાખવા માટે પગલાં લેવાની દાદ ચાહતી અરજીની સર્વોચ્ચ અદાલતે સુનાવણી હાથ ધરી હતી.

તુષાર મહેતાએ કબૂલ કર્યું હતું કે ઔષધોના ભાવના સંબંધમાં કોઇ સમતુલિત માળખું તૈયાર થવું જોઇએ.

જસ્ટિસ મહેતાએ સવાલો કર્યા હતા કે દવાના ભાવમાં આટલો બધો તફાવત કેમ? આ કિસ્સામાં જરૂરી કે બિનજરૂરીનો પ્રશ્ન જ ક્યાં આવે છે? બધી દવામાં નફાનો ગાળો ૧૬ ટકા સમાન શું કામ ન રાખી શકાય?

તેમણે જણાવ્યું હતું કે દવાની કિંમતમાં લેવાતા મોટા નફાને લીધે છેવટે કરદાતાઓ અને સામાન્ય દરદીઓએ જ સહન કરવું પડે છે. કૉર્પોરેટ હૉસ્પિટલો કૅન્સરની રૂપિયા ૨,૭૦૦ની દવાના દરદીઓ પાસેથી રૂપિયા ૨૭,૦૦૦ વસૂલ કરે છે. આ નફો બહુ જ વધારે ગણાય.

જસ્ટિસ મહેતાએ જણાવ્યું હતું કે કૉર્પોરેટ હૉસ્પિટલો દરદીને દવા પોતાની હૉસ્પિટલમાંની કે ચોક્કસ દવાની દુકાનમાંથી જ ખરીદવાનો આગ્રહ રાખે છે. જો દરદી સરકારી યોજનાના લાભ લઇને હૉસ્પિટલમાં સારવાર કરાવતો હોય, તો છેવટે આર્થિક બોજો કરદાતાઓ પર આવે છે. સરકાર દવામાં નફાનો ગાળો ઓછો અને સમાન રાખવા પગલાં શું કામ નથી ભરતી? દરેક ઔષધ જીવનાવશ્યક વસ્તુઓના ધારા હેઠળ જ આવે છે. અમને એ નથી સમજાતું કે સરકાર દવામાં નફાનો ગાળો શું કામ નક્કી નથી કરતી?

સૉલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે મને લાગે છે કે દવાના ઊંચા ભાવનો લાભ ઔષધ બનાવતી કંપનીઓને નહિ, પરંતુ ખાનગી હૉસ્પિટલો લઇ રહી છે. સરકારને આ સંબંધમાં અહેવાલ સુપરત કરવા બે અઠવાડિયાં આપો.

બૅન્ચ આ કેસની વધુ સુનાવણી ૧૨ ઑક્ટોબરે કરશે. તેની પહેલાં કેન્દ્રને જવાબ આપવા આદેશ અપાયો હતો. (એજન્સી)

### એસ્સાર અમેરિકામાં

મેટાલિક્સના ચેરમેન અને તેમના પુત્ર રેવાંત રુઈયા હાજર રહ્યા હતા.

ભારતના એસ્સાર ગ્રૂપની માલિકીની મિનેસોટા સ્થિત મેસાબી મેટાલિક્સ બાંધકામના તબક્કે આઠ હજારના વધુ રોજગાર સર્જશે અને બાંધકામ અને પહેલા દસ વર્ષના ઑપરેશન્સમાં ૯૫ અબજ ડૉલરનું ઇકોનોમિક આઉટપુટ આપશે.

કંપની મેસાબી આયર્ન રેન્જના નાશવૌકમાં મિનેસોટા ખાણને વિકસાવી રહી છે. આ કંપની દર વર્ષે લોખંડની ૭૫ લાખ ટન કાચી ધાતુ બનાવશે. પચાસ વર્ષમાં પહેલી વાર અમેરિકામાં લોખંડની ધાતુ બનાવશે.

રેવાંત રુઈયાએ કહ્યું હતું કે અમેરિકન સ્ટીલ માટે આ યાદગાર ક્ષણ છે. મેસાબી મેટાલિક્સ માટે પણ આ એક સીમાચિહ્ન છે. અમે ફુલી ઈન્ટીગ્રેટેડ સ્ટીલ બિઝનેસ ઊભો કરીશું. રુઈયાએ અમેરિકમાં નવી વસ્તુ બનાવાનું મહત્ત્વ પાછું લાવવા માટે ટ્રમ્પનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કેમારો જન્મ ભારતમાં થયો હતો. મેં ન્યૂ યોર્કમાં હાઈ સ્કૂલ કરી હતી અને મારું એમબીએ કેલિફોર્નિયામાંથી કર્યું હતું. મેં મારું અડધું જીવન અમેરિકામાં ગાળ્યું છે આથી મને આ રોકાણની જાહેરાત કરતા આનંદ થાય છે. આ મારું પુનરાગમન છે.

રવિ રુઈયાએ કહ્યું હતું કે એસ્સારના સ્ટીલના અનુભવના આધારે આ રોકાણ કરાશે અને આ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો મજબૂત બનાવશે.

### મોદીની ડિગ્રી

યુનિવર્સિટી તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે કેજરીવાલે આ મામલાને સતત ખેંચ્યો છે અને પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં યુનિવર્સિટીને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ખર્ચ (દંડ)નો હેતુ આરટીઆઈ પદ્ધતિના દુરુપયોગને રોકવાનો કરવાનો છે.

આ વિવાદ ૨૦૧૬નો છે, જ્યારે કેજરીવાલે સીઆઈસીને મોદીની શૈક્ષણિક લાયકાત વિશે માહિતી માગતો પત્ર લખ્યો હતો. તત્કાલીન સીઆઈસી કમિશનર એમ. શ્રીધર આચાર્યુલુએ દિલ્હી યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીને મોદીની ડિગ્રીઓ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીએ આ આદેશને પડકાર્યો હતો, જેના કારણે હાઇ કોર્ટે તેના અમલ પર રોક લગાવી હતી.

માર્ચ ૨૦૨૩માં, સિંગલ જજે સીઆઈસીના નિર્દેશને રદ કર્યો હતો, જેમાં કમિશનના અભિગમને જ્યુડિશિયલ એક્ટિવિઝમ ગણાવવામાં આવ્યો હતો અને કેજરીવાલ પર રૂ. ૨૫,૦૦૦ દંડ લાદ્યો હતો. તે આદેશ સામેની તેમની અપીલ હવે ફગાવી દેવામાં આવી છે.

### એફબીઆઇની

જેવા ગુનાઓમાં સામેલ રહી છે.

એફબીઆઇએ સોમવારે જણાવ્યું હતું કે,''લોરેન્સ બિશ્નોઈ ગૅન્ગમાં કથિત સંડોવણીના કારણે તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ ગૅન્ગ દક્ષિણ કેલિફોર્નિયા તેમજ આખા અમેરિકા અને કૅનેડામાં વિવિધ હિંસક કૃત્યોમાં સામેલ રહી છે. તપાસ એજન્સીએ ચેતવણી આપી હતી કે ગોલ્ડી પાસે હથિયાર હોઈ શકે છે, તે ખતરનાક છે અને તે ફરાર થાય તેવી શક્યતા છે.

એફબીઆઇએ જણાવ્યું હતું કે ગોલ્ડી કથિત રીતે રાજકીય અને ધાર્મિક હસ્તીઓની હત્યાઓ, ગોળીબાર, હત્યા, અપહરણ, ખંડણી, મારપીટ અને માદક પદાર્થો તથા હથિયારોની હેરાફેરીમાં છે. ગોલ્ડી અમેરિકામાં રહે છે અને ઉત્તર અમેરિકામાં આ ગેંગનો કથિત નેતા છે. અગાઉ આસિસ્ટન્ટ યુએસ એટોર્ની બિલ એસેલીએ કહ્યું હતું કે, ''એફબીઆઇની 'ટોપ ટેન મોસ્ટ વૉન્ટેડ ભાગેડુઓની યાદીમાં આ આરોપીનો સમાવેશ એ વાત પર ભાર મૂકે છે કે આ વહીવટીતંત્ર આંતરરાષ્ટ્રીય ગુનાહિત ગેંગ સામે કાયદાની સંપૂર્ણ તાકાતનો ઉપયોગ કરવા માટે મક્કમ છે. કેનેડા, યુરોપ અને એશિયાની એજન્સીઓ સાથે મળીને અમે 'ગોલ્ડી' જેવા ગુનેગારોને પકડવા માટેની કાર્યવાહી કરતા રહીશું અને ખાતરી કરીશું કે તેઓ ફરી ક્યારેય જેલની બહાર ન આવે.'' (એજન્સી)

### ગુજરાતમાં

કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં તેમણે ડેન્ગ્યૂના ઝડપી નિદાન માટે રાજ્યની મેડિકલ કોલેજો સાથે સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં ઉપલબ્ધ નિદાન કેન્દ્રોની કામગીરી અને સીરમ સેમ્પલના ટેસ્ટિંગની પરિસ્થિતિની ચકાસણી કરી હતી. આ ઉપરાંત, તેમણે રાજ્યભરમાં વાહકજન્ય રોગોના અટકાયતી પગલાંરૂપે ચાલી રહેલી 'હાઉસ ટુ હાઉસ' સર્વેલન્સ ઝુંબેશની માહિતી મેળવીને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા. પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૬માં રાજ્યમાં મલેરિયાના કેસોમાં ૨૨ ટકા અને ડેન્ગ્યૂના કેસોમાં ૩૯.૬ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યની મેડિકલ કોલેજો સાથે સંલગ્ન ૪૨ હોસ્પિટલોના નિદાન કેન્દ્રો દ્વારા ડેન્ગ્યૂના શંકાસ્પદ ૧.૩૫ લાખથી વધુ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨,૦૯૯ કેસ પોઝિટિવ નોંધાયા હતા.

### ગાંધીનગરની

પૂર્વ મહામંત્રીની ફરજ બજાવી ચુક્યા છે. સરદારધામ (વિશ્વ પાટીદાર સમાજ) અમદાવાદમાં તેઓ ઉપપ્રમુખ છે. તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે. વોર્ડ નંબર ૧૦માંથી ચૂંટણી લડી રહેલા ૫૭ વર્ષીય ઉમેદવાર ગૌરાંગ પટેલનું સોગંદનામું તેમની અસાધારણ આર્થિક સદ્ધરતા દર્શાવે છે. ગૌરાંગ પટેલે માત્ર ધોરણ-૯ સુધીનો જ અભ્યાસ કર્યો છે. ઓછું ઔપચારિક શિક્ષણ હોવા છતાં તેઓ અને તેમના પત્ની વિવિધ બેંક ખાતાઓમાં કરોડો રૂપિયાની ફિક્સ્ડ ડિપોઝિટ અને રોકડ થાપણો ધરાવે છે. તેમની પાસે રૂ. ૫.૪૦ કરોડનું મૂલ્ય ધરાવતો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ બંગલો તથા વિશાળ ફાર્મહાઉસ છે. સામાન્ય વાહનોને બદલે તેઓ ટોચની લક્ઝરી બ્રાન્ડ્સના શોખીન છે. તેમના કાફલામાં રેન્જ રોવર, બીએમડબલ્યુ અને ટોયોટા ઇનોવા જેવી લક્ઝુરિયસ કાર છે, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

જોકે માત્ર ભાજપ જ નહીં પરંતુ વિપક્ષના ઉમેદવારો પણ કરોડોની સંપત્તિ ધરાવે છે. કૉંગ્રેસના ઉમેદવાર યુનુસ પરમાર દ્વારા રજૂ કરાયેલા એફિડેવિટ મુજબ તેમની પાસે કુલ ૯.૨૧ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરવામાં આવી છે.

# રાજકોટ શહેરમાં નકલી ચલણી નોટો બનાવવાનો પર્દાફાશ, શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરમાં ભારતીય ચલણની બનાવટી નોટો બનાવવાની ગેરકાયદેસર પ્રવૃત્તિનો રાજકોટ શહેર એસઓજી અને ડીસીબી પોલીસે પર્દાફાશ કર્યો હતો. પોલીસે શ્યામ હિરણ પાર્ક વિસ્તારમાં દરોડો પાડી બનાવટી નોટો બનાવતા એક શખ્સને ઝડપી પાડ્યો હતો. આરોપીના રહેણાંક મકાનમાંથી બનાવટી નોટો ઉપરાંત પ્રિન્ટર, સ્કેનર, સીપીયુ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસને મળેલી બાતમીના આધારે તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાજકોટ શહેરના શ્યામ હિરણ પાર્ક, શેરી નંબર-૩, હિંગળાજ પ્રોવિઝન સ્ટોર સામે સાતાર મકાનની બાજુમાં આવેલા રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે કિશન ભૂપેન્દ્રભાઈ સોલંકી, ઉંમર ૩૦ વર્ષ, રહે. શ્યામ હિરણ પાર્ક, શેરી નં.૩, હિંગળાજ પ્રોવિઝન સ્ટોર સામે, નડાડુંગર, ભાવનગર રોડ, રાજકોટને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીના કબજામાંથી ભારતીય ચલણની રૂ.૧૦૦ના દરની ૨૧૬ બનાવટી નોટો તથા રૂ.૫૦૦ના દરની ૩ બનાવટી નોટો મળી કુલ ૨૧૯ બનાવટી નોટો કબજે કરી હતી.

આ ઉપરાંત પોલીસે બનાવટી નોટો તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતું હોવાનું જણાવાયેલું કોમ્પ્યુટર સાધન અને અન્ય સામગ્રી પણ કબજે કરી છે.

પોલીસે સ્થળ પરથી આઈવોમી કંપનીનું સીપીયુ, મોનિટર, કેનન કંપનીનું પ્રિન્ટર-સ્કેનર, એચપી કંપનીનું પ્રિન્ટર, લેમિનેટર હીટર મશીન, બટર પેપર તથા રૂ.૧૦૦ની નોટની પ્રિન્ટવાળા કાગળો કબજે કર્યા છે. આ ઉપરાંત એક આધારકાર્ડ અને એપલ કંપનીનો મોબાઇલ ફોન પણ પોલીસે જપ્ત કર્યો હતો. પોલીસે કબજે કરેલા સમગ્ર મુદ્દામાલની કુલ કિંમત આશરે રૂ.૬૫,૫૦૦ હોવાનું જણાવાયું હતું.

પોલીસ તપાસમાં આરોપી કિશન સોલંકી વિરુદ્ધ અગાઉ પણ રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સંબંધિત ગુનો તેમજ રાજકોટ શહેર એ- ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જી.પી. એક્ટ હેઠળનો ગુનો નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે.

આ મામલે ડીસીપી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે. બનાવટી નોટો ક્યાં અને કોના મારફતે ચલાવવાની હતી તેમજ આ પ્રવૃત્તિમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# જેતપુર તાલુકાના વીરપુર અને પીઠડીયા ગામના ખેડૂતોનો જેટકોની વીજ ટાવર લાઇન સામે ઉગ્ર વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જિલ્લાના જેતપુર તાલુકાના વીરપુર અને પીઠડીયા ગામના ખેડૂતોએ જેટકોની વીજ ટાવર લાઇન સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અંદાજે ૬૦ વર્ષ પહેલાં નાખવામાં આવેલા આ ટાવર્સનું આજદિન સુધી કોઈ પણ ખેડૂતને વળતર આપવામાં આવ્યું નથી, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જેતપુર-મેવાસા લાઇન નંબર ૨ ની ૬૬ કેવી વીજ લાઇનનો કંડક્ટર (વાયર) સવારના સુમારે અચાનક તૂટી ગયો હતો. આ વાયરને રિપેર કરવા માટે જેટકોના અધિકારીઓ અને ટેકનિકલ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જો કે, અગાઉથી જ રોષે ભરાયેલા ખેડૂતોએ ટીમને કામગીરી અટકાવી દીધી હતી, જેના કારણે ખેડૂતો અને જેટકોના અધિકારીઓ વચ્ચે ઉગ્ર ચર્ચા અને બોલાચાલી થઈ હતી.

ખેડૂતોનું મુખ્ય કહેવું છે કે આ વીજ ટાવર અને લાઇન અંદાજે ૬૦ વર્ષ પહેલાં નાખવામાં આવ્યા હતા. આટલા વર્ષો વીતી જવા છતાં કોઈપણ ખેડૂતને જમીનનું વળતર આપવામાં આવ્યું નથી. તેમજ લાઇન રિન્યુ કરવા કે ખેડૂતોને વળતર ચૂકવવા બાબતે વિભાગ દ્વારા આજદિન સુધી કોઈ જ સકારાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. ખેડૂતોએ આક્ષેપ કર્યો છે કે જેટકોની ટીમ અવારનવાર રિપેરિંગ માટે આવે છેપરંતુ ખેડૂતોની સમસ્યા સાંભળવા તૈયાર નથી. જમીન અમારી માલિકીની છે, કોઈ જેટકોની નહીં તેમ સ્પષ્ટ જણાવીને ખેડૂતોએ અનોખો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ખેડૂતોએ સ્થળ પર જ બેસીને ડુંગળી અને રોટલો ખાઈને સરકાર અને તંત્ર સામે વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોની માંગ છે કે તાત્કાલિક ધોરણે યોગ્ય સર્વે કરી ખેડૂતોને વળતર ચૂકવવામાં આવે અથવા નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરવામાં આવે, નહીંતર આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. ■

# રાજકોટમાં ક્રેનની અડફેટે ૩૯ વર્ષીય યુવકનું મોત

## પરિવારજનોનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરના વાવડી ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ખોડીયાર હોટલ નજીક ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. ભગવતી ક્રેનના ચાલકે બેદરકારીપૂર્વક ક્રેન હંકારી ૩૯ વર્ષીય આમદભાઈ શેખને અડફેટે લીધા હતા. અકસ્માત બાદ પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, આમદભાઈ શેખ ખોડીયાર હોટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન ભગવતી ક્રેનના ચાલકે તેમને આગળથી ટક્કર મારી હતી. ક્રેનની ટક્કરથી આમદભાઈ શેખ રોડ પર પટકાયા હતા. આ દરમિયાન ક્રેન ચાલકે ક્રેનને રિવર્સ લેતા આમદભાઈ શેખ તેની નીચે આવી ગયા હતા અને ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા.

ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત આમદભાઈને સારવાર માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જોકે, ગંભીર ઈજાઓના કારણે તેમનું મોત નીપજ્યું હતું.

અકસ્મતમાં ૩૯ વર્ષીય આમદભાઈ શેખનું મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પરિવારજનો દ્વારા ક્રેન ચાલક સામે કડક કાર્યવાહી અને ન્યાયની માંગ કરવામાં આવી રહી છે. જ્યાં સુધી પરિવારને ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા અકસ્માત અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. ક્રેન ચાલકની ભૂમિકા, અકસ્માત કેવી રીતે સર્જાયો અને ટક્કર બાદ ક્રેન રિવર્સ કેમ લેવામાં આવી સહિતના મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે. પરિવારજનોની માંગ અને પોલીસની કાર્યવાહી બાદ સમગ્ર મામલે આગળની સ્થિતિ સ્પષ્ટ થશે. ■

# સુરેન્દ્રનગરના ઢીંકવાળી ગામે તળાવમાં ન્હાવા ગયેલા ત્રણ યુવકો ડૂબ્યા, બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના સાયલા તાલુકાના ઢીંકવાળી ગામની સીમમાં આવેલા તળાવમાં ન્હાવા ગયેલા ત્રણ યુવકો પૈકી બે યુવકો પાણીમાં ડૂબી જતા કરુણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. જ્યારે ગ્રામજનોએ તાત્કાલિક દોડી જઈ ત્રીજા યુવકને સલામત રીતે બહાર કાઢ્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો તળાવની પાળે દોડી આવ્યા હતા અને હૈયાફાટ આક્રંદના દ્રશ્યો સર્જાયા હતા.

મળતી માહિતી મુજબ, ગરમીથી રાહત મેળવવા માટે ત્રણ યુવકો ઢીંકવાળી ગામની સીમમાં આવેલા તળાવમાં ન્હાવા માટે ગયા હતા. ત્રણેય પાણીમાં ઉતર્યા બાદ અચાનક ડૂબવા લાગતા આસપાસના લોકોએ બૂમાબૂમ કરી હતી. આ દરમિયાન ગ્રામજનોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી એક યુવકને પાણીમાંથી બહાર કાઢી લીધો હતો, જ્યારે અન્ય બે યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

બનાવની જાણ થતાં જ ગામમાં ચકચાર મચી હતી અને પરિવારજનો સહિત ગ્રામજનોના ટોળેટોળા તળાવની પાળે ઉમટી પડ્યા હતા. સ્થાનિક તરવૈયાઓને બોલાવી તળાવમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ બંને યુવકોના મૃતદેહ તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, આ દુર્ઘટનામાં પૈકી કરાડી ગામના રહેવાસી ૨૪ વર્ષીય પ્રતાપભાઈ ટપુભાઈ ખાચર (કાઠી દરબાર) અને ઢીંકવાળી ગામના રહેવાસી ૨૦ વર્ષીય મેહુલભાઈ બાબુભાઈ (કાઠી દરબાર)નું ડૂબી જવાથી મોત થયું હતું. જ્યારે ત્રીજા યુવકને ગ્રામજનોએ સમયસર બચાવી લીધો હતો. ઘટનાની જાણ થતાં સાયલા પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પરિવારજનો દ્વારા કોઈ શંકા ન હોવાનું તેમજ બનાવ અકસ્માતે બન્યો હોવાનું જણાવાયું હતું. પરિવારજનોની રજૂઆતના આધારે પોસ્ટમોર્ટમ ન કરાવવાની કાર્યવાહી અંગે પણ પોલીસ દ્વારા નોંધ લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. નાના એવા ઢીંકવાળી ગામમાં એકસાથે બે યુવકોના મોતના સમાચારથી શોકનું મોજું ફરી વળ્યું હતું અને તળાવની પાળે પરિવારજનોના આક્રંદથી કરુણ વાતાવરણ સર્જાયું હતું. ■

# આગામી ત્રણ ઓક્ટોબરથી સાસણ ગીરમાં સિંહ દર્શન શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ સિંહ પ્રેમીઓ જેની કાગડોળે રાહ જોતા હોય છે તે સમય અંતે આવી ગયો છે. ચોમાસાની ઋતુ પૂર્ણ થતાં જ આગામી ૩ ઓક્ટોબરથી સાસણ ગીરમાં સિંહ દર્શન (જંગલ સફારી) પુન શરૂ કરવામાં આવશે. વન વિભાગ દ્વારા નવરાત્રીના પાવન અવસર પહેલાં જ પ્રવાસીઓ માટે ગીર અભયારણ્યનાં દ્વાર ખોલવાનો મહત્વનો નર્ણિય લેવામાં આવ્યો હતો. દર વર્ષે ચોમાસા દરમિયાન વરસાદની ઋતુ અને સિંહોના સંવર્ધનકાળને ધ્યાનમાં રાખીને ૧૫ જૂનથી ૩૦ સપ્ટેમ્બર સુધી ગીર જંગલ સફારી સત્તાવાર રીતે બંધ રાખવામાં આવે છે. આ નિયમ મુજબ સફારી બંધ રહેતી હોય છે, જે હવે ઓક્ટોબરના પ્રથમ સપ્તાહથી ફરી ધમધમતી થશે. નવરાત્રીના તહેવારની શરૂઆત પહેલા જ સફારી શરૂ થવાથી પ્રવાસીઓ અને પ્રકૃતિપ્રેમીઓમાં ભારે આનંદ જોવા મળી રહ્યો છે. સાસણ ગીરમાં સિંહ દર્શન માટે આવનાર પ્રવાસીઓ માટે ઓનલાઈન પરમિટ અને બુકિંગ સંબંધિત તમામ વિગતો વન વિભાગની અધિકૃત વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. તહેવારોની મોસમ, રજાઓ અને સહેલાણીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓએ છેલ્લી ઘડીની મુશ્કેલીથી બચવા અગાઉથી જ રજિસ્ટ્રેશન કરાવી લેવું હિતાવહ રહેશે. નવરાત્રી અને આગામી રજાઓની મોસમમાં ગીરની મુલાકાતે આવનાર સિંહપ્રેમીઓ માટે આ વર્ષે સિંહ દર્શનનો રોમાંચ વહેલો શરૂ થઈ રહ્યો છે, જેના લીધે પ્રવાસન ઉદ્યોગ ફરી ધમધમતો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# જામનગરના કાલાવડમાં શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ બનાવતી ડેરી પર એસ.ઓ.જી.ની રેડ, ૧૨૦૦ લિટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જિલ્લાના કાલાવડ શહેરમાં શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ બનાવતી ડેરી સામે જામનગર એસ.ઓ.જી. પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસને મળેલી બાતમીના આધારે ડેરી ખાતે દરોડો પાડી તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરોડા દરમિયાન સ્થળ પરથી આશરે ૧૨૦૦ લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ, ૭૫ કિલો વનસ્પતિ ઘી તથા ૭૫ કિલો દૂધ બનાવવાનો પાવડર મળી આવ્યો હતો. પોલીસે શંકાસ્પદ સામગ્રી કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા કબજે કરાયેલા દૂધ તથા અન્ય સામગ્રીના નમૂનાઓ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ સામગ્રીમાં ભેળસેળ કરવામાં આવી હતી કે કેમ તે અંગે જરૂરી તપાસ અને નમૂનાઓની ચકાસણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જામનગર એસ.ઓ.જી. પોલીસની આ કાર્યવાહીને પગલે ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■

# કચ્છમાં ૪૬ ગુનામાં સંડોવાયેલો મોસ્ટ વોન્ટેડ બુટલેગર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અબડાસાથી લઈને પૂર્વ કચ્છના અંજાર સુધી વિદેશી દારૂનું નેટવર્ક ચલાવતા અને છેલ્લાં ૬ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા કુખ્યાત બૂટલેગર ચનુભા ઉર્ફે રાસિયો તગજી સોઢાને પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુનાશોધક શાખાએ ૧૫ દિવસ લાંબા દિલધડક ઓપરેશન ખોજ અંતર્ગત ઝડપી પાડ્યો હતો. સરહદી રેન્જ આઈજી ચિરાગ કોરડિયા અને પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ એ. એમ. મકવાણાની ટીમે આ ગુનેગારને પકડવા વ્યૂહરચના ઘડી હતી. ભૂતકાળમાં પોલીસ પર હિંસક હુમલો કરી નજર સામેથી ફરાર થઈ જવાની ટેવ ધરાવતો રાસિયો ગામના સીમાડે ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં છુપાતો હતો. કોઈને શંકા ન જાય તે માટે એલસીબીના જવાનોએ ખેડૂત અને માલધારીનો વેશ ધારણ કરી ખાનાય ગામ અને સીમની કોતરોમાં સતત દિવસ-રાત વોચ ગોઠવી હતી. ઓપરેશનના ૧૫મા દિવસે બાતમી મળી હતી કે, રાસિયો કોતરોમાંથી નીકળી સીમ વિસ્તાર તરફ ગયો છે. ત્યારબાદ એક નજિન સ્થળે તે આશરો લઈને સૂતો હોવાની પાકી માહિતી મળતાં જ એલસીબીની ટીમ ત્રાટકી હતી. જરા પણ અવાજ થાય તો આરોપી ભાગી છૂટે તેમ હોવાથી, એલસીબી સ્ટાફના વીરેન્દ્રસિંહ જાડેજા, મયૂરધ્વજસિંહ જાડેજા અને શ્યામ ગઢવીએ ઝાડી-ઝાંખરાંની ઓથ લઈને જમીન પર સાપની જેમ ૨૦૦ મીટર સુધી સરકીને પહોંચી, ઊંઘતી હાલતમાં જ તેને દબોચી લીધો હતો. પોલીસ રેકોર્ડ મુજબ, આરોપી ચનુભા સોઢા વિરુદ્ધ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન અંજાર, ભચાઉ, દયાપર, નલિયા, નખત્રાણા, મુંદરા, માનકૂવા, ભુજ એ, પદ્ધર અને પ્રાગપર પોલીસ મથકોમાં પ્રોહિબિશન હેઠળ કુલ ૪૬ ગુના નોંધાયેલા છે. જે પૈકી વિવિધ પોલીસ મથકના ૯ ગુનામાં તે છેલ્લાં ૬ વર્ષથી વોન્ટેડ હતો. અગાઉ એપ્રિલ ૨૦૧૯માં તેને પાસા હેઠળ જેલહવાલે કરાયો હતો. ભૂતકાળમાં ખાનાયના જાલુભા મંગળસિંહ સોઢા અને ત્રગડીના યુવરાજસિંહ જાડેજા સાથે પાર્ટનરશિપમાં મંગાવાયેલા દારૂના કન્સાઇનમેન્ટમાં પણ તેની સંડોવણી ખૂલી હતી. ■

# કચ્છના સદીઓ જૂના અરબી-ફારસી શિલાલેખો ડિજિટાઇઝ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ) દ્વારા દેશભરના પ્રાચીન શિલાલેખોના એસ્ટામ્પેજને ડિજિટલ સ્વરૂપ આપવા હાથ ધરાયેલા મહત્ત્વાકાંક્ષી ભારતશ્રી પ્રોજેક્ટ અંતર્ગત કચ્છના સદીઓ જૂના ઐતિહાસિક અરબી-ફારસી શિલાલેખોને નવું જીવન મળશે. આ ડિજિટલ પહેલ થકી ભદ્રેશ્વર, લખપત અને જખૌ પંથકની અમૂલ્ય ઐતિહાસિક ધરોહર હવે વૈશ્વિક સ્તરે સંશોધકો, ઇતિહાસકારો તેમજ વિદ્યાર્થીઓ માટે આંગળીના ટેરવે ઉપલબ્ધ બનશે. મૂળ શિલાલેખને સહેજ પણ નુકસાન પહોંચાડ્યા વિના ભીના કાગળની ખાસ પદ્ધતિ વડે લેવાતી છાપ એટલે કે એસ્ટામ્પેજ પૈકી અનેક નકલો સદીઓ જૂની અને અત્યંત નાજુક સ્થિતિમાં છે. એએસઆઈના સત્તાવાર રેકોર્ડ અનુસાર ઉપલબ્ધ ૧૩,૮૭૫થી વધુ અરબી અને ફારસી નકલોનું ડિજિટાઇઝેશન કરી તેની સાથે ટ્રાન્સક્રિપ્શન અને સંબંધિત મેટાડેટા પોર્ટલ પર મૂકવામાં આવી રહ્યા છે, જેથી ભૌતિક ક્ષય સામે મૂળ સંદર્ભો કાયમ માટે સુરક્ષિત થઈ જશે. કચ્છના સાંસ્કૃતિક વારસામાં મુંદરા તાલુકાના ભદ્રેશ્વર ખાતે આવેલા ઈ.સ. ૧૧૫૯થી ૧૨૨૮ના સમયગાળાના મધ્યકાલીન કુફી શિલાલેખો મોખરાનું સ્થાન ધરાવે છે. એપીગ્રાફીયા ઇન્ડિકામાં નોંધાયેલા આ શિલાલેખો ભારતમાં મળેલા સૌથી પ્રાચીન પ્રમાણભૂત મુસ્લિમ શિલાલેખો પૈકીના છે, જેમાં અલંકૃત કુફી લિપિની અજોડ શૈલી કંડારાયેલી છે. ૧૨મી સદીની પ્રાચીન મસ્જિદો અને આ સ્થાપત્યો કચ્છના પશ્ચિમ સમુદ્રકાંઠાના ઇસ્લામી જગત સાથેના સદીઓ જૂના સંબંધોની સાક્ષી પૂરે છે. આ ઉપરાંત પશ્ચિમ કચ્છના લખપત અને જખૌ બંદરના પ્રાચીન કબ્રસ્તાનો અને ધાર્મિક સ્થાનો પર મોજૂદ અરબી-ફારસી શિલાલેખો પ્રદેશના પ્રાચીન દરિયાઈ વેપાર, તત્કાલીન વ્યક્તિવિશેષો અને ઐતિહાસિક કાલખંડની વિગતો ઉજાગર કરે છે. સદીઓથી પશ્ચિમ એશિયા અને આરબ રાષ્ટ્રો સાથે ધમધમતા વેપારી સંબંધોના અભ્યાસ માટે આ શિલાલેખો પ્રાથમિક સ્રોત સમાન છે. ભારતશ્રી પ્રોજેક્ટ હેઠળ થનારા ડિજિટલ સંરક્ષણથી કચ્છના આ સમૃદ્ધ ઇતિહાસને હવે ભૌગોલિક સીમાડા વટાવી વૈશ્વિક ફલક પર નવી ઓળખ પ્રાપ્ત થશે. ■

# પીપાવાવ કોસ્ટગાર્ડ સ્ટેશનમાં જવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ ખાતે આવેલા ઇન્ડિયન કોસ્ટગાર્ડ સ્ટેશનમાં એક જવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. સ્ટેશનની અંદર આવેલી મેચ બિલ્ડિંગમાં બનેલી આ ઘટનાની જાણ થતાં કોસ્ટગાર્ડના અધિકારીઓ અને કર્મચારીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, ધાર્મિક શાંતિલાલ કોટડીયા (ઉંમર ૨૮), મૂળ જૂનાગઢના રહેવાસી અને ઇન્ડિયન કોસ્ટગાર્ડમાં સિપાઈ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પીપાવાવ કોસ્ટગાર્ડ સ્ટેશન ખાતે ફરજ પર હતા. દરમિયાન સ્ટેશનની મેચ બિલ્ડિંગમાં તેમણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં પીપાવાવ મરીન પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજુલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જવાને કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી બહાર આવી નથી.

બનાવ અંગે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ઘટનાને પગલે કોસ્ટગાર્ડ સ્ટેશનમાં પણ શોકનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ અંગે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.કે. રાઠોડે જણાવ્યું હતું કે સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે રાજુલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ આપઘાતનું કારણ સહિતની વધુ વિગતો જાણવા મળશે. પોલીસ દ્વારા મૃતક જવાનના પરિવારજનોને જાણ કરવામાં આવી છે અને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ■

# તળાજામાં આજે વિનામૂલ્યે સહાયક સાધનોના વિતરણનો કેમ્પ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ખાતે વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનોના વિનામૂલ્યે વિતરણ માટેના કેમ્પનું આયોજન ગોપનાથ રોડ, લાટીબજાર, તળાજા ખાતે કરવામાં આવ્યું છે. આ શિબિર અંતર્ગત ભાવનગર જિલ્લાના ૮,૦૯૧ વરિષ્ઠ નાગરિકોની અગાઉ ઓળખ કરવામાં આવી હતી. ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના આવા અગાઉથી ઓળખાયેલા ૮૦૬ વરિષ્ઠ નાગરિકોને ૭૭,૯૫,૪૩૬ની કિંમતના કુલ ૪,૫૨૭ સહાયક સાધનોના વિનામૂલ્યે વિતરણ માટેનો કાર્યક્રમ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનાર છે. આ કેમ્પમાં વરિષ્ઠ નાગરિક લાભાર્થીઓને સામાન્ય અને કોમોડ વ્હીલચેર - ૧૩૬, ચાલવા માટેની લાકડીઓ (સામાન્ય, ટ્રાયપોડ અને ક્વાડ્રિપોડ) - ૫૬૫, શ્રવણ યંત્રો - ૭૩૨, બત્રીસી - ૯૬, કમરના પટ્ટા - ૫૮૭, ઘૂંટણના બ્રેસ - ૧૪૦૮, ખભાના બ્રેસ - ૮૦, વોકર્સ - ૧૬૫, સીટ કુશન - ૪૨૬, કોમોડ સ્ટૂલ - ૨૮૨, બેઠક સુવિધાવાળી ચાલવાની લાકડીઓ - ૪૦ સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવશે. ■

# ઉનામાં દબાણો સામે તંત્રનું ડિમોલેશન, ૨૭,૨૭૪ ચો.મી. સરકારી જમીન દબાણમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીરસોમનાથઃ જિલ્લાના ઉના તાલુકાના કાળાપાણ ગામે ગામતળ તથા ગૌચરની સરકારી જમીન પર થયેલા અનધિકૃત દબાણો સામે તાલુકા તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે વહેલી સવારે શરૂ થયેલી દબાણ હટાવવાની કામગીરી મોડી સાંજ સુધી ચાલી હતી. બે જેસીબી, ટ્રેક્ટરો તેમજ કર્મચારીઓના કાફલાની મદદથી ગેરકાયદેસર બાંધકામો, દુકાનો, ઓટલા અને વાડાઓ સહિતના દબાણો દૂર કરીસરકારીજમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ કાળાપાણ ગામમાં ગામતળ તથા ગૌચરની સરકારી જમીન પર લાંબા સમયથી વિવિધ પ્રકારના અનધિકૃત દબાણો થયેલા હતા. આ દબાણોમાં દુકાનો,ઓટલા,વાડા સહિતના બાંધકામોનો સમાવેશ થતો હતો. ગ્રામપંચાયત દ્વારાઅગાઉ સંબંધિત દબાણકર્તાઓને દબાણો સ્વેચ્છાએ દૂર કરવા માટે ત્રણ-ત્રણ વખત નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણો દૂર કરવામાં ન આવતા આખરે તંત્ર દ્વારા સ્થળ પર ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન ગ્રામ પંચાયતના સર્વે નંબર ૧૨૭ અને ૯૬ હેઠળ આવેલી ગૌચરની જમીન પૈકી આશરે ૩૬ હેક્ટર ૭૪ ગુંઠા એટલે કે ૨૩,૬૭૪ ચોરસ મીટર જમીન તથા ગામતળની આશરે ૩,૬૦૦ ચોરસ મીટર જમીન મળી કુલ ૨૭,૨૭૪ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરાવવામાં આવી હતી. આ જમીનની કુલ કિંમત આશરે રૂ.૧,૫૨,૨૯,૬૦૦ હોવાનું જણાવાયું હતું. ■

# રાજકોટમાં ફૂડ વિભાગની કાર્યવાહીઃ ૧૪૭ કિલો અખાદ્ય-વાસી જથ્થાનો નાશ, એક પેઢી સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને ગંદકી સામે સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન શહેરની કુલ ૩૮ પેઢી અને રેસ્ટોરન્ટની તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન કુલ ૧૪૭ કિલો અખાદ્ય અને વાસી જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે સ્ટોરેજ, લાઇસન્સ અને હાઇજેનિક કન્ડિશન બાબતે ૪ પેઢીને નોટિસ આપવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કુલ રૂ.૧૪ હજારનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત એક પેઢીને સીલ કરવામાં આવી હતી. નર્મિળા રોડ પર આવેલી દેવ ફાસ્ટ ફૂડ પેઢીમાં તપાસ દરમિયાન ફ્રીઝ, સ્ટોરેજ અને પ્રિપેરેશન એરિયામાં ગંદકી જોવા મળી હતી. મનપાના જણાવ્યા મુજબ સ્થળ પર વંદા, જીવાત અને ઉંદરનો ઉપદ્રવ પણ જોવા મળ્યો હતો. તપાસ દરમિયાન ૪૦ કિલો સડેલી




ડુંગળી, ગ્રેવી-પ્રિપેર્ડ મસાલો, ચટણી અને બાફેલા શાકભાજીનો ૪૫ કિલો જથ્થો, રાઈસ-નૂડલ્સ-મંચૂરિયન તથા કાપેલા શાકભાજીનો ૩૪ કિલો જથ્થો અને સોસ તથા લોટનો ૧૩ કિલો જથ્થો મળી આવ્યો હતો. આમ કુલ ૧૩૨ કિલો અખાદ્ય ખોરાકનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને રૂ.૧૦ હજારનો વહીવટી ચાર્જ વસૂલ કરી હાઇજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ અને નિયમિત પેસ્ટ કંટ્રોલ બાબતે નોટિસ આપવામાં આવી હતી. જ્યારે શક્તિ ઇન્ડસ્ટ્રીયલ એરિયા ખાતે આવેલા વિજય શીંગ સેન્ટરમાંથી રોસ્ટેડ પીનટ્સ અને રોસ્ટેડ ચણાના બે નમૂના લેવામાં આવ્યા હતા. પેઢીને નોટિસ આપી રૂ.૨ હજારનો વહીવટી ચાર્જ વસૂલાયો હતો. ભક્તિનગર સર્કલ પાસે આવેલી કિસ્મત એન્ટરપ્રાઇઝ (છાશ વાલા)માંથી ચોકલેટ લસ્સીનો નમૂનો લેવામાં આવ્યો હતો અને નોટિસ આપવામાં આવી હતી. રોલેક્સ રોડ પર આવેલી શ્રીજી ફાસ્ટફૂડમાં ફ્રીઝમાંથી ૪ કિલો પડતર/વાસી મીઠી ચટણી અને ૬ કિલો વડાપાઉ માટેનો પડતર મસાલો મળી કુલ ૧૦ કિલો જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને રૂ.૨ હજારનો વહીવટી ચાર્જ પણ વસૂલાયો હતો. બજરંગવાડી વિસ્તારમાં આવેલા શ્રીરામ ખમણમાંથી ૫ લિટર મીઠી ચટણીનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મનપાની ટીમે વિવિધ હોસ્ટેલ, કોલેજ, બેકરી, ડેરી, ફરસાણ, જનરલ સ્ટોર, આઈસ્ક્રીમ અને ફાસ્ટફૂડ પેઢીઓ સહિત બજરંગવાડી, મોટા મવા, મવડી, જામનગર રોડ અને શહેરના અન્ય વિસ્તારોમાં પણ તપાસ હાથ ધરી હતી. ફૂડ વિભાગ દ્વારા તપાસ દરમિયાન કુલ ૩ નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. લેબોરેટરીના પૃથ્થકરણ બાદ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે વધુ સ્પષ્ટતા થશે. મનપાના ફૂડ વિભાગે શહેરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા અને યોગ્ય સ્ટોરેજ જળવાય તે માટે સર્વેલન્સ ચેકિંગની કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવાની માહિતી આપી હતી. ■

# વર્સોવા ફાયર સ્ટેશનનું અનામત રદ કરવા સામે સત્તાધારી પક્ષનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વર્સોવામાં મ્હાડા કોલીનીમાં ફાયર-સ્ટેશન માટે રિઝર્વ રહેલા પ્લોટનું રિઝર્વેશન રદ કરીને તેને રહેણાંક વિસ્તારમાં રૂપાંતરિત કરવા સામે સ્થાનિક વિધાનસભ્ય અને મુંબઈ ભાજપ અધ્યક્ષે વિરોધ દર્શાવ્યો છે અને તેને લઈને મુંબઈના મેયર સહિત પાલિકા કમિશનરને તેમણે પત્ર લખ્યો છે. આ પ્લોટ પર ફાયર સ્ટેશનની આવશ્યકતા ન હોવાની ભલામણ કરનારા ફાયર વિભાગના અધિકારીની તપાસ કરવાની માગણી પણ તેમણે કરી છે.

ડેવલપમેન્ટ પ્લાન ૨૦૩૪માં વર્સોવાનો ૧,૧૪૩ સ્કવેર મીટરનો પ્લોટ ફાયર સ્ટેશન માટે તો ૨,૨૯૬ ચોરસ મીટરનો પ્લોટ પાલિકાની ચોકી માટે અનામત રાખવામાં આવી છે ત્યારે આ અનામત રદ કરીને પ્લોટનો ઉપયોગ રહેણાંક માટે કરવાનો પ્રસ્તાવ પાલિકા પ્રશાસન સુધાર સમિતિમાં લાવી હતી. સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયમાં થયેલી સુધાર સમિતિની બેઠકમાં આ પ્રસ્તાવને ફેરવિચારણા માટે પ્રશાસન પાસે પાછો મોકલવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે ફાયરસ્ટેશનનું આરક્ષણ રદ કરવામાં આવ્યું તો ઈમર્જન્સીમાં આ પરિસરની સુરક્ષા જોખમમાં આવી શકે છે.

અહીં નજીકમાં નજીક ફાયર સ્ટેશન ગોરેગામ અને અંધેરીના ઈર્લા પુલ પાસે છે.

# એમવીએ વિધાન પરિષદની આગામી ચૂંટણી સાથે લડશે

મુંબઈ: વિપક્ષી મહા વિકાસ આઘાડી ગઠબંધને નિર્ણય લીધો છે કે તેઓ આવતા મહિને યોજનારી મહારાષ્ટ્ર વિધાન પરિષદની શિક્ષક અને સ્નાતક મતવિસ્તારોની કુલ પાંચ બેઠકોની ચૂંટણી સંયુક્ત રીતે લડશે.

રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરવા અને સર્વસંમતિ સાધવા માટે મુંબઈના વાય. બી. ચવ્હાણ સેન્ટર ખાતે એક બેઠક યોજાઈ હતી, જેમાં કૉંગ્રેસના વરિષ્ઠ નેતા નસીમ ખાન, એનસીપી (એસપી)ના નેતાઓ શશિકાંત શિંદે અને હર્ષવર્ધન પાટીલ તથા શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉત ઉપસ્થિત રહ્યા હતા.

પીટીઆઈ સાથે વાત કરતા નસીમ ખાને કહ્યું કે કૉંગ્રેસના વર્તમાન એમએલસી નાગપુર ગ્રેજ્યુએટ્સ મતવિસ્તારમાં અભિજિત વંજારી અને પુણે ટીચર્સ મતવિસ્તારમાં જયંત અસગાંવકર છે. ''અમે બાકીની બેઠકો માટે ચર્ચા કરી છે, જીતવાની શક્યતાના આધારે નિર્ણય લેવામાં આવશે,'' એમ તેમણે ઉમેર્યું.

# ટ્રાફિકથી વ્યસ્ત ઈસ્ટર્ન એક્સપ્રેસ પર એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રીવેનો પહેલો સ્પાન ઊભો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈથી થાણે વચ્ચેનો પ્રવાસ ફક્ત ૨૫થી ૩૦ મિનિટમાં પૂરો કરી શકાય તે માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા મુંબઈના ૧૩.૯ કિલોમીટર લાંબા અને છ-લેનના એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રીવે એક્સટેન્શનનું કામ ઝડપભેર કરવામાં આવી રહ્યું છે, જેમાં સોમવારે વ્યસ્ત ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર નીચે વાહનવ્યવહાર ચાલુ હતો અને ત્યારે ઉપર પ્રીકાસ્ટ સેગમેન્ટ્સનું બાંધકામ કરવામાં આવ્યું હતું.

ભાંડુપ પમ્પિંગ સ્ટેશન નજીક ૯૦ ટનથી વધુ વજનનો પહેલો સેગમેન્ટ પી-૭૮ પિયર પર સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ માટે ૧૧૫ મીટર લાંબી મિકેનિકલ લોન્ચિંગ ગૅન્ટ્રી-૦૧ (એલજી-૦૧) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તબક્કાના કામ સાથે પ્રોજેક્ટના સુપરસ્ટ્રક્ચરનું બાંધકામ શરૂ થયું છે. એમએમઆરડીએના જણાવ્યા મુજબ મિકેનિકલ ગૅન્ટ્રીને કારણે ભારે પ્રિકાસ્ટ સેગમેન્ટને ઓછામાં ઓછા ગ્રાઉન્ડ સપોર્ટ સાથે ઉપાડવા, ખસેડવા અને બેસાડવું શક્ય બને છે, જેનાથી ટ્રાફિકમાં વિક્ષેપ ઓછો થાય છે. ગૅન્ટ્રીનું બાંધકામ પહેલાં સ્વતંત્ર થર્ડ પાર્ટી પક્ષ દ્વારા જરૂરી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

પહેલી ગૅન્ટ્રી એલજી-૦૧ મુંબઈની દિશામાં તબક્કાવાર ૧,૬૩૨ પ્રીકાસ્ટ સેગમેન્ટ ઊભા કરશે, જે સંપૂર્ણ બ્રિજ સ્પાન બનાવવા માટે રેખાંશમાં પોસ્ટ-ટેન્શન હશે. બીજી ગૅન્ટ્રી એલજી-૦૨ વિક્રોલીથી મુંબઈ તરફ આગળ વધશે, જ્યારે ગ્રાઉન્ડ સપોર્ટ સિસ્ટમ થાણે તરફ ભાંડુપ અને કાંજુરમાર્ગ વચ્ચે કામ કરશે.

આ પ્રોજેક્ટમાં અત્યાર સુધી ૮૧ ટકા મોનોપાઇલ્સ, ૧૯ ટકા ગ્રુપ પાઇલ્સ, ૫૧ ટકા પિયર્સ, ૩૩ ટકા પિયર કેપ્સનું કામ પૂર્ણ, ૩,૭૩૨ પ્રીકાસ્ટ સેગમેન્ટમાંથી ૧૩૫નું કાસ્ટિંગનું કામ પૂર્ણ થયું છે.

ઈસ્ટર્ન ફ્રી વેના આ એક્સેટન્શન રોડને પગલે થાણેના આનંદ નગરથી ઘાટકોપરના છેડા નગર વચ્ચેનો પ્રવાસ ઝડપી બનશે, જેમાં મુલુંડ, ઐરોલી, ભાંડુપ, વિક્રોલી, કાંજુરમાર્ગ, માનખુર્દ અને ઘાટકોપરનો પણ સમાવેશ થશે. એકવાર પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા પછી, દક્ષિણ મુંબઈ અને થાણે વચ્ચેની મુસાફરી ફક્ત ૨૫-૩૦ મિનિટમાં પૂર્ણ થશે. આનાથી ઇસ્ટર્ન એક્સપ્રેસવે પર ટ્રાફિકની ભીડ ઓછી થશે, મુસાફરી ઝડપી બનશે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં કનેક્ટિવિટીમાં સુધારો થશે. ઇસ્ટર્ન એક્સપ્રેસવે મુંબઈના સૌથી વ્યસ્ત રૂટમાંનો એક છે. મુંબઈનો નવો હાઇ-સ્પીડ કોરિડોર તેની ઉપર આકાર લઈ રહ્યો છે, જેનાથી આ રૂટ પર ટ્રાફિક ચાલુ રહેશે.



**ગણપતિ બાપ્પા મોરિયા:** અંગારકી ચતુર્થી નિમિત્તે મંગળવારે સિદ્ધિવિનાયક મંદિરમાં વિશેષ પૂજા કરવામાં આવી હતી અને દર્શન માટે ભક્તો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. ગણેશોત્સવ પછીના પહેલા જ મંગળવારે અંગારિકા આવી હોવાથી ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. (અમય ખરાડે)

# ખારમાં કારે બે સ્કૂટરને અડફેટે લેતાં પતિનું મોત: પત્ની સહિત બે જખમી

મુંબઈ: ખારમાં પુરપાટ વેગે આવેલી કારે આગળ જતાં બે સ્કૂટરને ટક્કર મારતાં પતિનું મોત નીપજ્યું હતું, જ્યારે પત્ની સહિત બે ઘવાયાં હતાં.

ખાર પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની સાંજે ૪.૩૦ વાગ્યે ખાર પશ્ચિમમાં સી. ડી. રોડના જંક્શન ખાતે બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાની ઓળખ અયપ્પન સેલ્વરાજ હરિજન (૪૧) તરીકે થઈ હતી. હરિજનની પત્ની નેન્સી (૩૭)ને હાથમાં ઇજા થઈ હતી, જ્યારે બીજા સ્કૂટર પર સવાર યુવાનને હાથમાં ફ્રેક્ચર થયું હતું. આ પ્રકરણે નેન્સીની ફરિયાદને આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે નેન્સી પતિ સાથે સ્કૂટર પર બાન્દ્રા જઈ રહી હતી ત્યારે પાછળથી આવેલી સફેદ કલરની કારે તેમના સ્કૂટરને ટક્કર મારી હતી. કારની ટક્કરને કારણે નેન્સી રોડ પર ફંગોળાઈ હતી, જ્યારે કારનું ટાયર પતિ હરિજન પર ફરી વળ્યું હતું.

નજીકની દુકાન બહાર લાગેલા સીસીટીવી કૅમેરામાં અકસ્માતની ઘટના કેદ થઈ હતી. ફૂટેજમાં નજરે પડે છે કે કારે બે સ્કૂટરને અડફેટે લીધાં હતાં, જેમાંથી એક પર હરિજન દંપતી સવાર હતું. હરિજને હેલ્મેટ પહેરી હતી, પરંતુ તે કારના પાછલા ટાયર નીચે ફસાઈ ગયો હતો. અકસ્માતને પગલે રાહદારીઓનું ટોળું જમા થઈ ગયું હતું. ટોળાએ કારના પાછલા ભાગને ઊંચકીને એક તરફ ખસેડ્યા પછી હરિજનને ટાયર નીચેથી બહાર કાઢવામાં આવ્યો હતો.

# મુંબઈમાં લોકલ ટ્રેનના મહિલા કોચમાં હેરાનગતિ કરનાર રોમિયોને મુસાફરોએ ભણાવ્યો પાઠ, વીડિયો વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હાર્બર લાઈનના કુર્લા સ્ટેશન નજીક લોકલ ટ્રેનના મહિલા કોચમાં મહિલાઓને હેરાન કરનારા રોમિયોને મુંબઈગરાઓએ પકડીને માર માર્યો હતો. સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોમાં મુસાફરો યુવકને માર માર્યા પછી ટીંગાટોળી કરીને પોલીસ અને આરપીએફની ચોકી તરફ લઈ જતા જોવા મળ્યા હતા તેમજ સાથે પોલીસ અને અન્ય લોકોએ પણ તેના પર ગુસ્સો ઠાલવ્યો હતો.

વાઇરલ થયેલા વીડિયોમાં ત્રણથી ચાર પ્રવાસીએ યુવકને પકડીને રેલવે બ્રિજ પરથી પ્લેટફોર્મ તરફ લઈ જતા જોવા મળ્યા હતા. તેમની સાથે એક આરપીએફ કર્મચારી પણ દેખાય છે. યુવક આ દરમિયાન પોતાને છોડાવવાનો પ્રયાસ કરતો અને હાથ-પગ હલાવતો જોવા મળે છે, જ્યારે અન્ય મુસાફરો પણ તેમની પાછળ ચાલતા નજરે પડે છે.

વીડિયોના અંતિમ ભાગમાં યુવક હાથ છોડાવવાનો પ્રયાસ કરતો દેખાય છે અને હાથ છૂટી ગયા બાદ તેને પ્લેટફોર્મ પર પગથી ખેંચીને લઈ જવામાં આવતો જોવા મળે છે. સોશ્યલ મીડિયા પર કરવામાં આવેલા દાવા પ્રમાણે, મુસાફરોએ યુવકની હરકત જોઈ તેને રોક્યો અને ત્યાર બાદ તેને આરપીએફને સોંપી દીધો હતો. જોકે, યુવક ખરેખર કયા સંજોગોમાં પકડાયો હતો અને તેની સામેના આરોપો અંગે હજી સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા બાદ સેન્ટ્રલ રેલવેના મુંબઈ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજરના સત્તાવાર એકાઉન્ટ પરથી આરપીએફને ટેગ કરીને સમગ્ર મામલાની તપાસ કરવા જણાવાયું હતું. રેલવે તરફથી ઘટનાની તપાસ કરવામાં આવી રહી હોવાની માહિતી સંબધિત અધિકારીઓએ આપી હતી.

જોકે લોકલ ટ્રેનોમાં વારંવાર થતી મારામારીની ઘટનાઓ અને હવે મહિલાઓ માટે આરક્ષિત કોચમાં મહિલા પ્રવાસીઓની હેરાનગતિ કરનારા રોમિયોને લોકલના પ્રવાસીઓએ પાઠ ભણાવ્યો હતો. તેથી ચાકુકાંડમાં મૂકદર્શક બનેલા પ્રવાસીઓ હવે આવી ઘટનાઓને રોકવા જાગ્યા હોવાની સકારાત્મક પરિસ્થિતિ પણ નિર્માણ થઇ છે.

મુંબઈગરાઓ હવે માત્ર મૂકદર્શક નહીં બને, પણ મદદ માટે આગળ પણ આવશે

લોકલ ટ્રેનોમાં વારંવાર બનતી મારામારી અને હેરાનગતિની ઘટનાઓ વચ્ચે આ ઘટનાએ મુંબઈગરાઓની બદલાતી ભૂમિકા પણ સામે લાવી છે. મહિલા કોચમાં મુસાફરોને હેરાન કરવાના આરોપમાં યુવકને પકડીને પોલીસને સોંપવાની ઘટનામાં પ્રવાસીઓએ માત્ર તમાશો જોવાને બદલે એકસાથે આગળ આવી પીડિતની મદદ કરવાનો પ્રયાસ કર્યો.

અગાઉની કેટલીક ગંભીર ઘટનાઓમાં પ્રવાસીઓ મૂકદર્શક બની રહ્યા હોવાની ચર્ચા વચ્ચે હવે આવી હરકતો સામે મુસાફરો સામૂહિક રીતે અવાજ ઉઠાવી રહ્યા છે. એટલે લોકલમાં કોઈ મુસાફર મુશ્કેલીમાં હોય ત્યારે તેને એકલો ન છોડીને તેની મદદે આગળ આવવાની સકારાત્મક માનસિકતા વિકસી રહી હોવાના સંકેત મળી રહ્યા છે.

# હિંગોલીમાં દીપડો દેખાતા ગ્રામજનોમાં ગભરાટ

હિંગોલી: મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના એક ગામમાં ખેતરમાં દીપડો દેખાતાં ગ્રામજનોમાં ગભરાટ ફેલાયો હતો, જેને પગલે વન વિભાગે ચોવીસે કલાક દેખરેખ શરૂ કરી હતી, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. સોમવારે બપોરે સિંદગી ગામના એક ખેતરમાં દીપડો જોવા મળ્યા બાદ, તેની હલચલ પર નજર રાખવા માટે વન વિભાગે પહેલાં બે કેમેરા ગોઠવ્યા હતા. મંગળવારે દીપડો ફરીથી દેખાતાં બીજા ત્રણ કેમેરા ગોઠવવામાં આવ્યા હતા, આમ કુલ પાંચ કેમેરા લગાવવામાં આવ્યા હતા. લોકોની સુરક્ષા માટે અધિકારીઓએ વિસ્તારમાં પોલીસ અને વનકર્મીઓનું પેટ્રોલિંગ વધારી દીધું હતું અને ખેડૂતોને ખેતરે કે બહાર જતી વખતે એકલા જવાને બદલે હંમેશાં સમૂહમાં જવા માટે અપીલ કરવામાં આવી હતી.

# પોલીસ સ્ટેશનમાં નાણાકીય વિવાદને લઇ શિવસેનાના નેતા પર કર્યો હુમલો

થાણે: થાણે શહેરના કોપરી પોલીસ સ્ટેશનમાં સોમવારે રાતે હાઇ-વોલ્ટેજ ડ્રામા થયો હતો, જેમાં શિવસેનાના યુવા નેતા સિદ્ધેશ અભંગે પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાને કારણે કોપરી વિસ્તારમાં થોડા સમય માટે વાતાવરણ તંગ બન્યું હતું. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે આ ઝઘડો મુખ્યત્વે સિદ્ધેશ અભંગે અને કાપડના વ્યવસાય સાથે સંકળાયેલી કેટલીક મહિલા સાથે નાણાકીય વિવાદને કારણે થયો હતો. વિવાદ વકરતાં બંને પક્ષો મામલો ઉકેલવા કોપરી પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા હતા. જોકે પોલીસ સ્ટેશનના પરિસરમાં તેમની વચ્ચે દલીલબાજી શરૂ થઇ ત્યારે પરિસ્થિતિ વધુ વણસી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર એક બિઝનેસવુમને અન્યો સાથે મળીને પોલીસ સ્ટેશનમાં અભંગે પર હુમલો કર્યો હતો.એ સમયે ફરજ પર હાજર પોલીસ કર્મચારીઓએ તાત્કાલિક દરમિયાનગીરી કરી બંને પક્ષને અલગ કર્યા હતા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. આ ઘટના બાદ બંને પક્ષોનાં નિવેદનો નોંધવામાં આવ્યા હતા અને એફઆઇઆર દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)

# પારસી મરણ

મહાઝરીન જહાંગીર સતથા તે મરહુમ જહાંગીર એફ. સતથાના ધણીયાણી. તે મરહુમો એમી તથા રૂસ્તમ દલાલના દીકરી. તે કયોમી એમ. એન્જિનિયર તથા પોલાડ જે. સતથાના માતાજી. તે મરેઝબાન જે. એન્જિનિયરના સાસુજી. તે દીલબર દલાલ તથા મરહુમ અસ્પી દલાલના બહેન. તે તાઈરા એન્જિનિયર તથા રૂષાદ એન્જિનિયરના મમઈજી. તે સનાયા આર. કિશનાનીના ફુઈજી. (ઉં. વ. ૮૦) રે. ઠે.: તાતા મીલ કો.હા.સો., બિલ્ડિંગ નં. ૩, ફ્લેટ નં. ૪૦, ૯મે માળે, એલફિન્સ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૩૦-૯-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે રૂસ્તમ ફરામ અગિયારી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાબરા નિવાસી હાલ ભાયંદર કામીનીબેન વિરેશકુમાર મુલચંદભાઈ વોરાના પુત્ર ચિ. ચિરાગ (ઉં. વ. ૪૫) ૨૯-૯-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હરેશભાઈ નીતાબેન કિરીટભાઈ દિપ્તીબેન, સ્વ. નયનાબેન બાવડ તથા ભાવનાબેન જોગીના ભત્રીજા. તે ખ્યાતિબેન ઋષભભાઈ શાહના ભાઈ. નીલના મામી. તે તોરી નિવાસી સ્વ. કાંતિલાલ ઓતમચંદ પંચમીયાના દોહિત્ર. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ઉમરાળા નિવાસી હાલ મીરા રોડ ગંગાસ્વરૂપ સ્વ. ઈન્દીરાબેન પ્રવીણચંદ્ર ગોસાલીયા (ઉં.વ. ૮૬) તા. ૨૮-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવેન, રાજેશ, જયોતિબેન રાજેશકુમાર ખંધારના માતુશ્રી. અ. સૌ. હીના, સોનલના સાસુ. દીપ, લક્ષ, પ્રેરણા, વૃદ્ધિના દાદીમા. પિયર પક્ષ રંગપૂર નિવાસી સ્વ. ડુંગરશીભાઈ જીવનભાઈના દીકરી. સ્વ. ધીરજલાલ, નવીનભાઈ મહેતલીયાના બેન. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧-૧૦-૨૬ના બપોરે ૩ થી ૫. સ્થળ: સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, શાંતિ નગર, સેકટર ૬, ગુરુદ્વારા સામે, મીરા રોડ પૂર્વ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધારી નિવાસી હાલ મલાડ સ્વ. ચંદુલાલ વિઠ્ઠલદાસ ઝાટકીયાના પુત્રવધૂ ગં. સ્વ. મનીષાબેન તે સ્વ. વિરેશભાઈના ધર્મપત્ની (ઉં.વ. ૭૪) તા. ૨૯-૯-૨૬, મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે અલ્પેશ, ક્રીપાલીના માતુશ્રી. આરતી, સંજયકુમારના સાસુ. ભરતભાઈ, ધનરાજભાઈ, રાજેશભાઈ, સ્વ. પ્રતિભાબેન, જયોતિબેન અનિલકુમાર ગાંધીના ભાભી. અનીતા, ભાવના, ભાવિનીના જેઠાણી. ચીતલ નિવાસી સ્વ. પ્રાણલાલ ઓત્તમચંદ સંઘરાજકાના પુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧-૧૦-૨૬ના સવારે ૧૦ થી ૧૨. પાવનધામ, એમ.સી.એ. કલબની સામે, મહાવીર નગર, કાંદીવલી વેસ્ટ. (ચક્ષુદાન કરેલ છે)

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

શ્રીમતી જાગૃતિબેન પંકજભાઈ ગાંધી (ઉં.વ. ૭૪) તે બોટાદ નિવાસી હાલ વિલેપાર્લા તા. ૨૯-૯-૨૬, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. દેવીબેન રસિકલાલ ગાંધીના પુત્રવધૂ. પંકજભાઈ ગાંધીના ધર્મપત્ની. ગૌરવ, પુજાના માતુશ્રી. એકતા, આલોકના સાસુ. ડીયોના, ધ્યાનાના દાદીમા. શ્રેયા, મહેકના નાનીમા. મોસાળ પક્ષે છબીલદાસ કસ્તુરચંદ અજમેરાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટી કુકાવાવ નિવાસી હાલ ઘાટકોપર કિશોરભાઈ ધીરજલાલ મણીલાલ કામદારના ધર્મપત્ની લતાબેન (ઉં.વ. ૭૩) તા. ૨૭-૯-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે પિંકેશ, રૂચિતાના મમ્મી. શ્વેતા, શ્રેણિકના સાસુ. ધીરજલાલ મુળશંકર અદાણીની દીકરી. અનાયશા, જીયાનના દાદી જતિન, ભરત, વિજયના ભાભી. વીણાબેન, ઈલાબેન, આરતીબેનના જેઠાણી. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા પોરવાલ જૈન**

જાવાલ નિવાસી, હાલ ખાર મુંબઈ, સ્વ. અંબાલાલ મોહનલાલ પોરવાલ (ઉં. વ. ૭૯) લક્ષ્મીબેન મોહનલાલજી મગનલાલજી પુનાવાલાના પુત્ર તા ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. મંજુલા અંબાલાલજી (પત્ની), પુત્રો અને પુત્રવધૂઓ: તુષાર - ભાવિની, વિપુલ- શીકા, પુત્રી અને જમાઈ: આરાધિ - અલ્પેશજી, ભાઈઓ અને બહેનો: સ્વ. સુંદરબેન - સ્વ. અંબાલાલજી, મંજુબેન - મણિલાલજી, સ્વ. લતાબેન - ખેમચંદજી, વિજય - નિર્મલા, માલતીબેન - રણજિતમલજી પૌત્ર-પૌત્રીઓ / દોહિત્ર-દોહિત્રીઓ: મહિકા, આર્યા, મોક્ષ, આન્યા, તાશવી, ધીયા, ત્વિષા, તવિશ.

**ખંભાતી દશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી તથા હાલ મુંબઈ શ્રી નરેન્દ્ર ચંદુલાલ શાહ (ઉં. વ. ૮૦) તે પારેશબેનના પતિ. સ્વ. કોકિલાબેન, સ્વ. પ્રવિણચંદ્રભાઈ, સ્વ. રમેશભાઈ, રજનીભાઈ, હેમલતાબેન તથા સ્વ. દીપકભાઈના ભાઈ. જીગરભાઈ, કુણાલભાઈ તથા કૃતિબેનના પિતા. શ્વેતાબેન, પૂર્વીબેન તથા વિરલકુમારના સસરા અને હિતાંશ, ક્રિતાર્થ તથા જિનાંશના દાદા. તા. ૨૮-૦૯-૨૬, સોમવારના અરિહંતશરણ પામ્યા છે. તેમનું બેસણું તા. ૩૦-૦૯-૨૬, બુધવારના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી હાલ વિલેપાર્લા (ઈ.) અ. સૌ. રૂપા (ઉં. વ. ૫૯) તે સંદિપ નટવરલાલ કેશવલાલ ગોપાણીના ધર્મપત્ની. તે શ્રેયસના માતુશ્રી. અનોખીના સાસુ. મનિષભાઈ નૌતમલાલ બાવીશીના વેવાણ, પિયરપક્ષે ધ્રાંગધ્રા નિવાસી સ્વ. રમેશચંદ્ર હિંમતલાલ સંઘવીના સુપુત્રી તા. ૨૭-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠેકાણું: ૪૦૨, આકૃતિ એરિકા, શ્રદ્ધાનંદ રોડ, વિલેપાર્લા (ઈ.).

**હાલાર વિશા શ્રીમાળી સ્થા.જૈન**

જામનગર નીવાસી હાલ અમેરિકા, નિહારિકાબેન (ઉં. વ. ૬૮) તે જીતેન્દ્રભાઈ પુનાતરના ધર્મપત્ની. સ્વ. ચંચળબેન તથા સ્વ.અમૃતલાલ છગનલાલ પુનાતરના પુત્રવધૂ. કિંજલના માતુશ્રી, અ.સૌ. નિનાબેનના સાસુ. સ્વ. ગુલાબબેન તથા સ્વ. હિરાલાલ મહેતાના સુપુત્રી. રવિવાર તા. ૨૦.૯.૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ખાખરના સન્ની દેવચંદ છાડવા (ઉં. વ. ૪૩) તા.૨૭-૯નાં અવસાન પામેલ છે. નાનબાઈ ચાપશી છાડવાના પૌત્ર. વનિતા દેવચંદના સુપુત્ર, ડુમરા નેહા હિતેન્દ્ર, મો.ખાખર વૃદ્ધિ ચિંતન, ઉત્તમના ભાઈ. બિદડા તેજબાઈ વીરજી સાલિયાના દોહીત્ર. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. પ્રા.શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં.કરસન લધુ નિસર હોલ, દાદર. ટા.૨ થી ૩:૩૦. નિ. વનિતા છાડવા, બીબી/૭૦૮, નવનીત નગર, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૪.

ગેલડાના માતૃશ્રી રેખાબેન/પ્રભા રમણીક સૈયા (ઉં. વ. ૮૦) ૨૮-૦૯-૨૦૨૬નાં સંથારો સીઝેલ છે. રમણીક શામજીના ધર્મપત્ની. દેવકાબેન શામજી કુરપાર સૈયાના પુત્રવધૂ. દેશલપુર કંઠીના દેવકાબેન હીરજી ડુંગરશી વીરાના સુપુત્રી. નેમીદાસના બહેન. સદ્ગતની ઇચ્છાનુસાર ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. ઝુબીન સૈયા, ૮૨/૧૦, સ્તંભતીર્થ, રફી. અ.કીડવાઇ રોડ, વડાલા (વે.), મુંબઇ-૪૦૦૦૩૧.

સાડાઉના શ્રી રસિકલાલ લખમશી નાગશી સંગોઇ (ઉં. વ. ૭૪) તા. ૨૭-૯-૨૬ ના અવસાન પામેલ છે. સંતોકબેન લખમશીના સુપુત્ર. મંજુલાના પતિ. જીનલ, મિનલ, નેહાના પિતા. ભાગ્યવંતી, સ્વ. મહેન્દ્ર, મુક્તા, જીતેન્દ્ર, સ્વ. મુકેશના ભાઇ. દેશલપુર પાનબાઇ રામજી હધુના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રસિકલાલ સંગોઇ, એ/૧૮૦૪, ઝેનીથ ટાવર, પી.કે.રોડ, મુલુંડ (વે), મું.-૮૦.

# હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ આમરણલેલા હાલ મુંબઈ નિવાસી ભાનુબેન (ઉં.વ. ૭૭) તે સ્વ. લક્ષ્મીદાસ શીવજી સેજપાલના ધર્મપત્ની તા. ૨૮-૯-૨૬, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે દેવેન્દ્રના માતુશ્રી. વર્ષા દેવેન્દ્ર સેજપાલના સાસુ. દીવાળીબેન દયાળજી લુક્કાના દીકરી. નાગજીભાઈ, સ્વ. દીલીપભાઈ, બીપીનભાઈ, આરતી રાજરતન ઠક્કરના મોટા બહેન. નીલેષ, વિજય, નયના, ચારુ, જયોતિ, રશ્મિના કાકી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ચરોતર રૂખી સમાજ**

ફોર્ટ પંચાયત ગામ વેરા વસદ તા. ૨૬-૯-૨૬, શનિવારના ઈશ્વરભાઈ ચંપક સોલંકીનું અવસાન થયેલ છે. પત્ની નાનીબાઈ ઈશ્વર સોલંકી, બહેન શકુંતલા શાંતિલાલ વાઘેલા, દિકરા-મુકેશ, વિનય, કાર્તિક, રિતેશ, વિશાલ, ધીરજ, કિશોર, વિનોદ. દીકરીઓ- જયશ્રી, સેજલ, જયાબેન, પુષ્પા, જયોતિ, રંજના, હેમલતા. નિવાસસ્થાન: સેંટ જયોર્જ હોસ્પિટલ સર્વન્ટ ક્વોર્ટર્સ, શ્રદ્ધા બિલ્ડીંગ, રૂમ નં. ૧૭, ૪થો માળ, આરોગ્ય ભવનની નજીક, ફોર્ટ, મુંબઈ-૧.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ઘાટકોપર નિવાસી (ગામ - બાબરા) સ્વ. હસમુખલાલ લક્ષ્મીદાસ આશરાના ધર્મપત્ની કુસુમબેન (ઉં.વ. ૮૦) તે આકોલાવાળા સ્વ. વિજયાબેન તુલસીદાસ જોગીના પુત્રી. પુષ્પાબેન મનહરલાલ આશરાના જેઠાણી. દક્ષા, પરેશ, જયોતિ, નયના, રાજેશના માતુશ્રી. મોહન ભોગલે, શિરીષ ભેડા, નિખિલ મહેતા, અર્પના, ઈશાના સાસુ. કશીશ, ક્રીશાંગ, શ્લોકના દાદીમા તા. ૨૮-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૧૦-૨૬ના સાંજે ૫ થી ૬.૩૦ શ્રી અગ્રસેન ભવન હોલ, ૩જે માળે, સ્વામીનારાયણ મંદિરની ઉપર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વહેવાર બંધ છે.

**નવગામ વિસાનાગર વણિક**

સ્વ. ઉર્મિલાબેન રમેશચંદ્ર શાહ તે સ્વ. રમેશભાઈ શાહના પત્ની તથા જયેશભાઈ, તુષારભાઈ, કામિનીબેનના માતુશ્રી. નીના, અર્ચના, ધર્મેશકુમારના સાસુ. પાર્થ, કૃતિ, મિત્રાંક, ક્રિષાંકના દાદી, હિત અને પુષ્ટિના નાની. શુક્રવાર તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.

**દશા પોરવાડ વણિક**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ, અ.સૌ. નયનાબેન નિરંજનભાઈ પરીખ (ઉં. વ. ૭૯) ૨૭/૦૯/૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે બિમલ, પ્રેમલ, અમલના માતા. સંગીતા, હેમા, વિરલના સાસુ. હીત, રોહન, આશી, ધર્વ, ઋતૂરના દાદી, સ્વ. અશ્રુમતી ત્રિભુવનદાસ કોઠારીના દીકરી, દેવેનભાઈ, રોહિણીબેનના બેન. તેમની પ્રાર્થનાસભા તા. ૩૦/૦૯/૨૦૨૬ના રોજ સમય ૫ થી ૭ ક.નહેરુ સેન્ટર હોલ ઓફ કલ્ચર, વરલી.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. વિમળાબેન રવિલાલ મજેઠીયા કચ્છ ગામ ભુજવાળાના પૌત્ર હાલે મુલુંડ ચેકનાકા, ગં.સ્વ. વસંતાબેન મહેન્દ્રભાઈ રવિલાલ મજેઠીયાના મોટાપુત્ર સ્વ. મનોજ મહેન્દ્રભાઈ મજેઠીયા (ઉં. વ.૫૬) તા. ૨૭/૯/૨૬ના રવિવારે રામશરણ પામેલ છે. હિરેનભાઈના મોટાભાઈ, હીનાબેન (ડોલીબેન)ના જેઠ. સ્વ. નરેન્દ્રભાઈ મજેઠીયા તથા બીપીનચંદ મજેઠીયાના ભત્રીજા. ગં. સ્વ. ગોદાવરીબેન આણંદજી દામજી અનમ ગામ મુરુ વાળાના દોહિત્ર. સચીન તથા સૌ.અવનીબેન બિપીન ભાઈ બારૂના મોટાભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાલવાડા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મુંબઈ નિવાસી, ભરતકુમાર ઇચ્છાશંકર પંડયા, અંકુર અને સોનાલીના પિતા. અર્ચના અને શિશિર કુમારના સસરા અને આરવના દાદા. તા. ૨૬.૦૯.૨૦૨૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. લૌકિક રિવાજ બંધ છે.

**કચ્છી લોહાણા**

મુંદરાના હાલે મુલુંડ, રોહિત લીલાવંતીબેન દેવચંદ સુંદરજી ઠક્કર (ચગસોતા) (ઉં. વ. ૭૨) સોમવાર તા. ૨૮-૯-૨૬ના રામશરણ પામ્યા છે. તે રેણુકાબેન(શાંતા)ના પતિ, ફોરમ યોગેશ, બીજલ સમીરના સસરા. સ્વ. જમનાબેન પ્રેમજીભાઈ દામોદર ચોથાણીના જમાઈ. જયશ્રી તુષારકુમાર પરબીયા, સ્વ. નરેશભાઈ, સ્વ. વિનોદભાઈ, જીતેન્દ્ર દેવચંદ ઠક્કરના ભાઈ. ગં.સ્વ. રુક્ષ્મણીબેન, સ્વ. ભારતીબેન, સ્વ. નિર્મળાબેન, ગં.સ્વ. હેમલતાબેન, જયસિંહ, રાજેન્દ્ર ચોથાણીના બનેવી, સ્વ. શીવજી માધવજી ગંધાના ભાણેજ. બંને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર તા. ૩૦-૯-૨૬ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦. ઠે.: પવાણી હૉલ, શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (પ.). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ખાટસૂરાવાળા હાલ સાંતાક્રુઝ, સ્વ. પ્રભુદાસ ત્રિભોવનદાસ મહેતા અને સ્વ. સમતાબેનના પુત્ર જયંતભાઈ (ઉં. વ. ૭૦) તા. ૨૯-૯-૨૬ને મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે પાયલ સુનિલ પારેખ, પ્રજ્ઞા ચિંતન મહેતાના પિતાશ્રી. તે સુનિતા મુકેશ ચીતલીયા, નીતા રાજેન્દ્ર તથા આશિષ (રાજુ)ના મોટાભાઈ. અ. સૌ. હિનાના જેઠ. કિંજલ મીત ગાંધીના મોટા પપ્પા. તે ચિતલવાળા સ્વ. જેઠાલાલ ભાણજી મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧-૧૦-૨૬, ગુરુવારે સાંજે સમય ૫ થી ૭. સ્થળ: લોહાણા બાલાશ્રમ હોલ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (વે.). લૌકિક વહેવાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

પોરબંદર નિવાસી હાલ મુંબઈ, ગં. સ્વ. નલીનીબેન ઉર્ફે નિર્મલા પ્રભુદાસ ઠક્કર (ઉં. વ. ૮૮) તે સ્વ. પ્રભુદાસ મોરારજી ઠક્કરના ધર્મપત્ની. તે વિમલ, દર્શના, અર્ચના, જીજ્ઞા અને આયેશાના માતુશ્રી. તે કવિતા વિમલ પ્રભુદાસ ઠક્કરના સાસુ. તે કુણાલ અને સ્વાતિના દાદી મંગળવાર, તા. ૨૯-૯-૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સેવા સદન સોસાયટી, ૩૦/૩૧, ગામદેવી, મુંબઈ-૭ મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરત વિસા ઓસવાલ શ્વેતામ્બર મૂર્તિપૂજક જ્ઞાતિ**

કિરણ અમરચંદ ચોક્સી (ઉં. વ. ૭૩) ૨૮-૯-૨૬ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. અમરચંદ અને પુષ્પાવતી ચોક્સીના પુત્ર. સ્વ. દેવિના ચોક્સીના પતિ. અભિષેક કિરણ ચોક્સીના પિતા. સુનિલ ચોક્સીના ભાઈ અને નીતા ચોક્સીના જેઠ. લૌકિક વ્યવહાર બંધ છે.

# વિકાસ એટલે પ્રત્યેકનું કલ્યાણ અને અસમાનતામાં ઘટાડો: આરએસએસ

યવતમાળ (મહારાષ્ટ્ર): વિકાસ એટલે દરેક વ્યક્તિનું કલ્યાણ કરવાનો પ્રયાસ જેમાં સમાજની છેવાડાની વ્યક્તિ કેન્દ્રમાં હોય તેમજ વિકાસના ઉચ્ચતમ અને નીચલા સ્તર વચ્ચેનું અંતર શક્ય તેટલું ઓછું હોવું જોઈએ એમ આરએસએસના અધ્યક્ષ મોહન ભાગવતે મંગળવારે જણાવ્યું હતું.

પંડિત દીનદયાળ ઉપાધ્યાય જયંતી નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા ભાગવતે એમ પણ કહ્યું હતું કે 'અંત્યોદય' ની વિભાવનાનો અર્થ એ છે કે સમાજની છેવાડાની વ્યક્તિ શક્ય તેટલો ખુશ રહે. સમાજની છેવાડાની વ્યક્તિ ખુશ રહેશે તો દેશ ખુશ રહેશે. આને જ 'અંત્યોદય' કહેવાય છે. વિકાસનો અર્થ એ નથી કે બધા એક જ સ્તરે પહોંચે, પરંતુ અસમાનતા ઓછી થવી જોઈએ.

જનસંઘના દિવંગત નેતા દીનદયાળ ઉપાધ્યાયની ફિલસૂફીનો ઉલ્લેખ કરતા ભાગવતે કહ્યું કે ઉપાધ્યાયે વિકાસની વ્યાખ્યાને મહત્તમ લોકોનું મહત્તમ ભલું તરીકે સ્વીકારી ન હતી. બધાનું ભલું થવું જોઈએ એમ તેમણે કહ્યું હતું.

તેમણે મહાત્મા ગાંધીના સિદ્ધાંતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે નિર્ણય લેતી વખતે સમાજના સૌથી નીચલા સ્તરની વ્યક્તિને ધ્યાનમાં રાખવી જોઈએ.

ભાગવતે વધુમાં કહ્યું કે વિકાસ એ સુનિશ્ચિત કરે છે કે ખોરાક, કપડાં અને આશ્રય જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી થાય, સાથે સાથે શિક્ષણ અને આરોગ્ય સંભાળની પણ સુવિધા મળે. તેમણે લોકોની ગૌરવ સાથે જીવવાની અને અન્યોને આતિથ્ય આપવાની ક્ષમતા વિશે પણ વાત કરી.

# જાહેર શૌચાલયમાં કારખાનાના કેમિકલને કારણે બેનાં મોત: જમીનમાલિકની ધરપકડ

મુંબઈ: પ્લૅટિંગના કારખાનાના ઝેરી કેમિકલને કારણે પાસેના જાહેર શૌચાલયમાં ગયેલા બે યુવકે જીવ ગુમાવ્યાની રામમંદિર ખાતે બનેલી ઘટનામાં પોલીસે કારખાનાના જમીનમાલિકની ધરપકડ કરી હતી.વનરાઈ પોલીસે પ્રાથમિક તપાસ બાદ નવીન ચાવડાની ધરપકડ કરી હતી. કોર્ટે તેને બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. પોલીસ ફરિયાદ અનુસાર રવિવારના મળસકે રામમંદિર પૂર્વમાં પારસી પંચાયત ગેટ નજીકના જાહેર શૌચાલયમાં ભાવિક દેસાઈ (૧૮) અને પ્રભાકર ધિવાર (૨૪)નાં મૃત્યુ થયાં હતાં. ગણપતિ વિસર્જન પછી મંડપ છોડવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે બન્ને જણ શૌચાલયમાં ગયા હતા, જ્યાં શ્વાસ રુંધાવાને કારણે તેમનાં મોત નીપજ્યાં હોવાનું તપાસમાં જણાયું હતું.

તપાસમાં જણાયું હતું કે શૌચાલય પાસેના પ્લૅટિંગના કારખાનામાંથી ઝેરી કૅમિકલ ગટર લાઈનમાં ગયું હતું, જેને કારણે આ ઘટના બની હતી. રામધની યાદવ નામની વ્યક્તિ કારખાનું ભાડે લઈને ચલાવતો હોવાનું તપાસમાં જણાયું હતું. ઘટના બાદથી યાદવ ગુમ હોવાથી તેની શોધ માટે પોલીસની એક ટીમ ઉત્તર પ્રદેશ ગઈ હતી. આ મામલે વનરાઈ પોલીસે નવીન અને યાદવ સહિત ચાર જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસે કેમિકલ એનાલિસીસ માટે કલિનાની ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીમાં મોકલાવ્યું હતું. તેના રિપાર્ટની પોલીસ રાહ જોઈ રહી છે.

# શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે પ્રૌઢ સાથે ૧.૧૦ કરોડની છેતરપિંડી

થાણે: નવી મુંબઈમાં રહેતા પ્રૌઢને શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચ આપીને સાયબર ગુનેગારોએ ૧.૧૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. સાયબર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે નવી મુંબઈના બેલાપુરમાં રહેતા ફરિયાદનો કેટલાક શખસોએ સંપર્ક સાધ્યો હતો અને પોતાની ઓળખ નાણાકીય સલાહકાર તરીકે આપી હતી અને ફરિયાદીને રોકાણ કરવા માટે મનાવી લીધો હતો. બાદમાં છેતરપિંડી આચરવા માટે બનાવેલા વ્હૉટ્સઍપ ગ્રૂપમાં તેને સામેલ કર્યો હતો.ફરિયાદીના મોબાઇલ પર તેમણે લિંક મોકલાવી હતી અને ઍપ્લિકેશન ડાઉનલોડ કરવાનું કહ્યું હતું. ફરિયાદીએ ઍપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ આરોપીએ આપેલા બૅંક અકાઉન્ટ્સમાં તેણે છેલ્લા ત્રણ મહિનામાં કુલ ૧.૧૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

‘બેબી ફૂડ’ને લઈ એફડીએ એક્શનમાં

# બે વર્ષ સુધી માતાનું દૂધ જ બાળકો માટે શ્રેષ્ઠ, તેનો કોઈ વિકલ્પ ન હોઈ શકેઃ તુકારામ મુંઢે

## બેબી ફૂડ કંપનીઓ દ્વારા કરવામાં આવતા દાવાઓ અને ભ્રામક જાહેરાતો પર આવશે નિયંત્રણો

મુંબઈઃ દેશમાં છોડ્યોક વેચાતા બેબી ફૂડ પર હવે એફડીએના કમિશનર તુકારામ મુંઢેની નજર પડી છે. મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ બે વર્ષથી નાની ઉંમરના બાળકોના ખોરાક અને પોષણને લઈને નિયમો વધુ કડક કરવાનો નિર્ણય લીધો છે. મુંઢેએ સ્પષ્ટ કર્યું છે કે માતાના દૂધનો કોઈ વિકલ્પ નથી અને માતાના દૂધના વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવતા બેબી ફૂડના પૅકેટો પર હવે ખાસ ચેતવણી લખવી પડશે તેમ જ ભ્રામક જાહેરાતો કરી શકાશે નહીં.

નવા નિયમો મુજબ બેબી ફૂડના પૅકેટ પર માતાનું દૂધ જ બાળક માટે શ્રેષ્ઠ દૂધ છે એવી સ્પષ્ટતા કરવી ફરજિયાત રહેશે. સાથે જ જે તે બેબી ફૂડ માત્ર પૂરક ખોરાક છે અને તેનો ઉપયોગ છ મહિનાની ઉંમર બાદ ડૉક્ટરની સલાહ મુજબ કરવો જોઈએ એવી માહિતી પણ આપવી પડશે. આવી જ રીતે પૅકેટ પર માતા અને બાળકના ફોટોગ્રાફનો ઉપયોગ પણ કરી શકાશે નહીં.

જાહેરાતો કરતી વખતે પણ હવે કંપનીઓએ સાવચેત રહેવું પડશે. માતાના દૂધની સમકક્ષ અથવા તેનો વિકલ્પ હોવાનો ભ્રામક દાવો કરતી જાહેરાતો પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ગ્રાહકોને આકર્ષવા માટે મફત સેમ્પલ, ડિસ્કાઉન્ટ કૂપન અથવા ભેટ આપવાની પ્રથાને પણ નિયમોમાં આવરી લેવામાં આવી છે. આ નિયમો સ્થાનિક સપ્લાયરો, મૂળ બ્રાન્ડ માલિકો અને ઈ-કૉમર્સ પ્લૅટફૉર્મ્સને પણ લાગુ પડશે.

એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ જણાવ્યું કે રાજ્યમાં સ્તનપાનનું પ્રમાણ ૬૫ ટકાથી ઘટીને ૫૮ ટકા થયું છે. તેમના જણાવ્યા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં આ પ્રમાણ આશરે ૭૫ ટકા છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૫૨ ટકા સુધી ઘટ્યું છે. જન્મ બાદના પ્રથમ એક કલાકમાં બાળકને સ્તનપાન કરાવવાના પ્રમાણ અંગે પણ તેમણે ચિંતા વ્યક્ત કરી હતી.

મહારાષ્ટ્ર એફડીએની નજર હવે માત્ર જાહેરાતો પર જ નહીં, પરંતુ બેબી ફૂડની ગુણવત્તા અને લેબલિંગ પર પણ છે. સરકારી આંકડા મુજબ ૨૦૨૪-૨૫ દરમિયાન દેશભરમાં ઇન્ફન્ટ મિલ્ક સબ્સ્ટિટ્યૂટ્સ અને ઇન્ફન્ટ ફૂડના ૫૨૨ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમાંથી ૪૫ સેમ્પલ નિયમો મુજબ ન હોવાનું સામે આવ્યું હતું. તેમાં પાંચ સેમ્પલ અસુરક્ષિત, ૧૮ સબ-સ્ટાન્ડર્ડ અને ૨૨ સેમ્પલમાં લેબલિંગ, ભ્રામક દાવા અથવા અન્ય પ્રકારની ખામીઓ મળી હતી.

તુકારામ મુંઢેએ જણાવ્યું કે નવજાત અને નાના બાળકોના પોષણ તથા આરોગ્ય સાથે કોઈ તડજોડ કરવામાં નહીં આવે. એફડીએ દ્વારા અગાઉ પણ ખાદ્ય સુરક્ષા અને ભ્રામક દાવાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. હવે બે વર્ષથી નાની ઉંમરના બાળકો માટેના ખોરાક અને પોષણ ઉત્પાદનો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

આ નિર્ણયની સીધી અસર બેબી ફૂડ બનાવતી કંપનીઓ, વિતરકો, રિટેલર્સ અને ઈ-કૉમર્સ પ્લૅટફૉર્મ્સ પર પડશે. ખાસ કરીને ઉત્પાદનના પૅકેજિંગ, જાહેરાત અને ગ્રાહકોને આપવામાં આવતી પ્રચારાત્મક ઑફર્સ અંગે પણ હવે કંપનીઓએ નિયમોનું પાલન કરવું પડશે. નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી એફડીએ દ્વારા આપવામાં આવી છે.

# મુંબઈમાં સાંજ બાદ વરસાદના ઝાપટાં

## ભારે પવનને પગલે અનેક ફ્લાઈટ્સ ડાઈવર્ટ કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ, નવી મુંબઈ, થાણે સહિતના મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં મંગળવારે મોડી સાંજે ઝરમર વરસાદ વરસી પડ્યો હતો, તેને પગલે ઑફિસેથી ઘરે પાછા ફરી રહેલા મુંબઈગરા ભીંજાઈ ગયા હતા. અચાનક આવી પડેલા વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક વ્યાપી જતા ગરમી અને ઉકળાટથી થોડી રાહત મળી હતી. મુંબઈના અમુક વિસ્તારમાં અચાનક આવી પડેલા વરસાદના ઝાપટાને પગલે પાણી ભરાઈ ગયા હતા. વરસાદની સાથે જ ભારે પવન ફૂંકાવાને પગલે સાંજના સમયે મુંબઈ ઍરપોર્ટ પર ફ્લાઈટ લેન્ડિંગ શક્ય ન બનતા આઠેક જેટલી ફ્લાઈટને સુરત ડાઈવર્ટ કરવામાં આવી હોવાના પણ અહેવાલ આવ્યા હતા.

મુંબઈમાં સપ્ટેમ્બર મહિનામાં એકાદ-બે દિવસને બાદ કરતા લગભગ આખો મહિનો કોરો ગયો છે. ગણેશોત્સવના આગલા દિવસે મુંબઈ સહિતના મેટ્રોપોલિટન રિજનમાં ભારે વરસાદ પડી ગયા બાદ વરસાદ ગાયબ થઈ ગયો હતો. આ દરમ્યાન ભારતીય હવામાન વિભાગે મહારાષ્ટ્રમાંથી પાંચમી ઑક્ટોબરના ચોમાસું વિદાય લેશે એવી શક્યતા વ્યક્ત કરી છે, તો મુંબઈમાંથી ઑક્ટોબરના પહેલા અઠવાડિયા એટલે કે લગભગ આઠ ઑક્ટોબરની આસપાસ ચોમાસું વિદાય લે એવી શક્યતા છે.

સામાન્ય રીતે ચોમાસાની વિદાય પહેલા વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડી જતો હોય છે. જોકે, આ વર્ષે અલ નિનોની અસર હેઠળ ચોમાસું નબળું રહ્યું હોવાથી ચોમાસાની વિદાય પહેલાંનો વીજળીના ગડગડાટ સાથેના વરસાદ પડવાની શક્યતા ઓછી જણાઈ રહી છે, છતાં ઝરમર વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી હતી. તે મુજબ મંગળવારે સાંજે મુંબઈમાં કુર્લા, ઘાટકોપર, વિક્રોલી, અંધેરી, બોરીવલી સહિત દક્ષિણ મુંબઈના અનેક વિસ્તારોમાં સાંજના સાત વાગ્યા બાદ વરસાદ પડવાનું શરૂ થયું હતું. એ સિવાય થાણે, નવી મુંબઈ, પનવેલ સહિતના અનેક વિસ્તારોમાં સાંજ બાદ પવન ફૂંકાવાની સાથે જ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે મંગળવારથી ચાર દિવસ સુધી મુંબઈમાં ઝરમર વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. મુંબઈમાં આખો દિવસ ગરમી અને ઉકળાટ સાથે તડકો રહ્યો હતો. જોકે હવામાન વિભાગે સાંજના અચાનક સાત વાગે મુંબઈમાં ત્રણ કલાક માટે વીજળીના ચમકારા સાથે વરસાદના ઝાપટાં અને કલાકના ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી આપી હતી. તે મુજબ સાત વાગ્યા બાદ અચાનક વરસાદના ઝાપટાં વરસી ગયા હતા. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સાંજના અચાનક આવી પડેલા વરસાદને પગલે મુંબઈના અમુક વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હોવાની ફરિયાદ આવી હતી, જેમાં અંધેરી સબવેમાં પાણી ભરાઈ જતા થોડા સમય માટે તેને બંધ કરવો પડ્યો હતો. જોકે, થોડા સમયમાં જ પાણી ઓસરી જતા તેને ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

# રાજ્ય સરકારના નિર્દેશ બાદ જ મુંબઈમાંથી પાણીકાપ પાછો ખેંચાશેઃ પાલિકા

## જળાશયોમાં ૧૫ મે, ૨૦૨૭ સુધી ચાલે એટલું જ પાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડનારાં સાતેય જળાશયોમાં હાલમાં ૧૩.૯૮ લાખ મિલ્યન લિટર જેટલો પાણીનો સંગ્રહ છે, જે તેમની કુલ ક્ષમતાના ૯૬.૫૪ ટકા છે. પાણીનો આટલો જથ્થો ૧૭ મે, ૨૦૨૭ સુધી શહેરની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતું છે. જોકે, ‘અલ નિનો’ની સંભવિત અસરને કારણે તાપમાન અને બાષ્પીભવન વધી શકે છે, જેનાથી પાણીનો જથ્થો અંદાજ કરતાં વધુ ઝડપથી ઘટી શકે છે. તેથી પાણીકાપ પાછો ખેંચવાનો નિર્ણય રાજ્ય સરકારના નિર્દેશ બાદ જ પાછો ખેંચવામાં આવશે એવું પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે પાલિકાની સામાન્ય સભામાં કહ્યું હતું.

પાલિકાના વિરોધપક્ષ નેતા કિશોરી પેડણેકરે મુંબઈમાં ૧૫મેથી લાગુ કરવામાં આવેલા ૧૦ ટકા પાણીકાપને પાછો ખેંચવાની માગણી પ્રશાસન સમક્ષ કરી હતી. સામાન્ય સભામાં તેણે મુંબઈના નાગરિકોને પાણી માટે હાલાકી ભોગવવી પડી રહી હોવાની ફરિયાદ કરી હતી, જેને તમામ પક્ષોના નગરસેવકોએ સમર્થન આપ્યું હતું.જોકે ભાજપના નગરસેવકોએ રાજ્યમાં રહેલા દુકાળને ધ્યાનમાં રાખીને સમજી વિચારીને નિર્ણય લેવાની સલાહ આપી હતી. તો પાલિકાના સભાગૃહ નેતા ગણેશ ખણકરે પાણીની ચોરીને રોકવા પર ભાર આપતા હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટમાં ૪૦ ટકા કર્મચારીઓની અછત હોવા પર પ્રશાસનને સવાલ કર્યો હતો.

સામાન્ય સભામાં પાણી પર ચાલી રહેલી ચર્ચા દરમ્યાન મેયરે ‘અલ નિનો’ની અસરને ધ્યાનમાં રાખીને પાણીકાપનો નિર્ણય રાજ્ય સરકાર સાથે ચર્ચા કર્યા બાદ લેવાનો આગ્રહ રાખ્યો હતો. ત્યારે પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે કહ્યું હતું કે જુલાઈમાં થયેલા રેકોર્ડ બ્રેક વરસાદને પગલે મુંબઈનું પાણીનું સંકટ મોટા પ્રમાણમાં ઘટી ગયું હતું. મે જૂન મહિનામાં જળાશયોમાં પાણીનું સ્તર સાત ટકા થઈ ગયું હતું પણ ૨૧ જુલાઈ સુધીમાં ભારે વરસાદને પગલે તે ૮૯ ટકા સુધી પહોંચી ગયું હતું. ફક્ત જુલાઈમાં જ પાણીમાં ૮૦ ટકાનો વધારો થયો હતો. જોકે ઑગસ્ટ અને સપ્ટેમબરમાં જળાશયોમાં માત્ર આઠ ટકા જેટલો જ વધારો થયો છે. જો જુલાઈમાં ભારે વરસાદ નહીં પડયો હોત તો મુંબઈમાં પાણીનું ગંભીર સંકટ નિર્માણ થયું હોત. તેથી આગામી દિવસોમાં સમજી-વિચારીને આવતા વર્ષ સુધી ચાલી રહે તે પ્રમાણે તેનું આયોજન કરીને પાણીનો વપરાશ કરવો આવશ્યક છે.

**૫૦૦ એમએલડી પાણીની અછતઃ** મુંબઈમાં પ્રતિદિન લગભગ ૪,૬૦૦ મિલ્યન લિટર પાણીની માગ સામે હાલમાં લગભગ ૪,૧૦૦ મિલ્યન લિટર પાણી મળે છે, જેના કારણે સામાન્ય સંજોગોમાં પણ દરરોજ લગભગ ૫૦૦ મિલ્યન લિટર પાણીની અછત રહે છે. પાલિકાના અધિકારીઓને ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ લાવવા અને પાઇપલાઇન ફાટવા કે ગળતરની સમસ્યાના પ્રકરણમાં સમારકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચોવીસ કલાક કામ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

**૨૦૩૦ સુધી વધારાનું પાણી મળશેઃ** મુંબઈને ૨૦૩૦ સુધીમાં ૧,૦૪૦ મિલ્યન લિટરનો વધારાનો પાણી પુરવઠો કરવાનું શકય બનશે. મુંબઈના પાણીના પુરવઠામાં વધારો કરવા માટે આયોજિત પ્રોજેક્ટમાં ગારગાઈ ડેમમાંથી ૪૪૦ મિલ્યન લિટર, મનોરી ડિસેલિનેશન (મીઠા પાણીમાં રૂપાંતર) પ્રોજેક્ટમાંથી ૪૦૦ મિલ્યન લિટર અને વર્સોવા ડિસેલિનેશન પ્રોજેક્ટમાંથી આશરે ૨૦૦ મિલ્યન લિટર પાણીનો સમાવેશ થાય છે. જો આ પ્રોજેકટ ૨૦૩૦ સુધીમાં પૂર્ણ થઈ જાય, તો તેનાથી લગભગ ૧,૦૪૦ મિલ્યનનો વધારો થવાની અપેક્ષા છે, જેનાથી શહેરની પુરવઠા ક્ષમતા વધીને લગભગ ૫,૧૪૦ મિલ્યન લિટર સુધી પહોંચી જશે.

**પાણીનો વેડફાટઃ** પાણીના પ્રતિદિન થઈ રહેલા વેડફાટ બાબતે અભિજિત બંગારે જણાવ્યું હતું કે મુંબઈના કુલ પાણીના લગભગ ૩૨-૩૫ ટકા પાણીનો વેડફાટ ગળતર અને ચોરીને કારણે થાય છે. તેમણે ઉમેર્યું હતું કે આ બગાડમાં ૧૦ ટકાનો ઘટાડો કરવાથી પણ લગભગ ૪૦૦ મિલ્યન લિટર પાણી બચાવી શકાય છે.

**રિચાર્જ અને પુનઃઉપયોગ પર ધ્યાનઃ** પાલિકાએ વૈકલ્પિક સ્રોતો તરીકે કૂવાને રિચાર્જ, પાણીનો પુનઃઉપયોગ અને વરસાદી પાણીના સંગ્રહ (રેઈનવોટર હાર્વેસ્ટિંગ)ને પ્રોત્સાહન આપવાનું પણ આયોજન કરી રહ્યું છે. તે નવી ઇમારતોમાં વરસાદી પાણીના સંગ્રહની જોગવાઈઓના કડક અમલીકરણ પર ભાર મૂકી રહ્યું છે. તેમ જ પાણીનાં ટેન્કરો માટે નવી પૉલિસી પણ તૈયાર કરવામાં આવી છે. પાણીની અછતવાળા વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણીના પુરવઠાનું નિયમન કરવા અને સંભવિત ગેરરીતિઓ રોકવા માટે એક નવી નીતિ તૈયાર કરવામાં આવી રહી છે અને મંજૂરી બાદ એકાદ-બે મહિનામાં તે અમલમાં આવવાની હોવાનું એડિશનલ કમિશનરે જણાવ્યું હતું.

# મહારાષ્ટ્ર સરકાર ભૂતપૂર્વ અગ્નિવીરોને પોલીસ, દરિયાકાંઠાની સુરક્ષા અને અન્ય દળોમાં સમાવી લેશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર ચાર વર્ષનો લશ્કરી કાર્યકાળ પૂર્ણ કરનારા અગ્નિવીરોને પોલીસ અને અન્ય રાજ્ય સરકારી દળોમાં સમાવી લેશે અને તેમને નવી પરીક્ષાઓ અને તાલીમમાંથી મુક્તિ આપવામાં આવશે એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું.

અગ્નિ વીરોની પહેલી બેચ કાર્યકાળ પૂર્ણ કરી સશસ્ત્ર દળોમાંથી પરત આવી રહી છે એનો ઉલ્લેખ કરી ફડણવીસે કહ્યું હતું કે ‘કેન્દ્રએ શરત મૂકી છે કે ૨૫ ટકા અગ્નિવીરોને સશસ્ત્ર દળોમાં ચાલુ રાખવા જોઈએ, જ્યારે બાકીના ૭૫ ટકાને કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ દળોમાં સમાવિષ્ટ કરવા જોઈએ..મહારાષ્ટ્રએ નિર્ણય લીધો છે કે સશસ્ત્ર દળોમાં ચાલુ નહીં રાખવામાં આવનાર અગ્નિવીરોને પોલીસ અને રાજ્ય સરકારના દળોમાં સમાવી લેવામાં આવશે.’

૨૦૨૨ની અગ્નિપથ યોજના હેઠળ કેન્દ્ર સશસ્ત્ર દળોમાં ૨૫ ટકા અગ્નિવીરોને જાળવી રાખશે, જ્યારે બાકીના ૭૫ ટકાને સેવામાંથી મુક્ત કરવામાં આવશે. અગ્નિવીર તરીકે ઓળખાતી આ યોજના હેઠળ ભરતી કરાયેલા સૈનિકો કુલ ચાર વર્ષ માટે સેવા આપે છે, જેમાં ૬ મહિનાની તાલીમનો સમાવેશ થાય છે.

ગૃહ મંત્રાલય પણ સંભાળતા મુખ્ય પ્રધાનએ જણાવ્યું હતું કે, ભૂતપૂર્વ અગ્નિવીરોને બીજી ભરતી પરીક્ષામાં બેસવાની કે નવી તાલીમ લેવાની જરૂર રહેશે નહીં કારણ કે તેઓ તેમના ચાર વર્ષના કાર્યકાળ દરમિયાન પહેલાથી જ પરીક્ષણ અને તાલીમમાંથી પસાર થઈ ચૂક્યા છે.

અનુસૂચિત જાતિ (એસસી) ના પેટા-વર્ગીકરણ પરના વિરોધ પર, ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકશાહીમાં દરેકને વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ તેમણે કહ્યું કે આવાં આંદોલનો દરમિયાન ટાંકવામાં આવેલા દાવાઓ અને ઉદાહરણોની વાસ્તવિક સત્યતા માટે તપાસ થવી જોઈએ. લોકશાહીમાં, દરેકને વિરોધ કરવાનો અધિકાર છે. હું તેની ટીકા નહીં કરું. પરંતુ આપણે સમજવાની જરૂર છે કે જે મુદ્દા પર વિરોધ થઈ રહ્યો છે તે કેટલો વાસ્તવિક છે. (પીટીઆઈ)

## કોલ્હાપુર સર્કિટ બેંચ માટે ૪૫૯ પદ મંજૂર, રાજ્ય કેબિનેટમાં લેવાયા મહત્ત્વના નિર્ણયો

મુંબઈઃ રાજ્યના ૨૫૬ તાલુકાઓમાં દુષ્કાળ જાહેર કર્યા બાદ મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં પ્રધાનમંડળની બેઠક યોજાઈ હતી, જેમાં બાકીના તાલુકાઓમાં પણ ખેડૂતોને મદદ કરવા અંગે ચર્ચા થઈ હતી. આ સાથે મહારાષ્ટ્રના પૂર્વ અગ્નિવીરો માટે સરકારી નોકરીઓમાં દસ ટકા સમાંતર અનામત અને ગ્રુપ સી ની ગણવેશધારી સેવાઓનાં પદો પર નિમણૂક આપવાનો નિર્ણય

લેવામાં આવ્યો હતો. મંગળવારની કેબિનેટ બેઠકમાં કોલ્હાપુરમાં હાઈ કોર્ટમાં ૪૫૯ પદો બનાવવાને મંજૂરી આપવા સહિત ૧૦ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યમાં દુષ્કાળની સ્થિતિ, પગલાં અને પાણી પુરવઠા અંગે મુખ્યત્વે ચર્ચા કરવામાં આવી હતી. તેની સાથે પૂર્વ અગ્નિવીરોને સરકારી નોકરીઓમાં ૧૦% અનામત આપવું, પશુધન માટે ઘાસચારા નીતિ જાહેર કરવી અને ફોરેન્સિક સાયન્સ લેબમાં ૨,૭૬૧ જગ્યાઓ મંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ ઉપરાંત, મુંબઈ હાઈ કોર્ટની કોલ્હાપુર સર્કિટ બેંચ માટે ૪૫૯ જગ્યાઓ ઊભી કરવા, છત્રપતિ સંભાજીનગરના વાળુજમાં નવી કોર્ટ સ્થાપવા, નાગપુરમાં ગરીબો માટે પરવડે તેવા ઘરો બાંધવા મ્હાડાને જમીન આપવા અને પાલઘરના સૂર્યા પ્રોજેક્ટ અસરગ્રસ્તોને ૫૬ વર્ષ પછી જમીનની માલિકી આપવા જેવા નિર્ણયો લેવાયા. સાથે જ, મહારાષ્ટ્ર લોજિસ્ટિક્સ નીતિમાં સુધારો કરીને સ્ટેમ્પ ડ્યૂટીમાં છૂટછાટ અને બાંદ્રામાં પ્લોટના લીઝ રિન્યુઅલને પણ મંજૂરી આપવામાં આવી.

ભૂખહડતાળનો બીજો દિવસ

# સરકાર તરફથી હજુ સુધી કોઈએ અમારો સંપર્ક સાધ્યો નથીઃ સાહિલ વાકોડેના પિતાના વકીલ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં આઝાદ મેદાનમાં ભૂખ હડતાળના બીજા દિવસે મંગળવારે આઇઆઇટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેનાં માતા-પિતાએ તેમના પુત્રના મૃત્યુ માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી. તેમના વકીલે જણાવ્યું હતું કે સરકારના કોઇ પ્રતિનિધિએ હજી સુધી તેમનો સંપર્ક સાધ્યો નથી.

યવતમાળના રહેવાસી સાહિલના પિતા રવીન્દ્ર વાકોડે અને માતા સોનાલી વાકોડે આઝાદ મેદાનમાં કામચલાઉ મંચ પર બેઠાં હતાં અને સાહિલ માટે ન્યાયની માગ કરતો સંદેશ ધરાવતો ફોટો હાથમાં પકડ્યો હતો. સ્થળ પર અન્ય કેટલાક લોકો તેમની સાથે જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેમાં બીજા વર્ષનો બીટૅકનો વિદ્યાર્થી સાહિલ વાકોડે ૧૮ સપ્ટેમ્બરે સાંજે હોસ્ટેલની રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. આઇઆઇટી બોમ્બેમાં પરીક્ષામાં મોબાઇલનો ઉપયોગ કરતા પકડાયા બાદ તેણે અંતિમ પગલું ભર્યું હતું. સાહિલનાં માતા-પિતાએ દાવો કર્યો હતો કે તેમના પુત્રની જાતિને લઇ સતામણી કરવામાં આવતી હતી.

આ પ્રકરણે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ થયા બાદ આઇઆઇટી બોમ્બેના ડિરેક્ટર શિરીષ કેદારે તેમ જ પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાની ધરપકડ કરવાની માગણી સાહિલનાં માતા-પિતાએ કરી હતી. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી તેમના પુત્રને ન્યાય ન મળે જવાબદાર લોકોને સજા ન થાય ત્યાં સુધી તેઓ આંદોલન ચાલુ રાખશે. રવીન્દ્ર વાકોએ કહ્યુ જણાવ્યું કે તેમણે આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સાથે વાતચીત કરી છે અને પોલીસની માર્ગદર્શિકા મુજબ ભૂખ હડતાળ ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો છે.

આઇઆઇટી બોમ્બે બોર્ડે અગાઉ સાહિલના મૃત્યુના સંજોગોની તપાસ કરવા માટે ૧૦ સભ્યોની સમિતિની રચના કરી હતી. સાહિલની આત્મહત્યાને પગલે વિદ્યાર્થીઓ અને રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલા દેખાવ બાદ પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાને વહીવટી બાબતોના ડીન પદેથી હટાવાયા હતા. (પીટીઆઇ)

### આઠવલેએ ન્યાયની ખાતરી આપી

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ મંગળવારે આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેના માતા-પિતા સાથે વાત કરી અને તેમને આત્મહત્યા દ્વારા મૃત્યુ પામેલા પુત્ર સંદર્ભે ન્યાય મળશે એની ખાતરી આપી હતી. સાહિલના પિતા રવિન્દ્ર વાકોડે સાથેની ફોન પર થયેલી વાતચીતમાં પ્રધાને જણાવ્યું હતું કે ‘ન્યાય મળે એ અમારી જવાબદારી છે.’

આઠવલેએ એમ પણ જણાવ્યું હતું કે આત્મહત્યા માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી થવી જોઈએ. ક્રાઈમ બ્રાન્ચ આ કેસની સંપૂર્ણ તપાસ કરી રહી છે. સાહિલના માતા-પિતા તેમના પુત્ર માટે ન્યાય મેળવવા માટે મુંબઈના આઝાદ મેદાનમાં ભૂખ હડતાળ પર છે. (પીટીઆઈ)

# પીએનબી કૌભાંડઃ યુએઈથી પ્રત્યર્પણ કરાયેલા નીરવ મોદીના સાથી સંદીપ મિસ્ત્રીની ધરપકડ

મુંબઈઃ ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના પીએનબી કૌભાંડમાં યુએઈથી પ્રત્યર્પણ કરાયેલા ભાગેડુ બિઝનેસમૅન નીરવ મોદીના સાગરીત સંદીપ મિસ્ત્રીની સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશને (સીબીઆઈ) ધરપકડ કરી હતી.

સંદીપ મિસ્ત્રીનું સોમવારે પ્રત્યર્પણ કરાયા પછી સીબીઆઈએ મુંબઈમાં મંગળવારે તેની ધરપકડ કરી હતી. તેને વિશેષ સીબીઆઈ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. જોકે સીબીઆઈએ મિસ્ત્રીના રિમાન્ડની માગણી ન કરતાં કોર્ટે તેને છઠ્ઠી ઑક્ટોબર સુધી અદાલતી કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

સ્પેશિયલ કોર્ટે નવેમ્બર, ૨૦૨૫માં જારી કરેલા બિનજામીનપાત્ર વૉરન્ટને આધારે મિસ્ત્રીની ધરપકડ કરવામાં આવી હતી. નીરવ મોદીની હૉંગકૉંગની કંપની ફેન્સી ક્રિયેશન્સ લિ.નો મિસ્ત્રી ડિરેક્ટર હતો.

સીબાઆઈનો આરોપ છે કે મિસ્ત્રીએ મોદી અને અન્ય આરોપીઓ સાથે ફોજદારી કાવતરું ઘડીને પંજાબ નૅશનલ બૅન્ક સાથે આશરે ૬,૪૯૮.૨૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

કેન્દ્રીય એજન્સી એવો પણ દાવો કર્યો હતો કે મોદીના ભાઈ નેહલ અને અન્ય આરોપીઓ સાથે મળીને મિસ્ત્રીએ ભારતમાં ગુનો નોંધાયા પછી દુબઈમાં નીરવ સાથે સંકળાયેલી વિવિધ કંપનીના ડમી ડિરેક્ટરો અને કર્મચારીઓને કંપની છોડી જવા ધમકી આપી હતી.

કોઈ પણ ઘડીએ ધરપકડ થઈ શકે છે એવી ધમકી આપીને બળજબરીથી કાઈરોમાં સ્થળાંતર થવા તેમને મજબૂર કરાયા હોવાનો આક્ષેપ કરાયો છે. એ સિવાય આરોપીએ પુરાવા નષ્ટ કરવા માટે તેમના મોબાઈલ ફોનનો પણ નાશ કર્યો હતો, એવો આરોપ સીબીઆઈનો છે.

નીરવ, તેના મામા મેહુલ ચોક્સી અને અન્યો સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) ૨૦૧૮થી મની લોન્ડરિંગ મામલે તપાસ કરી રહી છે. બૅન્ક અધિકારીઓ સાથે સાઠગાંઠ કરીને ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની ઠગાઈ કરી હતી અને મુંબઈમાં બ્રેડી હાઉસ સ્થિત પીએનબી શાખામાં બોગસ લેટર્સ ઑફ અન્ડરટેકિંગ (એલઓયુ) પણ જારી કર્યા હતા. (પીટીઆઈ)

# મુંબઈમાં માતંગ સમાજનું શક્તિપ્રદર્શન



મુંબઈઃ અનુસૂચિત જાતિઓના ૧૩ ટકા અનામતના વર્ગીકરણની માગણી પડતર રહેવાને કારણે માતંગ સમાજ દ્વારા મંગળવારે મુંબઈમાં આંદોલન કરવામાં આવ્યું હતું.

આ આંદોલન આઝાદ મેદાન પર થવાનું હતું. જોકે, પોલીસને અંધારામાં રાખીને માતંગ મોરચાના આંદોલનકારીઓએ સીએસએમટી સ્ટેશન વિસ્તારમાં રસ્તા પર ઊતરીને વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ કરી દીધો હતો. અહીં મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત હોવા છતાં, આંદોલનકારીઓએ સીએસએમટી વિસ્તાર અને બીએમસી હેડઓફિસનો વિસ્તાર ઘેરી લીધો હતો. આંદોલનકારીઓને રસ્તા પરથી દૂર કરવાના પોલીસ દ્વારા પ્રયાસો ચાલુ હતા, પરંતુ, આંદોલનકારીઓ માનવા તૈયાર ન હતા. અનુસૂચિત જાતિઓના અનામતના વર્ગીકરણ અંગે સરકારી

નિર્ણય ના થાય ત્યાં સુધી અમે મુંબઈ છોડીશું નહીં, એવું મક્કમ વલણ માતંગ આંદોલનકારીઓએ અપનાવ્યું હતું, જેને કારણે પોલીસ તંત્ર માટે મોટી મુશ્કેલી ઊભી થઈ હતી.

કેટલાક આંદોલનકારીઓ રસ્તા પર જ સૂઈ ગયા હતા, કેટલાક આંદોલનકારીઓ બેસ્ટની બસો પર ચડી ગયા હતા. આ બધાના કારણે સીએસએમટી વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. પૂર્વ ધારાસભ્ય રમેશ કદમ પણ આ મોરચામાં સામેલ થવાના હતા. જોકે, તે પહેલાં જ કસ્તુરબા માર્ગ પોલીસ દ્વારા સવારે સાત વાગ્યે તેમની અટકાયત કરવામાં આવી હતી.

મહારાષ્ટ્ર સરકારના આદેશ મુજબ કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ઊભી ન થાય તે માટે આ મોરચામાં જવાની પરવાનગી નકારવામાં આવી હોવાની માહિતી પોલીસે તેમને આપી હતી.

# સિંગર દિલેશ દોશીનું અવસાન



મુંબઈઃ ઘાટકોપરમાં ઘણાં વર્ષો બાદ નવરાત્રીનું આયોજન થવા જઈ રહ્યું હતું ત્યારે ઘાટકોપરના ખેલૈયાઓ માટે એક આઘાતજનક સમાચાર મળ્યા છે. ૨૦ સપ્ટેમ્બરના ઘાટકોપર ઈસ્ટ ખાતે રાસરંગ ૨૦૨૬ નવરાત્રિનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું અને ઘણાં વર્ષો બાદ ઘાટકોપરમાં નવરાત્રીનું આયોજન થયું હોવાને કારણે ઘાટકોપરવાસીઓ તથા ખેલૈયાઓમાં ખૂબ ઉત્સાહ હતો ત્યારે જાણીતા સિંગર દિલેશ દોશી(૫૨)ના અવસાનના સમાચારથી ઘાટકોપરના ખેલૈયાઓ તથા સંગીત જગતમાં શોકની લહેર પસરી ગઈ છે.

ગયા ગુરુવારે કાલિદાસ સભાગૃહ ખાતે એક કાર્યક્રમ દરમયાન દિલેશ દોશીને અચાનક બ્રેઇનસ્ટ્રોક આવવાના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ગઈકાલે તેમનું નિધન થયું હતું. તેઓ મુંબઈ માં કાંદિવલી ખાતે રહેતા હતા.આ બાબતે રાસરંગ ૨૦૨૬ના આયોજક જિતેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે આ ખરેખર ખૂબ દુઃખદ સમાચાર છે પણ ઘાટકોપરમાં નવરાત્રીનું આયોજન કેન્સલ નહીં કરવામાં આવે અને દિલેશ દોશીના સ્થાને હર્ષિત ચૌહાણ સાથે આ કાર્યક્રમ થશે.

# એન્ટિલિયા બૉમ્બ કેસમાં આખરે સચિન વાઝેને મળ્યા જામીન

મુંબઈઃ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન એન્ટિલિયા બહાર વિસ્ફોટક ભરેલી કાર મળી આવવા અને વેપારી મનસુખ હિરેનની હત્યાના કેસમાં આરોપી અને સસ્પેન્ડેડ પોલીસ અધિકારી સચિન વાઝેના જામીન સ્પેશિયલ એનઆઈએ કોર્ટે મંજૂર કર્યા છે. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના લેવામાં આવેલા આ નિર્ણયથી માર્ચ ૨૦૨૧થી કસ્ટડીમાં રહેલા વાઝેને રાહત મળી છે. જોકે, જામીન મળ્યા હોવા છતાં તેમની સામેની ટ્રાયલ અને અન્ય કાનૂની કાર્યવાહી ચાલુ રહેશે.

આ કેસની શરૂઆત ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ થઈ હતી. દક્ષિણ મુંબઈમાં અંબાણીના નિવાસસ્થાન એન્ટિલિયા નજીક એક મહિન્દ્રા સ્કોર્પિયો કાર મળી આવી હતી. કારમાંથી ૨૦ જિલેટિન સ્ટિક્સ અને ધમકીભરી ચિઠ્ઠી મળી હતી. આ કાર થાણેના ઓટો પાર્ટ્સ વેપારી મનસુખ હિરેનની હતી અને તેમણે કાર ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. ૪ માર્ચે હિરેન ગુમ થયા બાદ ૫ માર્ચે તેમનો મૃતદેહ થાણેની ખાડીમાંથી મળી આવ્યો હતો. તેમના મોઢામાં છ રૂમાલ ભરાયેલા અને ચહેરા પર સ્કાર્ફ બાંધેલો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું હતું.

એન્ટિલિયા બોમ્બ કાંડ અને મનસુખ હિરેન હત્યા કેસમાં હવે જામીન મળ્યા બાદ વાઝે માટે કાનૂની લડતમાં એક રાહત મળી છે, પરંતુ કેસનો હજી સુધી અંત આવ્યો નથી. અગાઉ સુપ્રીમ કોર્ટે પણ આ જ કેસમાં પૂર્વ આઈપીએસ અધિકારી પ્રદીપ શર્માની ડિસ્ચાર્જ અરજી ફગાવી હતી અને ટ્રાયલના તબક્કે આરોપોમાંથી મુક્તિ આપી શકાય નહીં તેમ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## લક્ષ્યની ડબલ સેન્ચુરીથી અન્ડર-૧૯ ટીમની જીત

રાજકોટ: અહીં પ્રથમ અન્ડર-૧૯ (યુથ) ટેસ્ટમાં ભારતે મંગળવારે એક દાવ અને ૪૮ રનથી વિજય મેળવ્યો હતો. ઑસ્ટ્રેલિયન જુનિયર ટીમના ૨૧૭ રન સામે ભારતીય જુનિયર ટીમે લક્ષ્ય રાયચંદાનીના ૨૪૦ રનની મદદથી ૪૯૪ રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયન ટીમ ૨૨૯ રનમાં આઉટ થઈ ગઈ હતી. ઇશાન ઓમે મૅચમાં કુલ નવ વિકેટ અને યશબર્ધન ચૌહાણે કુલ આઠ વિકેટ લીધી હતી. ■

## ગુવાહાટીમાં રો-કો માટે લોકોમાં જબરો ક્રેઝ, આજે બીજી વન-ડે

ગુવાહાટી: ભારતે વેસ્ટ ઇન્ડિઝ સામે છેલ્લી ૧૨માંથી ૧૧ વન-ડે જીતી છે ત્યારે આજે (બપોરે ૨.૦૦ વાગ્યાથી) રમાનારી સિરીઝની બીજી વન-ડે જીતીને ભારતીયો ૨-૦ના માર્જિન સાથે ટ્રોફી પર કબજો કરી લેવા કોઈ કસર બાકી નહીં રાખે, પરંતુ મજબૂત બૅટિંગ સામે પેસ બોલિંગમાં સાતત્યતાનો જે અભાવ છે એ કદાચ ભારતને નડી શકે. ગુવાહાટીમાં રો-કો (રોહિત-વિરાટ)ને જોવા માટે ગઈ કાલે ઍરપોર્ટ પર લોકોની ભારે ભીડ જામી હતી. કોહલી રવિવારે વન-ડે ક્રિકેટમાં ૧૫,૦૦૦ રન પૂરા કરનાર સચિન પછીનો બીજો ખેલાડી બન્યો હતો. ■



**ગુવાહાટીના મંદિરમાં ગંભીરની પ્રાર્થના:** વન-ડે ટીમનો હેડ-કોચ ગૌતમ ગંભીર ગઈ કાલે આસામમાં ગુવાહાટીના મા કામખ્યા ટેમ્પલમાં પ્રાર્થના માટે પહોંચી ગયો હતો. (પીટીઆઇ) ■

# એશિયન ગેમ્સ

## ગુલવીર સિંહની ૭૫ વર્ષ જૂના વિક્રમની બરાબરી

### ભારતના બાવન સામે ચીનના ૨૫૪ ચંદ્રક





દોડવીર ગુલવીર સિંહ (ઉપર, ડાબે) અને હાઈ જમ્પર પૂજા સિંહ (ઉપર, જમણે) તથા ૪-૪૦૦ દોડમાં મેડલ જીતી લીધા પછી પુરુષ અને મહિલા રનર્સે સાથે મળીને પોઝ આપ્યો હતો (નીચે, ડાબે). શૂટર નીરુ ઢાંડાએ ગોલ્ડ મેડલ જીત્યા પછી સેલિબ્રેશન કર્યું હતું. (પીટીઆઇ)





નાગોયા: ગઈ કાલે જાપાનની એશિયન ગેમ્સમાં પુરુષોની હરીફાઈના રનર ગુલવીર સિંહે કમાલ કરી નાખી હતી. તેણે મેડલની હૅટ-ટ્રિક કરીને જાપાનની ભૂમિને ચૂમી લીધી હતી. તે એક જ એશિયન ગેમ્સમાં ત્રણ ટ્રૅક ઍન્ડ ફીલ્ડના ત્રણ ચંદ્રક જીતનાર બીજો ભારતીય છે. તેણે ભારતના ભૂતપૂર્વ રનર લૅવી પિન્ટોની બરાબરી કરી હતી.

પિન્ટો ૧૯૫૧ની એશિયાડમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટરમાં ગોલ્ડ મેડલ તથા ૪-૧૦૦ રિલેમાં સિલ્વર મેડલ જીત્યા હતા. આ વખતના એશિયાડમાં ગુલવીર સિંહે ૧૦,૦૦૦ મીટર રેસમાં બ્રૉન્ઝ, ૧૫૦૦ મીટર રેસમાં પણ બ્રૉન્ઝ તેમ જ ૫૦૦૦ મીટર રેસમાં સિલ્વર મેડલ જીતી લીધો છે. તે આ કૅટેગરીમાં ત્રણ મેડલની સિદ્ધિ મેળવનાર ભારતીયોમાં છેલ્લાં ૭૫ વર્ષનો પ્રથમ રનર છે. મહિલાઓમાં આ સિદ્ધિ પી. ટી. ઉષાએ ૧૯૮૬માં સૉલ એશિયાડમાં ચાર મેડલ સાથે અને કે. એમ. બીનામોલે ૨૦૦૨માં બુસાન એશિયાડમાં ત્રણ મેડલ સાથે હાંસલ કરી હતી.

**ભારતના છ, ચીનના ૧૪૩ ગોલ્ડ**

ભારતે કુલ ચંદ્રકોની હાફ સેન્ચુરી પૂરી કરી હતી. ભારત ૧૦મા નંબરે આવી ગયું ત્યારે કુલ બાવન ચંદ્રકમાં છ ગોલ્ડ, ૨૧ સિલ્વર અને પચીસ બ્રૉન્ઝ મેડલ સામેલ હતા. જોકે ભારતથી ચીન અને જાપાન ખૂબ આગળ હતા. ચીન ૧૪૩ ગોલ્ડ સહિત કુલ ૨૫૪ ચંદ્રક સાથે પહેલા નંબરે અને જાપાન ૪૫ ગોલ્ડ સહિત કુલ ૧૮૩ ચંદ્રક સાથે બીજા નંબરે હતું. સાઉથ કોરિયા ૨૪ ગોલ્ડ સહિત કુલ ૯૫ ચંદ્રક સાથે ત્રીજા ક્રમે હતું.

**રનર પૂવમ્માની ત્રીજી એશિયાડમાં સિદ્ધિ**

સુવર્ણચંદ્રક જીત્યા પછી રનિંગની ચારેય ભારતીય મહિલા સ્પર્ધકો બેહદ ખુશ હતી. એમાં ખાસ કરીને વિથ્યા રામરાજના માનવામાં જ નહોતું આવતું કે તેઓ ગોલ્ડ મેડલ જીતી છે. તે રિલે દોડ પૂરી કર્યા પછી નજીકની બેન્ચ પર જઈને બેસી ગઈ હતી અને તેની આંખોમાં હર્ષનાં આંસુ હતા. સાથી સ્પર્ધકો કિરણ પહલ અને પ્રાચી ચૌધરી તેની પાસે આવીને તેને હકીકતથી વાકેફ કરી રહી હતી કે 'આપણે ગોલ્ડ મેડલ જીતી ગયાં છીએ.' ચોથી રનર પૂવમ્મા મચેટિરા તેમનાથી થોડે દૂર પ્રેક્ષકો સામે જીત સેલિબ્રેટ કરવામાં મગ્ન હતી. ચારમાંથી ૩૬ વર્ષની પૂવમ્મા એવી રનર છે જે ૨૦૧૪ તથા ૨૦૧૮ની એશિયાડમાં ગોલ્ડ મેડલ જીતનાર ટીમની મેમ્બર પણ હતી.

એ પહેલાં, ૪-૧૦૦ મિક્સ્ડ રિલે દોડમાં ભારતને બ્રૉન્ઝ મેડલ મળ્યો હતો. ગુરિન્દરવીર સિંહ, અનિમેશ કુજુર, સ્નેહા સત્યનારાયણ અને હરિતા ભદ્રાએ આ દોડ ૪૧.૦૬ સેકન્ડમાં પૂરી કરીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

પુરુષોની ૪-૪૦૦ રિલે ફાઇનલમાં ધરમવીર ચૌધરી, વિશાલ થેન્નારાસુ, મનુ થેન્કીનાલિલ અને જય કુમારે ભારતને બ્રૉન્ઝ મેડલ અપાવ્યો હતો તેમ જ તેમણે વિમેન્સ ૪-૪૦૦ રિલેમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય મહિલા ટીમ સાથે મળીને ફોટો માટે યાદગાર પોઝ આપ્યો હતો. ધરમવીર ઍન્ડ કંપનીએ ૪-૧૦૦ રિલે ત્રણ મિનિટ, ૦૧.૬૧ સેકન્ડમાં પૂરી કરીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આ રેસમાં જાપાન અને કતારના રનર્સ અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા હતા.

**બૉક્સર અંકુશ ગોલ્ડની લગોલગ**

એ પહેલાં, બૉક્સિંગમાં અંકુશ પંઘાલે આઠ વર્ષનું મહેણું ભાંગ્યું હતું. ભારતે પુરુષોની મુક્કાબાજીમાં ફાઇનલિસ્ટ પહોંચાડીને આ સિદ્ધિ મેળવી હતી. અંકુશે ૮૦ કિલો વજનવાળી કૅટેગરીની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

**ઊંચા કૂદકામાં પૂજાને બ્રૉન્ઝ**

૧૯ વર્ષની હાઇ-જમ્પર પૂજા સિંહે શરૂઆતના આંચકા બાદ છેવટે ૧.૮૪ મીટરના પર્ફોર્મન્સ સાથે ઊંચા કૂદકામાં બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો. ■

## સેમિ ફાઇનલ અને ફાઇનલ પણ ધોવાશે તો ભારત-પાકિસ્તાન ગોલ્ડ મેડલ વહેંચી લેશે!

નિશીન: જાપાનની એશિયન ગેમ્સમાં ભારતને ૨૦૨૨ના આ રમતોત્સવની સરખામણીમાં બહુ જ ઓછા ગોલ્ડ મેડલ મળ્યા છે અને એવામાં હવે મેન્સ ક્રિકેટનો સુવર્ણચંદ્રક મળવાની પાક્કી સંભાવના છે ત્યારે એમાં દુશ્મન-દેશ ભાગ પડાવશે એવી ભીતિ છે.

વાત એવી છે કે મહિલાઓની ટી-૨૦માં હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતને અઠવાડિયા પહેલાં જ ગોલ્ડ મેડલ મળી ચૂક્યો છે, પરંતુ પુરુષોની ટી-૨૦માં બધી મૅચો વરસાદને કારણે ખોરવાઈ ગઈ છે. મેન્સ ટી-૨૦ ટૂર્નામેન્ટની મૅચો જાપાનના નિશીન શહેરમાં રાખવામાં આવી છે જ્યાં મેઘરાજા બધા ક્રિકેટરોને પરેશાન કરી રહ્યા છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ક્વૉર્ટર ફાઇનલ વરસાદને લીધે તેમ જ મેદાન ખૂબ ભીનું હોવાથી નહોતી રમાઈ અને ચડિયાતા ક્રમને કારણે ભારતને સીધા સેમિ ફાઇનલમાં પહોંચવા મળી ગયું હતું. બીજી બાજુ, એવી જ રીતે પાકિસ્તાનને હૉન્ગ કૉન્ગ સામે સીધા સેમિમાં પ્રવેશ મળી ગયો હતો.

મંગળવારે ત્રીજી ક્વૉર્ટર ફાઇનલ શ્રીલંકા અને નેપાળ વચ્ચે હતી જે ફરી એક વખત વરસાદને લીધે ન રમાતાં શ્રીલંકાએ ડાયરેક્ટ સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી અને ત્યાર પછીની છેલ્લી ક્વૉર્ટર ફાઇનલમાં પણ એવું જ બન્યું એટલે મલયેશિયા કરતાં ચડિયાતા ક્રમને કારણે બાંગ્લાદેશને સેમિ ફાઇનલમાં પ્રવેશ મળી ગયો. ટૂંકમાં, ચારેય સેમિ ફાઇનલિસ્ટ દેશ એકેય બૉલ રમ્યા વગર સેમિ ફાઇનલમાં પહોંચી ગયા છે. બીજી તરફ, અફઘાનિસ્તાન, નેપાળ તેમ જ મલયેશિયા અને હૉન્ગ કૉન્ગ એક મૅચમાં જીત, એક મૅચમાં હાર જોયા પછી અને એક મૅચ ધોવાઈ જતાં ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે.

**સેમિ ફાઇનલ લાઇન-અપ**

ગુરુવાર, પહેલી ઑક્ટોબરે પ્રથમ સેમિ ફાઇનલ (ભારતીય સમય મુજબ સવારે ૫.૩૦ વાગ્યાથી) પાકિસ્તાન-બાંગ્લાદેશ વચ્ચે રમાશે. બીજો સેમિ ફાઇનલ મુકાબલો એ જ દિવસે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) ભારત અને શ્રીલંકા વચ્ચે થશે. જો આ બન્ને સેમિ ફાઇનલ પણ વરસાદને લીધે નહીં રમાય તો ચડિયાતા ક્રમાંકોવાળી બે ટીમ ફાઇનલમાં જશે. ભારત અને પાકિસ્તાન સૌથી ઊંચા ક્રમે છે એટલે તેમની વચ્ચે નિશીનમાં શનિવાર, ત્રીજી ઑક્ટોબરે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) ફાઇનલ રમાશે. વરસાદને લીધે દુર્ભાગ્યવશ ફાઇનલ પણ નહીં રમાય તો ભારત અને પાકિસ્તાન ગોલ્ડ મેડલ શૅર કરશે. ટૂંકમાં, બન્ને ટીમને સાથે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. ■

## ચૂંટણી સામે સુપ્રીમે સ્ટે ન મૂક્યો

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે રાજસ્થાન ક્રિકેટ અસોસિયેશનની મંગળવારની ચૂંટણી સામે સ્ટે મૂકવાની માગણી ફગાવી દીધી હતી, પરંતુ આ ચૂંટણીના પરિણામો જાહેર ન કરવામાં આવે એવો આદેશ પણ આપ્યો હતો. આ આદેશ ચીફ જસ્ટિસ સૂર્ય કાન્તની બેન્ચે આપ્યો હતો. તેમણે જે અપીલ પર આદેશ આપ્યો હતો એ એક ભૂતપૂર્વ મહિલા ક્રિકેટરે કરી હતી જેમાં તેણે જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં ન તો એકેય મહિલા મતદાતા છે અને ન કોઈ મહિલા ઉમેદવાર છે. ■

## ૨૪ કલાકમાં ત્રણ મેચ: સિંધુ નારાજ

નાગોયા (જાપાન) : ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુએ રવિવારે ૨૪ કલાકની અંદર ત્રણ સિંગલ્સ મેચ રમવા પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે એશિયન ગેમ્સનો વ્યસ્ત કાર્યક્રમ ખરાબ રીતે ગોઠવવામાં આવ્યો છે અને ખેલાડીઓ પાસે સ્વસ્થ થવા માટે પૂરતો સમય મળ્યો નથી. સિંધુને શનિવારે બે મેચ રમવાની હતી જેમાંથી બીજી મેચ મધ્યરાત્રિ પછી સમાપ્ત થઈ ગઈ. ત્યારબાદ તેણીને રવિવારે ચીનની ચેન યુફેઈ સામે ક્વાર્ટર ફાઇનલ મેચ માટે કોર્ટ પર જવું પડ્યું, જેમાં તેણે હારનો સામનો કરવો પડ્યો હતો. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.



### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RED CAP | રંગે હાથ |
| RED FLAG | ફૂલી |
| RED REG | ભયનું ચિહ્ન |
| RED HANDED | લાલચોળ |
| RED HOT | ભડકાવનારી વસ્તુ |

### માતૃભાષાની મહેક

રૂપ એટલે સૌંદર્ય, સુંદરતા, શોભા, ક્રાંતિ એવા અર્થ છે. રૂપ દેખાડવું એટલે સૌંદર્ય બતાવવું. રૂપ હરવું એટલે લજ્જિત કરવું. રૂપનાં રૂડાં, ને કરમના કૂડાં એટલે રૂપ એ દોષનું કારણ છે. રૂપરૂપનો અવતાર કે અંબાર મતલબ સ્વરૂપવાન, સુંદર. રૂપનો કટકો વિશેષણ સૌંદર્યવતી સ્ત્રી માટે વાપરવામાં આવે છે.

### ગુજરાત મોરી મોરી રે

'એકેય દિવસ સુખનો અનુભવ ન થવો' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નહીં વૈશાખ ચૈતર નહીં ને ચડે ઊતરે

### ઈર્શાદ

*સોળ વરસની સુંદરી, રુમઝુમ કરતું રૂપ,*
*મારે મખમલ ફૂંક, પડખે જઈને પ્રેમથી.*
- વિનોદ જોશી

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | ૪ | ૫ |
| | | | | ૬ | | | | ૭ | |
| ૮ | | | ૯ | | | ૧૦ | ૧૧ | | |
| | | | | ૧૨ | | | | | |
| ૧૩ | ૧૪ | | ૧૫ | | | ૧૬ | | ૧૭ | |
| | | | | | | ૧૮ | | | ૧૯ |
| ૨૦ | | ૨૧ | | ૨૨ | ૨૩ | | | | |
| | | ૨૪ | ૨૫ | | ૨૬ | | | ૨૭ | |
| ૨૮ | ૨૯ | | ૩૦ | | | | ૩૧ | | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. વહેલું, અગાઉનું (૪)
૩. યુક્તિ, કરામત (૪)
૬. સહેલું, સીધું (૩)
૭. પરવાનગી (૨)
૮. માર્ગ (૨)
૯. યથા રાજા તથા --- (૨)
૧૦. પંખી (૨)
૧૨. કિલ્લો (૨)
૧૩. તપ કરનાર (૪)
૧૮. મુશ્કેલી (૪)
૨૨. આકાશ (૨)
૨૪. ભ્રાંતિ, ભ્રમ (૨)
૨૬. ---કૈસા હૈ જનાબકા! ક્યા ખયાલ હે આપકા? (૨)
૨૭. હંમેશાં (૨)
૨૮. ચટકો, દંશ (૨)
૩૦. ઊંડું, ગંભીર (૩)
૩૨. વાઢકાપ (૪)
૩૩. વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)

**ઊભી ચાવી**

૧. મૃત્યુ સુધી (૫)
૨. કાંઠો, કિનારો (૨)
૩. ઉત્કટ ઈચ્છા (૩)
૪. પોપટ (૨)
૫. દોરડા પર નાચનાર નટ (૪)
૬. જાગૃત, જાગતું (૩)
૧૧. સુકાયેલું, ઘસાઇ ગયેલું (૨)
૧૪. --- કઢાવે વેઠ (૨)
૧૫. દુ:ખ વેઠી કઠણ થયેલું (૨)
૧૬. હંમેશાં (૨)
૧૭. ઓરડી (૨)
૧૯. ફાયદાકારક
૨૦ પારકા માલની ઉચાપત (૪)
૨૧. એક અપ્સરા (૨)
૨૩. મોટું (૩)
૨૫. પગેરું, બાતમી (૩)
૨૯. મૂર્ખ, બેવકૂફ (૨)
૩૧. એક --- આદમી હજાર --- કપડાં (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | સ્ત | ૨ ક | લા | | | ૩ આ | ૪ મ | દા | ની |
| ર | | લ | | ૫ સં | ભા | વ | ના | | |
| ખ | | ૬ ર | સિ | ક | | | ૭ મ | ધ્ય | મ |
| | ૮ ભા | વ | | ૯ લ | જા | ૧૦ મ | ણી | | |
| | વા | | ૧૧ ત | ન | | નો | | ૧૨ સે | ગ |
| ૧૩ અ | ર્થ | | બા | | ૧૪ અ | જ | | પ | |
| | | ૧૫ મ | હી | પ | તિ | | ૧૬ ત | ક | |
| ૧૭ પ | ર | ખ | | | ૧૮ શ | ર | ણ | | ૧૯ અ |
| | | ૨૦ મ | ૨૧ હા | કા | ય | | ખ | | જા |
| ૨૨ મ | ફ | લ | ર | | | ૨૩ ભ | લા | મ | ણ |

### ઓળખાણ પડી?




હાલ નેતાજી સુભાષચંદ્ર બોઝ ઍરપોર્ટ તરીકે ઓળખાતું અને અગાઉ ડમડમ ઍરપોર્ટ નામ હતું એ કયા શહેરમાં છે એ જણાવો.

અ) કાનપુર બ) કોલકાતા ક) ચેન્નઈ ડ) લખનઉ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કેટલાક લોકોને અડપલું કરવાની આદત હોય છે' પંક્તિમાં અડપલું શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) અભિમાન બ) અટકચાળો ક) અનુમાન ડ) આરામ

### માઈન્ડ ગેમ

તાજેતરમાં ભારત વિરુદ્ધ ટી - ૨૦ મેચ રમનારી જાપાનની ક્રિકેટ ટીમ સૌપ્રથમ આંતરાષ્ટ્રીય ક્રિકેટ કયા વર્ષમાં રમી હતી?

અ) ૧૯૯૦ બ) ૧૯૯૬ ક) ૨૦૦૧ ડ) ૨૦૦૭

### સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | ૩ | | | ૭ | |
| ૪ | ૩ | ૨ | ૭ | | | | | |
| ૮ | | | ૧ | | | | ૪ | |
| | ૯ | ૭ | | | ૧ | | | |
| | | | | | | | | |
| | | | ૬ | | | ૮ | ૯ | |
| | ૧ | | | | ૯ | | | ૫ |
| | | | | | ૫ | ૩ | ૬ | ૯ |
| | ૨ | | | ૬ | | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૬ | ૯ |
| ૯ | ૩ | ૪ | ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ | ૪ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૮ | ૫ | ૪ | ૨ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૪ | ૯ | ૭ | ૬ | ૧ | ૮ | ૫ | ૨ |
| ૭ | ૫ | ૨ | ૮ | ૯ | ૩ | ૧ | ૪ | ૬ |
| ૧ | ૬ | ૩ | ૨ | ૫ | ૭ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૯ | ૫ | ૬ | ૩ | ૮ | ૨ | ૧ | ૭ |
| ૨ | ૮ | ૭ | ૯ | ૧ | ૪ | ૬ | ૩ | ૫ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RECTIFY | સુધારવું |
| RECTOR | છાત્રાલયનો ઉપરી |
| RECUR | ફરી થવું |
| RECTILINEAR | સીધી લાઈનનું |
| RECTANGLE | લંબચોરસ |

**ગુજરાત મોરી મોરી રે:**
ઈશ્વરને ઘેર દેર છે પણ અંધેર નથી

**ઓળખાણ પડી?**
પાલમ ઍરપોર્ટ

**માઈન્ડ ગેમ :**
લુઈસ હેમિલ્ટન

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
ખેદ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) મુલરાજ કપૂર (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ એન. સંઘવી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નંદલાલ અ. ગોઠી (૨૩) વિપીન શાહ (૨૪) શિલ્પા શ્રોફ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) વિણા સંપટ (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) હિનાબેન દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવલા (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) મહેશ દોશી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) અતુલ સંપટ (૪૭) નેહુલ એમ. સંઘવી (૪૮) હેમાંગી કે મારુ (૪૯) મધુલતા ચંદ્રશેખર માંકડ

feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

# ગ્રીનલેન્ડ પર ટ્રમ્પનું દબાણ સફળ

## ડેન્માર્ક-ગ્રીનલેન્ડે સંરક્ષણ સમજૂતી કરવી પડી, કારણ કે...

અમેરિકા - ડેન્માર્ક - ગ્રીનલેન્ડ વચ્ચે તાજેતરમાં ન્યૂ યોર્કમાં યોજાયેલી યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભા દરમિયાન થયેલી ત્રિપક્ષીય સુરક્ષા સમજૂતી વૈશ્વિક ભૌગોલિક, રાજકારણ અને આર્કટિક ક્ષેત્રના વ્યૂહાત્મક સમીકરણોમાં એક અત્યંત નિર્ણાયક મોડ દર્શાવે છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા છેલ્લા કેટલાક સમયથી ગ્રીનલેન્ડ પર અમેરિકી સૈન્ય અને રાજકીય નિયંત્રણ સ્થાપિત કરવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું હતું. આ દબાણની વ્યૂહરચનાના પરિણામ સ્વરૂપે સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૬ના રોજ આ મહત્ત્વપૂર્ણ સુરક્ષા કરાર પર અંતિમ હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ સમજૂતીથી અમેરિકાને આર્કટિક ક્ષેત્રમાં તેની સૈન્ય હાજરી અને મિસાઈલ ડિફેન્સ ક્ષમતામાં અભૂતપૂર્વ વિસ્તાર કરવાની સત્તા મળે છે, જ્યારે બીજી તરફ ગ્રીનલેન્ડ પર ડેન્માર્કની રાજકીય સાર્વભૌમત્વ પણ યથાવત્ રહે છે.

આ સમજૂતી પાછળનો મુખ્ય પૃષ્ઠભૂમિ સંઘર્ષ અને ટ્રમ્પ તંત્રની આક્રમક કૂટનીતિ રહી છે. ટ્રમ્પે ગ્રીનલેન્ડને અમેરિકાના રાષ્ટ્રીય હિતો અને સુરક્ષા માટે અનિવાર્ય ગણાવીને નાટોના સાથી દેશ ડેનમાર્ક પર ભારે રાજદ્વારી દબાણ બનાવ્યું હતું. તેમણે આર્કિટક ક્ષેત્રમાં રશિયા અને ચીન જેવા વૈશ્વિક પ્રતિસ્પર્ધી દેશોના વધી રહેલા પ્રભાવ સામે આશંકા વ્યક્ત કરી હતી. સાથે દાવો કર્યો હતો કે ડેન્માર્ક એકલું આ વિશાળ અને વ્યૂહાત્મક ટાપુનું સંરક્ષણ કરવા માટે સક્ષમ નથી. એટલું જ નહીં, આ પ્રક્રિયા દરમિયાન બળ પ્રયોગ કે આકરા પગલાં લેવાની ચર્ચાઓએ 'નાટો'ના ઉત્તર એટલાન્ટિક સાથી દેશો વચ્ચે તણાવ અને યુરોપિયન યુનિયનમાં ઊંડી ચિંતા જન્માવી હતી. જોકે, આ આક્રમક વ્યૂહરચના આખરે ડેન્માર્ક અને ગ્રીનલેન્ડના નેતૃત્વને વાટાઘાટોના ટેબલ પર લાવવામાં સફળ રહી.

આ કરાર હેઠળ થયેલી મુખ્ય ક્ષેત્રીય અને સૈન્ય જોગવાઈઓ મુજબ અમેરિકાને ગ્રીનલેન્ડમાં બે નવા મહત્ત્વપૂર્ણ લશ્કરી બેઝ સ્થાપવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. એમાંથી એક સૈન્ય મથક ગ્રીનલેન્ડના દક્ષિણ ભાગમાં આવેલા નારસરસુઆક ખાતે અને બીજું પૂર્વ ભાગમાં આવેલા મેસ્ટર્સવિગ ખાતે સ્થાપિત કરવામાં આવશે. આ ઉપરાંત, ઉત્તરીય ક્ષેત્રમાં સ્થિત અમેરિકાના ઐતિહાસિક પિટુફિક સ્પેસ બેઝને પણ વધુ આધુનિક બનાવીને તેનો વિસ્તાર કરવામાં આવશે. આ નવા સૈન્ય મથકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણથી અમેરિકી વાયુસેના અને નૌકાદળના વિમાનો તથા યુદ્ધ જહાજોને ગ્રીનલેન્ડના આકાશ, જમીન અને દરિયાઈ સીમામાં મુક્ત અને અપ્રતિબંધિત પ્રવેશનો અધિકાર મળશે, જે આર્કિટક ક્ષેત્રમાં અમેરિકાના હવાઈ અને સમુદ્રી ચોકીયારાને વધુ મજબૂત બનાવશે.




અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ-ડેનમાર્કના વડા પ્રધાન મેટ ફ્રેડરિકસેન-ગ્રીનલેન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સેન

રાજકીય અને કૂટનીતિક દ્દષ્ટિકોણથી આ સમજૂતી ૧૯૫૧માં અમેરિકા અને ડેન્માર્ક વચ્ચે થયેલા જૂના સંરક્ષણ કરારનું એક વ્યાપક અને અપડેટ કરેલું સ્વરૂપ છે.

ડેનમાર્કના વડા પ્રધાન મેટ ફ્રેડરિકસેન અને ગ્રીનલેન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સેન દ્વારા આ કરાર પર હસ્તાક્ષર કરતી વખતે સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આ સમજૂતી ડેન્માર્કના રાજ્ય બંધારણ હેઠળ ગ્રીનલેન્ડની સાર્વભૌમત્વ અને ત્યાંના સ્થાનિક લોકોના આત્મનિર્ણયના અધિકારને પૂર્ણપણે માન્ય રાખે છે. કરાર મુજબ ટાપુનો માલિકી હક કે ક્ષેત્રીય સાર્વભૌમત્વ અમેરિકાને ટ્રાન્સફર કરવામાં આવ્યો નથી, પરંતુ સુરક્ષા અને સૈન્ય નિયંત્રણ સંબંધિત વ્યાપક અધિકારો અમેરિકાને સોંપવામાં આવ્યા છે. વધુમાં, જો ભવિષ્યમાં ગ્રીનલેન્ડ સ્વતંત્ર રાષ્ટ્ર બને તો પણ આ સંરક્ષણ કરારની શરતો અમલમાં રહેશે અને ગ્રીનલેન્ડ 'નાટો' જોડાણનો હિસ્સો બની રહેશે.

આ સમજૂતીનો એક અત્યંત મહત્ત્વપૂર્ણ પાસું વિદેશી રોકાણો અને બિન-નાટો દેશોની હાજરી પર મૂકાયેલો કડક પ્રતિબંધ છે. સમજૂતી અનુસાર, અમેરિકાની લેખિત પૂર્વ મંજૂરી વિના કોઈપણ વિરોધી કે બિન-નાટો દેશ ગ્રીનલેન્ડમાં લશ્કરી હાજરી સ્થાપી શકશે નહીં કે સંવેદનશીલ આર્થિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં રોકાણ કરી શકશે નહીં. ગ્રીનલેન્ડમાં વિદેશી રોકાણોની આકરી ચકાસણી માટે એક વિશિષ્ટ મિકેનિઝમ ઊભું કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય હેતુ આર્કટક ક્ષેત્રમાં ચીન અને રશિયાના વધી રહેલા સૈન્ય અને આર્થિક પગપેસારાને અટકાવવાનો છે.

ગ્રીનલેન્ડ ભૌગોલિક રીતે ઉત્તર અમેરિકા અને યુરોપની વચ્ચે આર્કટિક મહાસાગરમાં સ્થિત એક અત્યંત વ્યૂહાત્મક ક્ષેત્ર છે. તે પૃથ્વી પરના વિરલ ખનિજો, યુરેનિયમ, તેલ અને કુદરતી વાયુના સમૃદ્ધ ભંડારો ધરાવે છે. ગ્લોબલ વોર્મિંગ અને આર્કિટક બરફ પીગળવાને કારણે નવા દરિયાઈ વેપાર માર્ગો ખૂલવાની શક્યતાઓ વચ્ચે આ ક્ષેત્રનું વૈશ્વિક મહત્ત્વ ખૂબ વધી ગયું છે. અમેરિકા માટે ગ્રીનલેન્ડ તેની પ્રારંભિક મિસાઇલ ચેતવણી પ્રણાલી અને બેલિસ્ટિક મિસાઇલ ડિફેન્સ નેટવર્ક માટે મધ્યવર્તી સુરક્ષા કવચ તરીકે કામ કરે છે.

આંતરરાષ્ટ્રીય રાજકીય વિશ્લેષકો આ સમજૂતીને બહુવિધ પરિમાણોથી જુએ છે. એક તરફ, ટ્રમ્પ તંત્ર આને પોતાની આક્રમક અને પરિણામલક્ષી 'અમેરિકા ફર્સ્ટ' કૂટનીતિની મોટી જીત તરીકે રજૂ કરી રહ્યું છે, જેનાથી અમેરિકાને આર્કિટકની સુરક્ષા પર કાયમી અને પ્રત્યક્ષ સૈન્ય પ્રભાવ મળ્યો છે. બીજી તરફ, ડેન્માર્ક અને ગ્રીનલેન્ડ તેને એક સફળ રાજદ્વારી મધ્યસ્થી તરીકે જોઈ રહ્યા છે, કારણ કે તે બન્ને સૈન્ય ગતિરોધ અને સંભવિત એકતરફી કાર્યવાહી ટાળીને ટાપુની સાર્વભૌમત્વ અને સ્વાયત્તતા જાળવી રાખવામાં સફળ રહ્યા છે. ત્રણેય દેશની સરકારો દ્વારા સ્વીકારવામાં આવેલી આ કાયમી સુરક્ષા સમજૂતી સંબંધિત દેશોની સંસદ દ્વારા મંજૂર કરવામાં આવ્યા બાદ પૂર્ણપણે અમલમાં મૂકવામાં આવશે, જે નાટોના ઇતિહાસમાં અને આર્કિટક ક્ષેત્રની ભૌગોલિક સત્તા સંતુલનમાં એક નવો અધ્યાય અંકિત કરે છે. ■

feedback@bombaysamachar.com

વિશેષ

સંધ્યા સિંહ

# બાપુની જીવનશૈલી: ડિટોક્સ, મિનિમલિઝમ ને સાદગી...



ઇતિહાસ મહાત્મા ગાંધીને મુખ્યત્વે એક રાજકીય વ્યક્તિ તરીકે યાદ કરે છે, પરંતુ તેમનું જીવન પોતાનામાં એક સતત ચાલતો પ્રયોગ પણ હતું. આ પ્રયોગ તેમના શરીર, ખોરાક, પહેરવેશ, કામ કરવાની રીત અને રોજિંદી જરૂરિયાતો સુધી ફેલાયેલો હતો. ગાંધીજીનું માનવું હતું કે જેને આપણે જરૂરિયાત સમજીએ છીએ, તેનો એક મોટો ભાગ હકીકતમાં આપણી આદત, ઈચ્છા કે સુવિધા હોય છે. તેથી તેમણે પોતાના જીવનમાં વારંવાર એ પરખવાનો પ્રયાસ કર્યો કે ઓછામાં ઓછી વસ્તુઓમાં પણ જીવનને સંતુલિત અને સાર્થક કેવી રીતે રાખી શકાય? તેમનો ખોરાક પણ આ જ વિચારસરણીનો એક ભાગ હતો. તેમણે અલગ-અલગ સમયે મીઠું, ઘી અને બીજી ઘણી વસ્તુઓ છોડીને પણ જોઈ. ખોરાક તેમના માટે માત્ર સ્વાદ કે શરીરની જરૂરિયાત પૂરતો સીમિત નહોતો. તેઓ તેને આત્મ-શિસ્ત અને આત્મનિરીક્ષણ સાથે પણ જોડીને જોતા હતા.

આજે આપણે 'ઇન્ટરમિટેન્ટ ફાસ્ટિંગ' કે 'ક્લીન ઈટિંગ' જેવા શબ્દો દ્વારા આપણા આહાર પર નજર રાખીએ છીએ. પણ ગાંધીજી માટે ઉપવાસનો અર્થ આનાથી ક્યાંય વધુ વ્યાપક હતો. તેઓ તેને આત્મશુદ્ધિ અને આત્મસંયમનું માધ્યમ માનતા હતા. મિનિમલિઝમની વાત કરીએ તો ગાંધીજીનું જીવન કદાચ તેનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ છે. તેમની પાસે જરૂરિયાતની બહુ થોડી જ વસ્તુઓ હતી: ચશ્માં, ઘડિયાળ, કેટલાંક વાસણો, રેંટિયો અને ખાદીના કપડાં. તેમની આ જીવનશૈલી કોઈ અભાવ કે ગરીબીના કારણે નહોતી, પરંતુ તે તેમની એક જાગૃત પસંદગી હતી. તેઓ સતત એ વાત પર ભાર મૂકતા કે જીવનને સમૃદ્ધ બનાવવાનો એક રસ્તો પોતાની જરૂરિયાતો વધારવાનો નથી, પરંતુ તેને સીમિત કરવાનો છે.

આજે 'ઓછી વસ્તુઓ, ઓછી ગૂંચવણ' કે 'લેસ ઈઝ મોર' જેવી વિભાવનાઓ આધુનિક જીવનશૈલીનો એક ભાગ બની ચૂકી છે. લોકો નકામી કે બિનજરૂરી વસ્તુઓ દૂર કરી રહ્યા છે અને સીમિત સાધનોમાં વ્યવસ્થિત જીવન શોધી રહ્યા છે. ગાંધીજીએ આ વિચારને કોઈ ટ્રેન્ડ કે બજારની ભાષા વગર પોતાના જીવનમાં ઉતાર્યો હતો. ડિજિટલ ડિટોક્સની વાત કરીએ તો ગાંધીજીનું મૌન વ્રત પણ યાદ આવે છે. તેઓ અઠવાડિયામાં એક દિવસ મૌન રાખતા હતા. તે દિવસે વાતચીતથી દૂર રહીને તેઓ લખીને કે ઈશારા દ્વારા પોતાનું કામ ચલાવતા હતા. આ માત્ર બોલવાનું બંધ કરી દેવું નહોતું. મૌન તેમના માટે આત્મચિંતનની એક તક હતી.

આજે આપણે સતત વાગતા નોટિફિકેશન, મેસેજ અને સ્ક્રીનથી થોડું અંતર બનાવવા માટે ડિજિટલ ડિટોક્સ કરીએ છીએ. ગાંધીજીના સમયમાં ફોન કે સોશ્યલ મીડિયા નહોતા, પરંતુ બહારના ઘોંઘાટથી દૂર રહેવાની અને ભીતરનો અવાજ સાંભળવાની જરૂરિયાત ત્યારે પણ એટલી જ હતી. 'સ્લો લિવિંગ'નું એક રસપ્રદ રૂપ ગાંધીજીના રેંટિયામાં પણ જોવા મળે છે. રેંટિયો ઝડપી ગતિ અને વધુ ઉત્પાદનનું પ્રતીક નહોતો. તેમાં ધીરજ હતી, એકાગ્રતા હતી અને એક લયબદ્ધતા હતી. ગાંધીજી નિયમિતપણે રેંટિયો કાંતતા.

આજે ઝડપી ગતિથી દોડતી જિંદગીમાંથી થોડી ક્ષણો કાઢીને ધીમે ચાલવાનો અને કોઈ પણ કામ પૂરી એકાગ્રતાથી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જોકે, ગાંધીજીની જીવનશૈલીને આજના 'વેલનેસ ટ્રેન્ડ્સ' સાથે પૂરેપૂરી જોડી દેવી યોગ્ય નહીં ગણાય. તેમના માટે આ માત્ર સારા સ્વાસ્થ્ય, માનસિક શાંતિ કે વ્યક્તિગત કાર્યક્ષમતાનું સાધન નહોતું. તેમના માટે આનો સંબંધ અહિંસા, સ્વદેશી, આત્મસંયમ અને સામાજિક જવાબદારી સાથે પણ હતો. આ જ એ તફાવત છે જેને સમજવો જરૂરી છે. આજે મિનિમલિઝમ ઘણીવાર વ્યક્તિગત સુવિધા અને સારા જીવનના ફોર્મ્યુલા તરીકે સામે આવે છે. પરંતુ ગાંધીજીની વિચારસરણીનો દાયરો તેનાથી ક્યાંય મોટો હતો.

આજના આ તમામ ટ્રેન્ડ્સમાં ગાંધીજીના જીવનનો એક જૂનો પડછાયો ચોક્કસપણે જોવા મળે છે. ફરક માત્ર એટલો છે કે આજે આપણે આપણી આદતોને એપમાં નોંધીએ છીએ, સ્ક્રીન ટાઈમ માપીએ છીએ, 'ડિટોક્સ ચેલેન્જ' લઈએ છીએ અને મિનિમલિઝમ પર પુસ્તકો વાંચીએ છીએ. ગાંધીજીએ આમાંથી કોઈ પણ વસ્તુને ચોક્કસ નામ નહોતું આપ્યું. તેમણે બસ તેને જીવીને બતાવ્યું. સાદગી એ કોઈ ટ્રેન્ડ નથી. એ એક પસંદગી છે અને ઓછામાં જીવવાની આ પસંદગી કોઈ ચોક્કસ જમાના કે સમયની મોહતાજ નથી.■

આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com

# હાઈડ્રોઈલેક્ટ્રિક સ્કેમમાં મંજૂરી વગર કરાર થયા ને બદલાતા પણ રહ્યા!

હાઈડ્રોઈલેક્ટ્રીક. હાઈડ્રો એટલે પાણી/ જળ અને ઈલેક્ટ્રિકનો મતલબ વીજળી સંબંધિત. હાઈડ્રોઈલેક્ટ્રિકનો અર્થ જળવિદ્યુત, પાણીની શક્તિથી ઉત્પન્ન થતી વીજળી. આને લગતું ય એક કૌભાંડ નોંધાયેલું છે મેરા ભારત મહાન ખાતે!

ખરેખર, ૧૯૯૫નો કેરળના હાઈડ્રોઈલેક્ટ્રિક સ્કેમ તરીકે બદનામ થયેલો એસ.એન.સી.- લાવાલીન પ્રોજેક્ટ કેસના કેરળના સૌથી લાંબા સમય સુધી ચાલેલા વિવાદાસ્પદ વીજ-કરાર કેસોમાંનો એક છે.

આ વિવાદાસ્પદ એસ.એન.સી.- લાવાલી પ્રોજેક્ટ હતો શું? આવો વિગતવાર સમજીએ.

૧૯૯૫માં કેરળના સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડે કેનેડિયન કંપની એસ.એન.સી.- લાવાલીન સાથે કેરળના ત્રણ જૂના હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટના આધુનિકીકરણ માટે કરાર કર્યો હતો. યાદ રહે કે કરાર હતા મોર્ડનાઇઝેશન વાસ્તે. આધુનિકીકરણ માટે પસંદ કરાયેલા ઇડુક્કી વિસ્તારમાં આવેલા પ્રોજેક્ટ હતા (૧) પલ્લીવાસલ, (૨) સેંગુલમ અને (૩) પન્નિયાર. ૧૯૯૫ની ૧૦ ઓગસ્ટના રોજ કેરળ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડે અને એસ.એન.સી.- લાવાલીન વચ્ચે કરાર પર સહી-સિક્કા થયા હતા. અત્યાર સુધી બધુ બરાબર હતું. અથવા એવું લાગતું હતું કે લગાડાતું હતું.



આખા મામલામાં વિવાદનું કેમ, કેવી રીતે અને ક્યારે ધૂણવા માંડ્યું? વિવાદનું કારણ ૧૯૯૨માં પડ્યું હતું. નોંધપાત્ર બાબત એ છે કે ૧૯૯૨માં સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઑથોરીટીએ ઉપર દર્શાવાયેલા ત્રણ પ્રોજેક્ટના સંપૂર્ણ 'રિનોવેશન'ના કેરળ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો નહોતો. આ અંગે સી.ઈ.એ.નો મત હતો કે આ પ્રોજેક્ટો સંપૂર્ણપણે ખરાબ સ્થિતિમાં નહોતા એટલે 'રિનોવેશન'ના બદલે તેમની ક્ષમતા વધારવી જોઈએ.

લાગે છે કે મોરલા ગમે તે ભોગે કળા કરવા મક્કમ જ નહીં, તલપાપડ પણ હતા. વિચારો કે કેન્દ્રીય મંજૂરી ન મળવા છતાં કેરળ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડ ધરાર આગળ વધ્યું હતું. શા માટે?આ એક માત્ર અનુચિત કદમ નહોતું પણ એ તો પાશેરામાં પહેલી પૂણી હતી. ૧૯૯૫માં થયેલા રિનોવેશન કે આધુનિકીકરણના કરારને ૧૯૯૬ની ૨૪મી ફેબ્રુઆરીએ 'કન્સલ્ટન્સી એગ્રીમેન્ટ'માં ફેરવી નખાયો હતો અને ત્યારબાદ ૧૯૯૭માં એમાં ય ફેરફાર કરીને એને ઈક્વીપમેન્ટ સપ્લાય એગ્રિમેન્ટનું સ્વરૂપ આપી દેવાયું હતું.

આ તે કેવું એગ્રિમેન્ટ કે જે બદલાતું રહ્યું? શા માટે? કોના કહેવાથી?

સમય સાથે આ હાઈડ્રોઈલેક્ટ્રિક સ્કેમમાં હજી ઘણા પાણી બદલાવાના હતા ને વીજળીના આંચકા પર આંચકા લાગવાના હતા. ઘણાના નામ બહાર આવવાના હતા ને અનેક ખરડાવાના હતા. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા

# ખુરશી માણસને મોટો દેખાડે છે, મોટો બનાવતી નથી




**માણસના** મૂલ્યાંકનનાં ત્રાજવાંમાં બે શબ્દ સતત ઝળહળતા રહે છે - Possessions અને Position.

Possessions એટલે માણસ પાસે રહેલી સંપત્તિ, માલિકી, ભૌતિક સાધનો અને સુવિધાઓ જ્યારે Position એટલે તેનું સ્થાન, હોદ્દો, સામાજિક દરજ્જો, સત્તા કે પ્રતિષ્ઠા.

જીવનમાં બંને જરૂરી છે, પરંતુ સવાલ એ છે કે આ બંને માણસ માટે છે કે માણસ બંને માટે?

સંપત્તિ હાથમાં હોય તો સમૃદ્ધિ, પણ સંપત્તિ માથામાં ચઢી જાય તો વિનાશ.પદ પર બેસવું સિદ્ધિ છે, પરંતુ પદ પરથી ઊતર્યા પછી પણ લોકોના દિલમાં રહેવું એ સાચી સફળતા છે.

જોકે આજના યુગે માણસની સફળતાની વ્યાખ્યા જ બદલી નાખી છે. માણસ કેવો છે તેના કરતાં તેની પાસે કેટલું છે એ વધુ પુછાય છે. તેણે જીવનમાં શું મેળવ્યું છે તેના કરતાં તે ક્યાં પહોંચ્યો છે એ વધુ જોવામાં આવે છે. ઘર કેટલું મોટું? કાર કેટલી મોંઘી? બૅન્ક બૅલૅન્સ કેટલું? વ્યવસાય કેટલો મોટો? ઓળખાણ કેટલી ઊંચી? હોદ્દો કેટલો મોટો?

અલબત્ત, સંપત્તિ ખરાબ નથી, સંપત્તિનું વ્યસન ખરાબ છે. માણસે ધન કમાવું જોઈએ, ઘર બનાવવું જોઈએ, પરિવારને સુવિધા આપવી જોઈએ, ભવિષ્ય સુરક્ષિત કરવું જોઈએ. આર્થિક સક્ષમતા જીવનની અગત્યની જરૂરિયાત છે. સંપત્તિ માણસને સ્વાવલંબી બનાવે છે અને અનેક સંભાવનાઓના દરવાજા ખોલે છે, પરંતુ મુશ્કેલી ત્યાંથી શરૂ થાય છે જ્યાં સંપત્તિ સાધન ન રહેતાં જીવનનું સાધ્ય બની જાય છે. આવક વધે તો જીવનશૈલી વધે, જીવનશૈલી વધે તો ખર્ચ વધે અને ખર્ચ વધે એટલે વધુ કમાવાની દોડ શરૂ થાય. આ દોડનો અંત ક્યાં છે?

આજે માણસ પાસે સુવિધાઓ વધી છે, પરંતુ સંતોષ ઘટ્યો છે. સાધનો વધ્યાં છે, પરંતુ સમય ઘટ્યો છે- સંપર્ક વધ્યા છે, પરંતુ સંબંધ ઘટ્યા છે. જ્યારે સંપત્તિ આપણા હાથમાં હોય ત્યારે તે સાધન છે. જ્યારે સંપત્તિ આપણા મનમાં વસે ત્યારે તે બંધન બની જાય છે.

સમૃદ્ધિનો સાચો અર્થ વધુ મેળવવામાં નથી- મેળવેલી વસ્તુઓનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં છે.

* પોઝિશન : ખુરશી કેટલી ઊંચી કે માણસ કેટલો ઊંચો?

પોઝિશનની વાત આવે ત્યારે સમાજનું એક બીજું વાસ્તવિક ચિત્ર સામે આવે છે. માણસને પદ મળે એટલે તેની આસપાસના લોકોની સંખ્યા વધી જાય છે. ફોન વધુ આવે છે, મુલાકાતીઓ વધે છે, સલામ કરનારાઓ વધે છે અને ક્યારેક માણસને પોતાનું જ કદ ખુરશીના કદ જેટલું મોટું લાગવા લાગે છે. હકીકતમાં ખુરશી માણસને મોટો દેખાડે છે, મોટો બનાવતી નથી. હોદ્દો માણસને સત્તા આપી શકે, પરંતુ સન્માન નહીં. સત્તા ભય પેદા કરી શકે, પરંતુ વિશ્વાસ નહીં. પદ માણસને અધિકાર આપે છે, પરંતુ તેની સાથે જવાબદારી પણ આવે છે. પદ લોકોને નજીક લાવી શકે, પરંતુ હૃદયમાં સ્થાન મેળવવા માટે તો માણસાઈ જરૂરી છે.

આજે સત્તાના કેન્દ્રમાં રહેલી વ્યક્તિ કાલે સામાન્ય નાગરિક બની શકે છે. આથી પદ છોડ્યા પછી પણ લોકો પ્રેમથી યાદ કરે તો સમજવું કે વ્યક્તિએ પદ નહીં, માણસાઈ કમાઈ હતી.

આજના સમાજમાં સંપત્તિના વારસદારો સરળતાથી મળી જાય છે, પરંતુ સારા નામનો વારસો માત્ર નામથી મળતો નથી. પિતાની પ્રતિષ્ઠા પુત્રને તૈયાર મળી શકે નહીં. પરિવારની સામાજિક ઓળખ કદાચ મદદરૂપ બને, પરંતુ પોતાની વિશ્વસનીયતા પોતે ઊભી કરવી પડે. સંપત્તિની ચાવી વારસામાં મળી શકે છે; સફળ જીવનની ચાવી વારસામાં મળતી નથી.

જો પોઝિશન મેળવવાની દોડમાં માતા-પિતાને સમય નથી, જો પૈસા કમાવાની દોડમાં સંતાનોને સાંભળવાનો સમય નથી, જો પ્રતિષ્ઠાની પાછળ દોડતા જીવનસાથીને સમજવાનો સમય નથી - તો આવી સફળતા સામે એક દિવસ મન પોતે જ પ્રશ્ન કરશે : 'આ બધું કોના માટે?'

વિશ્વાસપાત્ર મિત્ર, સુખ-દુઃખમાં ઊભું રહેતું કુટુંબ, સ્નેહ આપતાં માતા-પિતા, સમજણ ધરાવતો જીવનસાથી, સંસ્કારી સંતાનો અને સમાજમાં વિશ્વાસ - આ સંપત્તિની કોઈ બજારકિંમત નથી.

જીવનની બૅલૅન્સશીટમાં માત્ર સંપત્તિની કૉલમ ન હોવી જોઈએ. તેમાં સમય, સંબંધો, વિશ્વાસ, સદાચાર, સેવા અને સંતોષની કૉલમ પણ હોવી જોઈએ, કારણ કે માણસની સાચી નેટવર્થ તેની મિલકત નહીં, તેની માનવતા છે. ■

feedback@bombaysamachar.com

## સાત સમંદર પાર

રવિ નાયક




વિશ્વના વિવિધ દેશોમાં હ્યુમન ઇમોશન્સ એટલે કે પ્રેમ, ભય, વિશ્વાસ, સહાનુભૂતિ વગેરેના આધારે લોકોને છેતરવાનો ધંધો સદીઓથી ધમધમી રહ્યો છે. આવા ફ્રોડ્સને સામાન્ય રીતે સોશ્યલ એન્જિનિયરિંગ, રોમાન્સ સ્કેમ્સ, ફિશિંગ, ઇમ્પોસ્ટર સ્કેમ્સ અને ડિજિટલ અરેસ્ટ જેવા નામથી ઓળખવામાં આવે છે. આમાં ફ્રોડસ્ટર્સ લોકોની ભાવનાઓ સાથે રમીને પૈસા કે માહિતી મેળવે છે. આ પ્રકારના ફ્રોડ્સમાં ભોગ બનનારા લોકો ભાગ્યે જ પોલીસ ફરિયાદ સુધી પહોંચે છે. એટલે દર વર્ષે કેટલા લોકો લાગણીઓને લીધે છેતરાયા એના વાસ્તવિક આંકડા ક્યારેય નથી મળતા.

નિષ્ણાંતોના મતે ટેક્નોલોજીના ફેલાવા સાથે વિશ્વ સામે ઊભરી રહેલું એક સૌથી મોટું જોખમ એટલે હ્યુમન ઇમોશન્સને આધારે થતી છેતરપિંડી.

ઇન્ટરપોલના અંદાજ મુજબ ૨૦૨૫માં વૈશ્વિક નાણાકીય ફ્રોડથી લગભગ ૪૪૨ બિલ્યનનું નુકસાન થયું, જેમાં સોશ્યલ એન્જિનિયરિંગ અને લાગણીઓ સાથેની રમતે મોટો ભાગ ભજવ્યો છે. Global Anti-Scam Alliance (GASA)ના ૨૦૨૫ના સર્વે મુજબ વિશ્વભરના ૫૭% પુખ્ત વયના લોકોએ છેલ્લા વર્ષમાં કોઈ સ્કેમનો અનુભવ કર્યો, જે પૈકી ૨૩% એ પૈસા ગુમાવ્યા પણ ખરા. આંકડાઓ સરખાવીએ તો હ્યુમન ઇમોશન્સને આધારે થતા સ્કેમ્સની ઇકોનોમી આખા ડેન્માર્ક દેશની જીડીપી કરતાં ય વધુ છે!

તાજેતરમાં સુરત સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટ પાસે 'બોસ સ્કેમ' તરીકે ઓળખાતી મોડસ ઓપરેન્ડીના ઘણા કેસ આવ્યા. ટેક્સટાઈલ માર્કેટ્સમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતી વ્યક્તિને અજાણ્યા નંબર પરથી કામકાજ અંગેની પૃચ્છા કરતો મેસેજ આવતો. મેસેજની ભાષા બિલકુલ જે-તે પેઢીના બોસ જેવી જ રહેતી. એક વાર એકાઉન્ટન્ટને વિશ્વાસ બેસી જાય કે સામે છેડે ખુદ કંપનીના માલિક જ ચેટ કરી રહ્યા છે, એ પછી પેલા ઠગ દ્વારા કંપનીના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરવાનો હુકમ અપાતો. બિચારો એકાઉન્ટન્ટ બોસના હુકમનો અમલ કરતો અને પૈસા ઠગના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઇ જતા!

આમાં ઠગ ટોળકી વ્યક્તિની સાઈકોલોજી સાથે રમત કરી જાય છે. સાયબર એક્સપર્ટ્સ કહે છે કે અમુક કિસ્સામાં અનુભવી લોકો પણ આવી છેતરપિંડીનો ભોગ બને છે, કારણકે ફ્રોડ તમારી વિચારવાની અને બૌદ્ધિક પૃથક્કરણ કરવાની ક્ષમતાને આધારે થતું હોય છે અને આ જ વાત આવા ફ્રોડને અત્યંત ખતરનાક બનાવે છે. જ્યાં વ્યક્તિ પોતે જ કોઈકની વાતમાં આવી જઈને તગડી રકમ ટ્રાન્સફર કરી આપતો હોય, ત્યાં બીજું કોઈ શું કરે!

હકીકતે લાગણીઓને આધારે થતી છેતરપિંડી એ ઠગ ટોળકી દ્વારા વપરાતી જમાના જૂની ટેક્નિક છે. સદીઓથી ઠગ લોકો કોઈકને લાલચ આપીને તો કોઈકને ભરમાવીને આરામથી પોતાનું ધાર્યું કરાવી લે છે. જેમ બોસ સ્કેમમાં કોઈકના ઓર્ડરને ક્રોસ ચેક કર્યા વિના ફોલો કરવાની માનસિકતા જવાબદાર છે. જરૂર ન હોય ત્યાં વધુ પડતું મગજ વાપરવું નહિ, એવો સામાન્ય માણસનો અતિસામાન્ય નિયમ અહીં નડી જાય છે.

શિકારની માનસિકતા પર કાબૂ મેળવીને થતી છેતરપિંડીનો જમાના જૂનો પ્રકાર એટલે 'ક્લિપ જોઇન્ટ સ્કેમ.'

આ સ્કેમના મૂળિયાં ગ્રીસ, ઈટાલી જેવા યુરોપિયન દેશોથી માંડીને થાઈલેન્ડ અને ફિલિપાઈન્સ જેવા એશિયન દેશોની નાઈટ લાઈફમાં રહેલા છે. આ સ્કેમ કરનારાઓની મોડસ ઓપરેન્ડી બહુ મજેદાર હતી, કેમકે એમાં સીધી નજરે કોઈ ગુનો બનતો જ નહોતો! થાય એવું કે એકલદોકલ પુરુષ મુસાફરો સફરના ભાગરૂપે કોઈ એક શહેરની મુલાકાતે આવ્યા હોય. હવે આવા પુરુષોની માનસિકતા લગભગ એકસરખી હોવાની. દિવસોથી એકલો સફર કરતો હોય, ઘરથી દૂર હોય અને મુસાફરીનો થાક ઉતારવા-સાંજને છેડે જરા રિલેક્સ થવાના હેતુસર શહેરમાં રખડવા નીકળ્યો હોય. હવે થાય એવું કે એકાદ સ્થળે એને કોઈક સુંદર યુવતી જોવા મળે. પહેલા આંખ મળે, પછી સ્માઈલની આપ-લે થાય. પછી તો બે ય વાતે વળગે અને પેલી સ્ત્રી પાસેથી એ શહેર વિષે ઘણી વાતો ય જાણવા મળે. પુરુષો જ્યારે 'આ પ્રકારની' માનસિક અવસ્થામાં હોય ત્યારે એમની કુદરતી બૌદ્ધિક ક્ષમતા ઉપર ભોળપણનું આવરણ છવાઈ જાય છે. અર્જુનને જેમ માછલીની આંખ જ દેખાતી હતી, એમ આપણા ભોળિયાભાઈનું સમગ્ર ધ્યાન પેલી સ્ત્રી સાથે વધુને વધુ સમય કેમ વિતાવવો એ શોધવામાં લાગી જાય. પેલીને ય આ જ જોઈતું હોય. એ એકાદ રેસ્ટોરન્ટનો ઉલ્લેખ કરે અને ત્યાંના ભોજનના મોંફાટ વખાણ કરે. સાથે જ ત્યાંનું ફૂડ જરા મોંઘું હોવાથી પોતે એનો લુત્ફ ઉઠાવી શકે એમ નથી, એવી લાચારી ય વ્યક્ત કરે. બસ, ખેલ ખલાસ! અહીં પેલા ભોળિયાભાઈ લાંબું વિચાર્યા વિના મેદાનમાં કૂદી પડે ચિંતા ન કરો, આજનું ભોજન મારા તરફથી!

બસ ફિર ક્યા! બંને જણ પેલી રેસ્ટોરાંમાં જઈને ભરપેટ ભોજન કરે અને પેલી સુંદર યુવતીનો સાગરીત એવો રેસ્ટોરાં માલિક એવું લાંબુંચોડું બિલ ફટકારે કે ભોળિયાભાઈના હોશ ઉડી જાય! મોકો જોઈને સ્ત્રી પણ ત્યાંથી સરકી જાય અને પેલા બિચારા પુરુષે તગડું બિલ ચૂકવ્યા બાદ હાથ ઘસતા ઘસતા પાછા ફરવું પડે! જરાય ધાકધમકી, ચોરી-ચપાટી કે દેખીતી છેતરપિંડી કર્યા વિના આવા બિચારાને ઠગી લેવાય. આ જમાના જૂની ટેક્નિક આજે ય ચાલુ છે, જ્યાં નાની-મોટી લાલચ આપીને કોઈ વ્યક્તિને બિનજરૂરી માલ અત્યંત મોંઘા ભાવે પધરાવી દેવામાં આવે.

ઈન્ટરનેટ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને પરિવારથી દૂર રહેતા એકલવાયા પુરુષોની વધતી જતી સંખ્યા જેવાં પરિબળોએ લાગણીને આધારે રમાતા કૌભાંડોને નવી ધાર આપી છે. આજે તો હવે એકલવાયા પુરુષોને વિવિધ સોશ્યલ મીડિયા એપ્સ દ્વારા મધુર મોહક માદક સહવાસની લાલચ આપીને લૂંટી લેવાના કિસ્સા પણ પ્રચૂર માત્રામાં બને છે, જે 'પેઈડ ગર્લ' સ્કેમ તરીકે ઓળખાય છે. સોશ્યલ મીડિયા પર મીઠી મીઠી વાતો કરીને ભરમાવતી યુવતી તમારી પાસે હોટેલનો રૂમ બુક કરાવે અને પછી એના જ સાગરીતો નકલી પોલીસ બનીને હોટેલ પર છાપો મારે!

આખરે મોરલ ઓફ ધી સ્ટોરી - પદાર્થ પાઠ એ જ છે કે દરેક યુગમાં માણસની પોતાની અનિયંત્રિત લાગણીઓ જ એની સાથે થતી છેતરપિંડી માટે નિમિત બને છે. ■

## સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

### રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**માથાની કિંમત કેટલી મળે?**
* સર પ્રાઈસ કહી શકાય એટલી.

**ફુઆ એટલે?**
* શુભ પ્રસંગે રિસામણાના બ્રાન્ડ એમ્બેસેડર.

**રોમ રોમમાં શું વ્યાપે?**
* રામ કે રમ પસંદ અપની અપની !

**હોલી, ડે હોય તો નાઈટ કેવી?**
* ભીગી ભીગી સી.

**મનમાની ના કરવા દે તો?**
* ધનાધની કરવાની.

**કયા નાકથી લોકો ડરે?**
* ખતરનાકથી.

**ચુંબકીય તત્ત્વ કેવું હોય?**
* અમુક પ્રેમિકા જેવું તો અમુક પત્ની જેવું... પ્રેમિકા પ્રત્યે આકર્ષણ ને પત્ની. તમે તો જાણો જ છો !

**લખલૂંટમાં કેટલા લૂંટવાના?**
* જેટલા પર હાથ પડે એ બધા...

**નોટનો ચમકારો ક્યારે દેખાય?**
* ચૂંટણી વખતે.

**બટર અને ચીટર વચ્ચે ફરક શું?**
* એકમાં મલાઈ મળે, બીજામાં માલ જાય.

**લૂંટેરી દુલ્હનને ક્યાં લઈ જવાય?**
* એના પિયર સમા પોલીસ સ્ટેશને!

**સાસુ તીરથ હોય તો સસરા?**
* જીવતા સ્વર્ગ સમાન...

**સાળાની મહેમાનગતિ ક્યારે મોંઘી પડે?**
* બિસ્તરાં- પોટલાં લઈને આવે ત્યારે.

**સ્કૂલમાં વાલીઓ માટે અલગ રૂમ હોય તો?**
* પ્રેમપાઠની પાઠશાળા શરૂ થઈ જાય!

**મારે જાવું પેલે પાર. કવિ શું કહેવા ઈચ્છે છે?**
* કવિ લિફ્ટ માગે છે.!

**સુંદરતા ક્યારે મોંઘી પડે?**
* મેકઅપ ઊતરે ત્યારે. !

**ટાલનું રક્ષણ કોણ કરે?**
* ટોપી.

feedback@bombaysamachar.com

## સ્પોર્ટ્સમૅન

સાશા

# ભારતીય ક્રિકેટ પાસે એક કે બે નહીં, પાંચ-પાંચ મજબૂત ટીમ છે!

### ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ના ફૉર્મેટ માટે સિલેક્ટરોને આઈપીએલ તેમ જ ડોમેસ્ટિક ટૂર્નામિન્ટોમાંથી મોટી સંખ્યામાં ટેલન્ટેડ ખેલાડીઓ મળી રહ્યા છે


બે વખત વિશ્વ વિજેતા બની ચૂકેલું ભારત વન-ડેમાં હાલમાં વર્લ્ડ નંબર-વન છે. વેસ્ટ ઇન્ડિઝ સામેની વર્તમાન વન-ડે સિરીઝમાં ૧-૦થી આગળ છે.


ટી-૨૦માં ભારત ૨૦૨૬માં સૂર્યકુમાર યાદવની કૅપ્ટન્સીમાં વર્લ્ડ ચૅમ્પિયન બન્યું હતું. હાલમાં ભારત આ ફૉર્મેટમાં વર્લ્ડ નંબર-વન છે.

કલ્પના કરો કે કોઈ દેશના ક્રિકેટ કૅલેન્ડરમાં એવો સમય આવે ખરો કે જ્યારે એની એક કે બે નહીં, પણ પાંચ-પાંચ ક્રિકેટ ટીમ અલગ-અલગ સિરીઝ કે ટૂર્નામેન્ટમાં રમી રહી હોય અથવા પૂર્વતૈયારીમાં વ્યસ્ત હોય? આ હકીકત છે અને એ પણ ભારત આ સુખદ વાસ્તવિકતા અનુભવી રહ્યું છે.

ભારતની એક ટી-૨૦ ટીમ એશિયન ગેમ્સમાં રમી રહી છે, બીજી ટીમ એક આંતરરાષ્ટ્રીય ટી-૨૦ મુકાબલાની તૈયારી કરી રહી છે, ત્રીજી ટીમ વન-ડે છે જે ઘરઆંગણે સિરીઝમાં રમી રહી છે, ચોથી ટેસ્ટ ટીમ છે જે ઉપલબ્ધ પ્રતિભાઓથી સંગીન સ્થિતિમાં આવી રહી છે અને પાંચમી ટીમમાં એવા ખેલાડીઓ છે જેઓ રાષ્ટ્રીય ટીમમાં પ્રવેશ મેળવવા થનગની રહ્યા છે. આ સ્થિતિમાં ભારતની પહેલી ટીમ કેટલી મજબૂત છે એ સવાલ નથી. મોટો પ્રશ્ન એ છે કે પહેલી ટીમની પાછળ બીજી કેટલી 'ટીમ ઇન્ડિયા' ઊભી છે?

સપ્ટેમ્બર, ૨૦૨૬નું ભારતીય ક્રિકેટનું બૅકગ્રાઉન્ડ કંઈક આવું જ છે. ૧૬મી સપ્ટેમ્બરે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ વેસ્ટ ઇન્ડિઝ સામેની વન-ડે શ્રેણી તેમ જ ટી-૨૦ સિરીઝ માટે અલગ-અલગ ટીમની ઘોષણા કરી હતી. એક-દિવસીય ટીમની કૅપ્ટન્સી શુભમન ગિલને સોંપાઈ અને એ ટીમમાં રોહિત શર્મા તથા વિરાટ કોહલી જેવા બૅટિંગ-લેજન્ડ, કે. એલ. રાહુલ, રવીન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ તથા યશસ્વી જયસ્વાલનો સમાવેશ હતો. બીજી તરફ, ટી-૨૦ ટીમનું સુકાન શ્રેયસ ઐયરને સોંપાયું અને તેની ટીમમાં અભિષેક શર્મા, ઇશાન કિશન, સંજુ સૅમસન, વૈભવ સૂર્યવંશી, તિલક વર્મા, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ અને મયંક યાદવ જેવા ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા.

વાત અહીં જ નથી અટકતી. એશિયન ગેમ્સની પહેલાં, અફઘાનિસ્તાન સામેની ટી-૨૦ સિરીઝ ૩-૦થી જીતનાર ટી-૨૦ ટીમમાં પણ શ્રેયસના સુકાનમાં મોટા ભાગે એશિયન ગેમ્સવાળી ટીમના જ ખેલાડીઓ હતા. શુભમન ગિલ ટેસ્ટ ટીમનો સુકાની છે, જ્યારે પાંચમી ટીમમાં એવા ખેલાડીઓ છે જેઓ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) અને ડોમેસ્ટિક ક્રિકેટમાં ચમક્યા પછી હવે આંતરરાષ્ટ્રીય મૅચોમાં ઝળકવા મનોમન તૈયારી કરી ચૂક્યા છે.

એશિયન ગેમ્સની ટી-૨૦ ટૂર્નામેન્ટ ત્રીજી ઑક્ટોબર સુધી ચાલશે. વેસ્ટ ઇન્ડિઝ સામેની વન-ડે શ્રેણી પણ ત્રીજી ઑક્ટોબર સુધી ચાલશે. પહેલી ટીમની ફાઇનલ એ દિવસે સવારે ૧૦.૩૦ વાગ્યે શરૂ થશે અને બીજી ટીમની શ્રેણીની અંતિમ મૅચ રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ પૂરી થશે. ભાવાર્થ એ છે કે ભારતની બે ફૉર્મેટની ટીમ એક સાથે પોતપોતાની શ્રેણીમાં રમી રહી છે અને એક સાથે પૂરી કરશે.

હવે ડોમેસ્ટિક ટીમોની વાત કરીએ. આગામી ઇરાની કપ માટેની રેસ્ટ ઑફ ઇન્ડિયાની ટીમનું નેતૃત્વ રિષભ પંત સંભાળશે. બીજી રીતે કહીએ તો તીવ્ર હરીફાઈને કારણે ટીમ ઇન્ડિયામાં નિયમિત રીતે જગ્યા ન મેળવી શકનાર ખેલાડી ડોમેસ્ટિક ટીમનું નેતૃત્વ સંભાળશે.

આખી વાતને નજર સમક્ષ રાખીએ તો એક અસાધારણ તથ્ય સામે આવશે. ભારત પાસે માત્ર એક મજબૂત આંતરરાષ્ટ્રીય ટીમ નથી. ભારત પાસે ખેલાડીઓની સ્ક્વૉડની એવી ડેપ્થ છે જેમાંથી એક જ સમયે ઘણી ઉચ્ચ-સ્તરિય ટીમ અલગ-અલગ શ્રેણીમાં રમી શકે. આવું હાલમાં બીજા કોઈ દેશ પાસે નથી. ભારતીય ક્રિકેટની આ જ સૌથી મોટી તાકાત છે. વધુ મહત્ત્વની વાત એ છે કે આ બધી ટીમ અચાનક ઊભી નથી થઈ. વર્ષોથી બની રહેલા માળખાને કારણે આ શક્ય બન્યું છે. ૧૯૯૪-'૯૫માં ઑસ્ટ્રેલિયાએ એક ટ્રાયેન્ગ્યુલર વન-ડે ટૂર્નામેન્ટમાં 'બી' ટીમ મોકલી હતી જેમાં રિકી પૉન્ટિંગ, મૅથ્યૂ હેડન, માઇકલ બેવન, ડેમિયન માર્ટિન અને જસ્ટિન લૅન્ગર જેવા ખેલાડીઓ સામેલ હતા. જોકે પછીથી આ જ ખેલાડીઓ ઑસ્ટ્રેલિયાની મુખ્ય ટીમમાં આવ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેઓ પ્રખ્યાત થયા હતા. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં વેસ્ટ ઇન્ડિઝ પાસે પણ આવા અનેક સ્ટાર ખેલાડીઓ હતા જેઓ પછીથી ખ્યાતનામ બન્યા હતા.

રણજી ટ્રૉફીથી લઈને વિજય હઝારે ટ્રૉફી, સૈયદ મુશ્તાક અલી ટ્રૉફી, ઇન્ડિયા-એ સુધીના સ્તરની સ્પર્ધાઓ તેમ જ અન્ડર-૧૯ ક્રિકેટ, રાજ્યોની વિવિધ ટૂર્નામેન્ટ અને સૌથી વિશેષ આઇપીએલ. આ તમામ ટૂર્નામેન્ટોએ ખેલાડીઓને પ્રતિભાશાળી બનાવવાની વિપુલ તક આપી છે.

એક સમય હતો જ્યારે પ્રતિભાશાળી ખેલાડીને રાષ્ટ્રીય ટીમ સુધી પહોંચવા લોઢાના ચણા ચાવવા પડતા હતા. ખેલાડી જો નૅશનલ ટીમ સુધી પહોંચે તો એ બહુ મોટી ઘટના મનાતી હતી. હવે ભારત પાસે એટલા બધા ટૅલન્ટેડ ખેલાડીઓ થઈ ગયા છે કે તેમને એક ટીમમાં સમાવવા શક્ય નથી એટલે અલગ-અલગ ફૉર્મેટની ટીમમાં તેમને સ્થાન મળી શકે છે. ટી-૨૦ ફૉર્મેટ અને આઇપીએલને લીધે પ્રતિભાશાળી ખેલાડીઓ માટે સંજોગો સંગીન બન્યા છે. આઇપીએલે ભારતીય ખેલાડીઓને દુનિયાના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે કે તેમની સામે રમવાની તક ઊભી કરી આપી છે. માનસિક દબાણમાં કેવી રીતે સારું પ્રદર્શન કરવું એ તેઓ આઇપીએલમાંથી શીખ્યા છે. જે ખેલાડીમાં જેવી ટૅલન્ટ હોય એને ખીલાવવા ઘણી તકો મળે છે અને સાથે પુષ્કળ પૈસા પણ.

આઇપીએલને લીધે અને ડોમેસ્ટિક ટૂર્નામેન્ટોને કારણે વિવિધ પ્રકારની ભૂમિકાવાળા ખેલાડીઓ પાસે ઘણા વિકલ્પો છે. આક્રમક ઓપનિંગ બૅટ્સમૅન, મૅચ-ફિનિશર, વિકેટકીપર-બૅટ્સમૅન, ફાસ્ટ બોલર કે સ્પિનર અને ઑલરાઉન્ડર. આ તમામ પ્રકારની ભૂમિકાવાળા ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમ સુધી પહોંચવા સમાન તક મળી રહી છે. આનો અર્થ એવો નથી કે ભારતની પાંચેય ટીમ મજબૂત છે. પાંચમાંથી કોઈ પણ ત્રણ ટીમને મજબૂત બનાવી શકાય એટલા ખેલાડીઓ ઉપલબ્ધ હોય છે.

આજે સુખદ સ્થિતિ એ છે કે પાછલી પેઢીના ખેલાડીઓ રોહિત શર્મા તથા વિરાટ કોહલી નવી પેઢીના ખેલાડીઓ સાથે રમી રહ્યા છે અને નવી પેઢીના ખેલાડીઓની એક આખી ટી-૨૦ ટીમ પણ બની છે. એ સિવાય, બીજા અસંખ્ય ખેલાડીઓ સિલેક્ટરોને રીઝવવા આઇપીએલમાં કે ડોમેસ્ટિક ટૂર્નામેન્ટોમાં ચમકી રહ્યા છે. ૨૦૨૬-'૨૭ની સીઝનમાં ભારત બાવીસ આંતરરાષ્ટ્રીય મૅચો રમશે જેમાં તેમણે વેસ્ટ ઇન્ડિઝ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, શ્રીલંકા, ઝિમ્બાબ્વે વગેરેની ટીમોનો સામનો કરવાનો રહેશે. આ બાવીસ મૅચો માટે સિલેક્ટરોએ અલગ-અલગ ફૉર્મેટની મજબૂત ટીમો તૈયાર રાખવી પડશે જે કામ ભરપૂર ટૅલન્ટ જોતાં તેમના માટે અઘરું તો નહીં જ હોય. ઊલટાનું, કોને ટીમમાં સમાવવા અને કોને ડ્રૉપ કરવા એવી મૂંઝવણ તેમને થશે એમાં બેમત નથી. ■

feedback@bombaysamachar.com

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ

# શ્રદ્ધા-શક્તિનું મહત્ત્વ...

માત્ર ઈશ્વર મહાન છે. કોઈપણ સદ્કાર્ય માટે એ માણસને નિમિત્ત બનાવે છે. ઈશ્વર પાસે સદ્કાર્ય સિવાય કંઈ જ નથી. એટલે જ એક ચોવકમાં સનાતન સ્વરૂપે વણી લેવામાં આવ્યું છે કે, **'કરણવારી કુધરત, માડૂ નીમીત માતર'** ચોવકમાં જે 'કરણવારી' શબ્દનો પ્રયોગ થયો છે, તેનો અર્થ 'કરવાવાળી' થાય છે. પણ કચ્છની જુદી જુદી જ્ઞાતિમાં અને પ્રદેશમાં 'કરણવારી'ના બદલે 'કે વારી' 'કરે વારી' વગેરે શબ્દો પ્રયોજાય છે, જેનો અર્થ પણ 'કરવાવાળી' જ થાય છે. અર્થ અને ભાવાર્થ સ્પષ્ટ છે કે, 'કરવાવાળી તો, કુદરત છે, મનુષ્ય માત્ર નિમિત્ત જ બને છે!

કુદરત પર આ રીતે શ્રદ્ધા, વિશ્વાસ અને ભરોસો દર્શાવતી બીજી પણ એક ચોવક છે: **'અંધેજી મા જો અલ્લા રખવારો'**. 'અંધેજી' એટલે આંધળાની, રખવારોનો અર્થ થાય છે, આધાર કે સંભાળ લેનાર. પુત્ર આંધળો હોય અને મા નિરાધાર બની ગઈ હોય તેની સંભાળ ભગવાન રાખે છે, એમ ચોવકને કહેવું છે. બીજો એવો પણ અર્થ થઈ શકે કે, 'જેનું કોઈ નથી હોતું તેનો ભગવાન છે'!

છઠ્ઠીના લેખ! આપણે આસ્થાપૂર્વક માનીએ છીએ કે, આપણા સુખ-દુઃખનો તમામ હિસાબ એ લેખમાં લખેલો હોય છે. છઠ્ઠીના લેખમાં લખ્યા મુજબની ઘટનાએ જ ક્રમસર માનવજીવનમાં બનતી રહે છે પણ દુઃખથી પરેશાન કોઈપણ વ્યક્તિની વ્યથા અને આક્રોશ આ ચોવક વ્યકત કરે છે: **'જ મિલે વિધાતા રોંડે વઢીયાં નક'** જબરદસ્ત આક્રોશ છે આ ચોવકમાં. અર્થ એવો થાય છે કે, 'જો મળે વિધાતા તેનું નાક કાપી નાખું!' 'રોંડે' શબ્દનો અર્થ છે, સખત પ્રહાર કરીને! 'વઢીયાં' એટલે વાઢી નાખું કે કાપી નાખું અને 'નક' એટલે નાક.

તેમ છતાં પણ આપણા જીવનમાં શ્રદ્ધાનું સ્થાન બહુ જ મહત્ત્વનું છે. ઈશ્વર પર અપાર શ્રદ્ધા રાખ ને કરેલું કાર્ય પાર પડે જ, એટલા શ્રદ્ધાવાન આપણે છીએ. શ્રદ્ધા ખરેખર તો 'બળ' આપે છે અને ઈશ્વર 'કળ' આપે છે. કચ્છીમાં એટલે જ આ ચોવક છે: **'જુકો જેડી ધારે માલક તેડો તેંકે પારે'**. શ્રદ્ધાની પરીસીમા દર્શાવતી આ ચોવક છે. સીધો અર્થ એવો થાય છે કે 'કોઈ જેટલી અને જેવી શ્રદ્ધા ઈશ્વરમાં ધરાવે, તેટલા પ્રમાણમાં જ ઈશ્વર તેની ઈચ્છા પૂરી કરે! 'જેડી' એટલે જેવી અને 'ધારે' એટલે કે શ્રદ્ધા રાખે. 'માલક' એટલે ઈશ્વર. 'પારે'નો અર્થ છે પાળે કે ઈચ્છા પૂરી કરે!'

વળી પાછું બીજી એક ચોવક એમ પણ કહે છે કે **'ડેવ તેડા થાર'** જેવા દેવ તેવો થાળ! બહુઅર્થી આયામ ધરાવે છે આ ચોવક. દેવની કક્ષા નક્કી કરનારા આપણે કોણ? તો ભાવાર્થ એવો હોઈ શકે કે, આપણી શક્તિ - ક્ષમતા કે સગવડ મુજબ દેવને થાળ ધરાવાય! આવી પાત્રતા દર્શાવતી બીજી પણ ચોવક કચ્છીમાં વપરાય છે: **'ડેવ તેડયૂં અઠાઈયૂં'** અર્થ એજ થાય કે, જેવા દેવ તે પ્રમાણે તેના પૂજા-પાઠ કે વ્રત-જાપ કરવા જોઈએ!

એટલે જ કહેવાય છે કે ઈશ્વર પર મૂકેલી શ્રદ્ધા કયારેય અફલિત રહેતી નથી. બધાને કહેતા ન ફરાય કે દુઆ કરજો! શ્રદ્ધા સ્થાન એક જ અને બળવત્તર શ્રદ્ધાવાળું હોવું જોઈએ. એ પ્રકારનો નિર્દેશ આપતી ચોવક પણ પ્રચલિત છે: **'ડેવ ડેવસ્થાન છડે, ને ખેતરપારજી ખિડ ન થીયે'** મતલબ કે દેવ-દેવસ્થાનાં છોડીને ક્ષેત્રપાળની ભક્તિ ન કરાય. ક્ષેત્રપાળ એ ક્ષેત્રરક્ષક છે, પણ એ દેવ-દેવી કે દેવસ્થાનાંની ઉપરવટ ન જઈ શકે! ક્ષેત્રપાળ એ શેષનાગનું સ્વરૂપ છે. આપવા વાળો કે પ્રાર્થનાનું પરિણામ આપનારો ઈશ્વર જ છે અને દરેકને તેની પાત્રતા મુજબ એ આપતો રહે છે. **'ભગવાન સઉં ત નિત નઉં'** અહીં 'સઉં'નો અર્થ કૃપા અને 'નઉં' એટલે નવું. મતલબ કે હોય જો ઈશની કૃપા તો રોજ નિત નવનીત મળે! ■

# આધુનિક પંચતંત્રની પાંચ હાસ્યકથા

## લિફ્ટ

એક મોટા મકાનની ભવ્ય ઓફિસમાં બે જણા એક જ વિભાગમાં એકસરખા હોદ્દા પર સાથે કામ કરતા હતા. બેની ઓફિસ બીજા માળે હતી. અવારનવાર સવારસવારમાં બન્ને ઓફિસના ભોંયતળિયે મુખ્ય દરવાજા પાસે એક જ સમયે ટકરાઇ જતા ને વાતો કરતાં કરતાં દાદરા ચડીને ઉપર પહોંચતા.




એક દિવસ ઓફિસના એક બીજા જ વિભાગમાં એક ઊંચો હોદ્દો ખાલી પડ્યો. બન્નેએ એ હોદ્દો મેળવવા પોતપોતાની રીતે પ્રયત્નો શરૂ કરી દીધા.

એ ઊંચા હોદ્દાની ઓફિસ ચોથા માળે હતી.

એ દરમિયાન એક જણ રજા લઈને પોતાના ગામે ગયો. બીજો અહીં રહીને પ્રમોશન માટે સતત પ્રયત્નો કરતો રહ્યો, પણ તેની કોશિશ કરવાની રીત એવી હતી કે આખી ઓફિસમાં એની ચર્ચા થવા લાગી. દરમિયાનમાં પહેલો કર્મચારી રજા પરથી પાછો કામે ચઢ્યો ત્યારે તેના કાને પણ એ બધી વાતો આવી ગઈ, જે અત્યાર સુધી બન્ને એકબીજાથી છુપાવતા હતા.

એક દિવસ બન્ને ફરી નીચે મળ્યા. પહેલો માણસ દાદરા તરફ વળ્યો, જ્યારે બીજો લિફ્ટ તરફ ગયો.

પહેલાએ પૂછ્યું: 'કેમ, આજે દાદરા નથી ચડવા?'

બીજાએ કહ્યું: 'મારે હવે ચોથા માળે પહોંચવાનું છે ને? પ્રમોશન! ત્યાં કંઈ દાદરા ચડીને જવાય? લિફ્ટથી જ જવું પડેને?'

પહેલાએ કહ્યું: 'હા ભાઈ, હવે તો તું લિફ્ટથી જ જાયને? મારા આ દાદરા તો મારા હોદ્દા ને મારા શરીરની જેમ ઘરડા, જાડા ને ખખડધજ થઇ ગયા છે!'

## દુ:ખ

એ દિવસે એક ઓફિસના બધા કર્મચારીઓ ખૂબ દુ:ખી હતા. તેમની સાથે કામ કરતા એક માણસની બદલી થઈ ગઈ હતી. એ માણસ બહુ ભલો હતો. તેની વિદાય માટે ઓફિસમાં નાનકડો સમારંભ રાખવામાં આવ્યો હતો.

ઘણા સાથીઓએ ભાષણ આપ્યાં. કોઈએ કહ્યું: 'આજે તો એવું લાગે છે જાણે આપણું કોઈ અંગ આપણાથી છૂટું પડી રહ્યું હોય.'

એવામાં એક ખૂણામાં બેઠેલો બીજો જ કોઇ કર્મચારી ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો હતો. તેની આંખમાંથી આંસુ અટકતા જ નહોતા. કોઈએ પેલાની પાસે જઈને પૂછ્યું: 'કેમ ભાઈ? પેલો જાય છે એનું આટલું બધું દુ:ખ તમને થાય છે?'

'હા...' તેણે ડૂસકાં ભરતાં કહ્યું.

'એટલે? તમે એને એટલા બધા, ઓફિસમાં સૌથી વધારે ચાહો છો?'

'ના, એવી વાત નથી.'

'તો પછી આટલા ધ્રુસ્કે ધ્રુસ્કે રડો છો શા માટે?'

પેલાએ રૂંધાયેલા અવાજે ગળગળા થઇને કહ્યું: 'એટલા માટે કે આ હરામખોરની બદલી થઈ ગઈ...ને મારી હજી સુધી નથી થઈ!'

## મિત્રતા

બે લેખક હતા. એકબીજા સાથે ખૂબ ઝઘડતા. એકબીજાને ઉતારી પાડવાનો એક પણ મોકો ચૂકતા નહીં. મેં ઘણી કોશિશ કરી કે બંને વચ્ચે દોસ્તી થઈ જાય, સમાધાન થાય પણ કંઈ વળ્યું નહીં. હું ત્રણ-ચાર મહિના માટે બહારગામ ગયો. પાછો આવ્યો ત્યારે જોયું તો બંને વચ્ચે પાકી દોસ્તી થઈ ગઈ હતી. સાથે બેસતા, સાથે ચા પીતા અને કલાકો સુધી ગપ્પાં મારતાં....જાણે વર્ષો જૂની મિત્રતા ના હોય!

મેં અમારા કોમન મિત્રને પૂછ્યું, 'અલ્યા, આ બે સાપનોળિયા વચ્ચે અચાનક આટલી ગાઢ યારી કેવી રીતે થઈ ગઈ? આ પાંગરેલા પ્રેમનું રહસ્ય શું છે?'

મિત્રએ કહ્યું, 'એમાં શું છે કે હવે એ બંને સાથે મળીને કોઇ ત્રીજા જ લેખકની દિનરાત કૂથલી કરે છે! સમજ્યો?'

## જાતિ

કારખાનું શરૂ થયું અને કામદારો માટે નવી કોલોની પણ બની ગઈ. ઠાકુરપુરાથી ઠાકુર સાહેબ અને બ્રાહ્મણપુરાથી પંડિતજી કારખાનામાં કામ કરવા આવ્યા. બેઉ આસપાસ પડોસમાં નજીકના જ બ્લોકમાં રહેવા લાગ્યા.

ઠાકુર સાહેબનો દીકરો અને પંડિતજીની દીકરી બંને યુવાન હતાં. એકબીજાના પરિચયમાં આવ્યાં. પરિચય ધીમે ધીમે પ્રેમમાં ફેરવાયો ને વાત લગ્ન સુધી પહોંચી.

લગ્નની વાત નીકળી ત્યારે પંડિતજી બોલ્યા, 'આ કેવી રીતે ચાલે? બ્રાહ્મણની દીકરી ઠાકુર સાથે લગ્ન કરે? આપણી જાતિની આબરૂનું શું?'

ઠાકુર સાહેબ પણ બોલ્યા, 'એ તો શક્ય જ નથી. બીજી જાતિમાં લગ્ન કરીએ તો આપણી જાતિની ઇજ્જત જાય!'

કોઈક બ્રાહ્મણ અને ઠાકુર બેઉને સમજાવ્યા, 'છોકરો ને છોકરી બંને હવે જુવાન મેચ્યોર થઇ ગયા છે, ભણેલાગણેલા છે, સમજદાર છે. કરવા દો એમને લગ્ન પોતપોતાની મરજીથી. તમે લગ્ન નહીં કરાવો તો પણ બંને છાનાંછપનાં મળતાં રહેશે. પછી એમના સંબંધને વ્યભિચાર કહેવાશે.'

આ સાંભળીને ઠાકુર સાહેબ અને પંડિતજી બંને એક સાથે બોલ્યા: 'ભલે મળતાં. વ્યભિચારથી જાતિ નથી બદલાતી કે અભડાતી, લગ્નથી અભડાય છે!' ■

## હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

## ઉપદેશ

'સેવકજી' નારી આંદોલનના મોટા સમર્થક હતા. સ્ત્રીઓને સામાજિક સ્વતંત્રતા મળે એ માટે તે જોરશોરથી લડતા.

એક સભામાં 'સેવકજી'એ ભાષણ આપ્યું: 'હવે આપણે આપણી સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી પડશે. તેમના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવો પડશે. તેમને ઘરની ચાર દીવાલોમાં પૂરી રાખીને આપણે સદીઓથી સમાજના અડધા હિસ્સાને નિષ્ક્રિય બનાવી દીધો છે. હવે સમય બદલાઈ ગયો છે. સ્ત્રીઓએ ઘરની બહાર નીકળીને સમાજનાં સારાં કાર્યોમાં પોતાનો ફાળો આપવો જોઈએ.'

સેવકજીના આ સુધારાવાદી ભાષણની બધાએ ખૂબ પ્રશંસા કરી. ભાષણ પછી ફોટા પડાવીને, હારતોરા લઇને ઘરે પહોંચ્યા. એ સાંજે થોડીવાર બાદ દીકરાએ આવીને કહ્યું: 'બાપુજી, મમ્મી નારી મંગળ સમિતિના કાર્યક્રમમાં ભાગ લેવા જવા માગે છે.'

સેવકજીની આંખો લાલપીળી થઇ ગઇ અને એકદમ ગુસ્સે થઇ બોલ્યા: 'એને કહી દે, ક્યાંય જવાની જરૂર નથી. જ્યાં છે ત્યાં ચૂપચાપ બેઠી રહે. દુનિયા સામે આમ માથું ઉઠાવીને વટથી બહાર નીકળવું છે, એમ!? કંઈ લાજશરમ જેવું છે કે નહીં?'

દીકરો મૂંઝાઈ ગયો. તેણે કહ્યું: 'પણ બાપુજી, હમણાંજ તો પેલી સભામાં તમે જ કહ્યું કે સ્ત્રીઓએ ઘરની બહાર નીકળવું જોઈએ, સમાજમાં સક્રિય હિસ્સો લેવો જોઇએ!'

સેવકજીએ દીકરાને વઢતાં કહ્યું: 'રહેવા દે તારી દલીલો.. તું હજી નાદાન બાળક છે. ખરી વાત સમજતો જ નથી. અરે, 'સ્ત્રીઓએ બહાર નીકળવું જોઈએ' એવું કહેવાય ત્યારે એનો અર્થ 'બીજાની સ્ત્રીઓ' થાય, આપણા ઘરની નહીં !'

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## આસમાન મેં ઉડનેવાલી, બુટીક મેં ખિલ જાએગી

'મૅડમ, તમે તો ઍરફોર્સમાં હતા ને. ઍરફોર્સ ઑફિસરમાંથી બુટીકવાળી આન્ટી કેવી રીતે બની ગયાં?'

દેહરાદૂનમાં ફૅશનેબલ ક્લોધિંગનો બ્રાન્ડનો બિઝનેસ કરતી ઐશ્વર્યા મૅડમને આ સવાલ દિવસમાં દસ વખત કરવામાં આવે છે. જરાય કંટાળ્યા વિના હસ્તે મોઢે એનો જવાબ ખુલાસા સાથે આપવામાં આવે છે. સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ 'ઇન્સ્ટાગ્રામ' પર એશે આ બાબતે માંડીને વાત કરી છે. અચંબામાં મૂકી દેનારા આ નિર્ણય પાછળ કોઈ ઉતાવળ કે ક્ષતિ જવાબદાર નથી, પણ લાગણી, પારિવારિક પ્રેમ જવાબદાર છે એ સમજાય છે. ઍરફોર્સમાં એની નોકરી શૉર્ટ સર્વિસ ઑફિસર તરીકે હતી. આ પ્રકારના જૉબમાં પાઇલટ તરીકે અથવા ગ્રાઉન્ડ સ્ટાફ તરીકે ૧૪ વર્ષ ડ્યૂટી કરવાની હોય છે. એ મુદત પૂરી થયા પછી સ્વૈચ્છિક રીતે વધારી શકાય છે. ૧૪ વર્ષ પૂરાં થયાં એટલે ઐશ્વર્યાને પોતાનાં બાળકો, વૃદ્ધ માતા પિતા વધુ યાદ આવવા લાગ્યાં. દેશની જવાબદારી સામે પારિવારિક જવાબદારીનું પલડું નમી ગયું અને નોકરીમાં ત્યાગપત્ર આપી મૅડમ પહોંચી ગયાં દેહરાદૂન. જોકે લાગલગાટ ૧૪ વર્ષ પ્રવૃત્તિમય રહેલા જીવને કેવળ ઘરમાં ગોઠે નહીં એ સ્વાભાવિક છે. ફૅશન પ્રત્યેનો લગાવ અને વસ્ત્રોની મૂળભૂત જરૂરિયાતનું સમીકરણ મગજમાં ફિટ બેસી ગયું. ઘરેથી ચાલીને દસેક મિનિટના અંતરે એક દુકાનમાં બુટીક શરૂ કરી દીધું જેને માફકસરનો રિસ્પૉન્સ મળી રહ્યો છે. પરિવારની સાથે રહી બાળકો અને માતાપિતાની સારસંભાળ રાખી ફૅશનના પેશનની માવજત પણ થાય છે. એશ નવી લાઇફની મજા માણી રહી છે.





## લફરું પકડવા જતા લફડું થયું!



પ્રખ્યાત લેખક ચાર્લ્સ ડિકન્સની નવલકથા 'ઓલિવર ટ્વિસ્ટ'માં મિસ્ટર બમ્બલ નામના પાત્રને કહેવામાં આવે છે કે 'કાયદો એવું માને છે કે તમારી પત્ની તમારા વશમાં છે અને તે જે પણ કરે છે તે તમારા કહેવાથી જ કરે છે.' એ વખતે મિસ્ટર બમ્બલ કાયદાની જડતા પર રોષે ભરાઈ કહે છે કે 'જો કાયદો એવું માનતો હોય તો કાયદો ગધેડો છે - અને આજન્મ મૂર્ખ છે.'

બરાબર આ પ્રકારની અનુભૂતિ હવે જે જણાવીશ એ પ્રસંગ વાંચ્યા પછી તમને પણ થઈ શકે છે. રિપબ્લિક ઑફ ચાઇના - તાઇવાનમાં પત્નીનું લફરું ઉઘાડું પાડવાની કોશિશમાં પતિ સાથે જ લફડું થયું હોવાની ઘટના બની છે. પતિને પત્નીની ચાલચલગત પર શંકા પડી અને પાર્કિંગ ગૅરેજના સર્વેલન્સ ફૂટેજ પરથી કોઈ પુરુષ એની પત્નીને ઘરે મૂકવા આવ્યો હોવાની જાણ થઈ. વધુ નજર રાખતાં પત્નીને અફેર (વિવાહબાહ્ય સંબંધ) હોવાની જાણ થઈ. ટેક્નૉલૉજીમાં પાવરધો હોવાથી પતિએ ઘરની બહાર નીકળી થોડી દૂર જઈ મોબાઇલ ઍપ્લિકેશનથી ઘરનું રોબોટ વૅક્યુમ ક્લીનર ઍક્ટિવેટ કર્યું. રૂમોના આંટાફેરા દરમિયાન રોબોટે એની પત્નીને અન્ય પુરુષ સાથે બેડરૂમમાં રંગરેલિયા મનાવતી જોઈ. સજ્જડ પુરાવો હાથ લાગતાં પતિએ કોર્ટ કેસ કરી વીસ લાખ ન્યુ તાઈવાન ડૉલર (આશરે ૬૦ લાખ રૂપિયા) વળતર પેટે માગ્યા. અદાલતે પતિની તરફેણમાં ચુકાદો આપી પત્નીને પાંચ લાખનું વળતર આપવા આદેશ આપ્યો. જોકે પતિનો આનંદ ઝાઝો ન ટક્યો, કારણ કે પત્નીએ પણ કાયદાનો આધાર લીધો. વીડિયોથી પત્નીનું ચારિત્ર્ય ઉઘાડું પડી ગયું, પણ સાથે સાથે બે પ્રેમીઓની અંતરંગ ક્ષણો પરવાનગી વિના રેકૉર્ડ કરવાનો અધિકાર કોઈને નથી. એનો લાભ લઈ પત્નીએ સામો કેસ ઠોક્યો અને કોર્ટે પતિને પાંચ મહિનાની જેલની સજા અને દોઢ લાખ ન્યૂ તાઈવાન ડૉલર (આશરે સાડા ચાર લાખ રૂપિયા)નો દંડ કર્યો.

## અંધારા પછી અજવાળું. પિટાઈ પછી પરણેતર



ખાતર પાડવા આવેલા ચોરને ધોલધપાટ અને પિટાઈ કર્યા પછી ઘરની તિજોરીની ચાવી સોંપવામાં આવી હોય એવું તમને જો કહેવામાં આવે તો 'ટાઢાપહોરનું ગપ્પું મારવું રહેવા દ્યો' એવી પ્રતિક્રિયા સહજ ગણાય.

જોકે ઉત્તર પ્રદેશના કૌશામ્બી જિલ્લાના એક ગામમાં બનેલી ઘટના અંધારામાં અજવાળું પાથરનારી સાબિત થઈ છે. આકાશ નામનો યુવાન અને સલોની નામની છોકરી એકમેકના ગળાડૂબ પ્રેમમાં હતાં. જોકે કોઈ કારણસર બંને જણ જાહેરમાં ખુલ્લેઆમ મળી નહોતા શકતા. સલોનીના ઘરના સભ્યો બહાર ગયા હોવાની જાણ થતાં રાતના અંધારાનો લાભ લઈ આકાશ પહોંચી ગયો સલોનીનો સ્નેહ મેળવવા. મીઠી ગોઠડી કરતાં સમયનું ભાન ન રહ્યું અને ઘરના સભ્યો આવી પહોંચ્યા. અંધારાનો લાભ લઈ આકાશે ભાગી જવાની કોશિશ કરી, પણ પરિવાર કે હાથ લંબે હોતે હૈંનો પરચો થયો. એને પકડી ધોલધપાટ કરી ખૂબ પિટાઈ કરી. પોલીસમાં ફરિયાદ દાખલ થઈ અને પ્રેમીને પોલીસ સ્ટેશન લઈ જવાયો. જોકે કાનૂને સમજદારી દાખવી કે શું થયું ખબર ન પડી, પણ પ્રેમી - પ્રેમિકાના પરિવારજન તેમનાં લગ્ન કરાવવા રાજી થઈ ગયા. ત્રણ વર્ષના અફેરનો અંત આખરે સાત ફેરાના સહજીવનમાં પરિણમ્યો. સ્વાભાવિક છે કે એકેય પરિવાર કેસ માટે આગ્રહી ન હોય. ઘીના ઠામમાં રહેલું ઘી નવા ડબ્બામાં પૅક થઈ ગયું.

## અન્ન એવો ઓડકાર, નસીબ એવાં નાણાં

કિસ્મત, ભાગ્ય, કર્મ, પ્રારબ્ધ, દૈવ, તકદીર... નસીબના પર્યાયવાચી શબ્દો છે, પણ પ્રારબ્ધનો પર્યાય તો પુરુષાર્થ જ ગણાય છે. પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે એ બહુ જ જાણીતી કહેવત છે. આ વાસ્તવિકતા હોવા છતાં નસીબ આડેનું પાંદડું ક્યારે ખસી જાય, કિસ્મત ક્યારે કરવટ લે એના કોઈ ગણિત નથી હોતાં. પરિવર્તનશીલ જીવનમાં એક નાની ઘટના, મુલાકાત કે નિર્ણય જિંદગી આખીને ધરમૂળથી બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. મૂડ ખરાબ હોવાથી, કામના સ્ટ્રેસને કારણે ચિત્ત ચકરાવે ચડ્યું હોવાથી અને સવારે મોડું થવાને લીધે લંચબૉક્સ સાથે નહીં લાવી શકેલી અમેરિકન મહિલાના જીવનમાં ભાગ્યે એવી ભવ્યતા દેખાડી છે કે વિરારની સિંગલ રૂમનું જીવન વાલ્કેશ્વરના આલીશાન ટુ બીએચકે ફ્લૅટમાં રૂપાંતર થઈ જવાનું છે. યુએસના વર્જિનિયા સ્ટેટમાં રહેતી એક અમેરિકન મહિલા તણાવમુક્ત અને ઑફિસના વાતાવરણથી થોડો સમય દૂર થવા લંચટાઇમમાં બહાર જઈ પેટપૂજા કરવાનું નક્કી કર્યું. 'લવ ફૂડ માર્ટ' પર જઈ એકાદી વાનગી ઝાપટી ઓડકાર ખાતાં ખાતાં મનમાં આવ્યું એટલે ૨૦ ડૉલરની સ્ક્રેચ ઑફ ટિકિટ (એક પ્રકારની લૉટરી) ખરીદી. ટિકિટ સ્ક્રેચ કરતાં ખબર પડી કે એને ૨૦ લાખ ડૉલર (આશરે ૧૯ કરોડ રૂપિયા)ની લૉટરી લાગી છે. આંખોમાં ચમક



આવી ગઈ, સ્ટ્રેસ પોબારા ગણી ગયું, પણ મહિલા ઊછળી ન પડી. જાણે કશું જ બન્યું નથી એમ ઑફિસ પહોંચી પોતાની ડ્યૂટી પૂરી કરી. પછી વર્જિનિયા લૉટરી ઑફિસરોને મળી ત્યારે એની સમક્ષ બે વિકલ્પ રાખવામાં આવ્યા. એક ૨૦ લાખ ડૉલરની રકમ ત્રીસ વર્ષ દરમિયાન દર વર્ષે સરખા હપ્તે (વર્ષના ૬૬,૬૬૬) સ્વરૂપે મળશે અને જો એક સાથે જોઈતા હોય તો ૯ લાખ બાવન હજાર ડૉલર (આશરે નવ કરોડ રૂપિયા) મળશે. મહિલાએ બીજો વિકલ્પ પસંદ કર્યો જેથી ટિકિટ વેચનારા દુકાનદારને પણ વિનિંગ સ્ક્રેચ કાર્ડ વેચવાનું બોનસ મળ્યું. ભાગ્યની દેવીએ થોડાક છાંટા દુકાનદાર પર પણ નાખ્યા.

## લ્યો કરો વાત

*નિકોલ કિડમેન એટલે અજબ અભિનેત્રીના ગજબ શોખ. આ ઑસ્ટ્રેલિયન અદાકારાને પાર્ટી-શાર્ટી અને ડાન્સિંગ-બાંસિન્ગનો જબરો શોખ છે. ક્લબમાં જઈને નાચવાની અદમ્ય ઇચ્છા ઊભરી આવે તો વેશભૂષા બદલી (વિગ પહેરી કાળા ગૉગલ્સ ચડાવી) રાતના એક વાગ્યે પહોંચી જાય. આ સિવાય ઍક્ટ્રેસને એક વિચિત્ર શોખ પણ છે, જંતુઓ અને પ્રાણીઓ સાથે પાર્ટી કરવાનો, બોલો! નિકોલ કિડમેનનું કહેવું છે કે તે અગાઉ સાપ સાથે ખૂબ પાર્ટી કરતી હતી અને એમાં એને મજા પણ આવતી હતી. આ વાત આગળ વધારીને એ કહે છે કે નાનપણમાં તેને એક કરોળિયો પાળ્યો હતો અને એની સાથે તેની ઘણી સ્મૃતિઓ જોડાયેલી છે. ઘણી વાર કરોળિયાની સ્મૃતિઓ વાગોળે છે. જોકે ઝેરી પ્રાણીઓ સાથે દોસ્તી કરનાર નિકોલ સ્વભાવે ઝહેરીલી નથી. ઘણી શાંત અને સરળ છે.* ■

# નવલા નોરતાનું આગમન ને ટિપ્પણી નૃત્યની ઝાંખી

feedback@bombaysamachar.com
તસવીરની આરપાર
ભાટી એન.

**નવલા** નોરતાના આગમનની સાથે જ ગુજરાતની ધરતી પર થનગનાટ જાગી ઊઠ્યો છે. તા. ૧૧/૧૦/૨૦૨૬, આસો સુદ એકમથી ચોરે-ચોકમાં ગરબીઓ પધરાવવામાં આવશે અને ઢોલના તાલે રાસ-ગરબાની રમઝટ જામશે.

ભક્તિ અને લોકસંસ્કૃતિના આ પાવન પર્વમાં અંબા માતાની આરાધના સાથે સમગ્ર વાતાવરણ જાણે રંગ, રાગ અને રાસથી ઝળહળી ઊઠશે. રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે, તેની તાલી પડે ત્રણ લોકમાં રે... જેવા લોકસૂર હૈયાને હરખાવી દેશે.

ગુજરાતની લોકપરંપરામાં ટિપ્પણી નૃત્યનું સ્થાન વિશિષ્ટ અને આગવું છે. સૌરાષ્ટ્રનાં વિવિધ પંથકની ધરતીમાંથી જન્મેલું આ પ્રાચીન શ્રમપ્રધાન લોકનૃત્ય માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ મહેનતકશ માનવીના પરિશ્રમ, કલ્પનાશક્તિ અને જીવનરસનું જીવંત દસ્તાવેજ છે. જૂના સમયમાં મકાનનું ભોંયતળિયું કે છત મજબૂત કરવા ચૂનો-માટી પાથરતી કોળી સમાજની મહિલાઓ શ્રમની એકવિધતા અને થાકને ભૂલવા ગીત અને તાલનો સહારો લેતી. આ જ મહેનતના પસીનામાંથી ટિપ્પણી નૃત્યની અનોખી લોકકળાએ આકાર લીધો.

ટિપ્પણી નૃત્યમાં બે હરોળમાં સામસામે ઊભેલી મહિલાઓ હાથમાં લાંબી લાકડાની ટિપ્પણીઓ ધારણ કરી તાલબદ્ધ રીતે જમીન પર પછાડે



છે. આશરે ૧૭૫ સેન્ટિમીટર લાંબી આ લાકડાના છેડે ચોરસ લાકડાનો કે લોખંડનો ભાગ જોડાયેલો હોય છે. તુરી, પિત્તળની થાળી, ઝાંઝ, મંજીરા, તબલા, ઢોલ અને શરણાઈ જેવા વાજિંત્રોના સૂર વચ્ચે લોકગીતો ગવાય છે અને ટિપ્પણીના તાલ સાથે પગલાં પડે છે. ટકોરના દરેક પડઘામાં જાણે વર્ષો જૂના શ્રમની ગાથા અને લોકજીવનની ધબકતી કવિતા સંભળાય છે.

વીજળી જેવી ઝડપ, ચંચળ અંગસંચાલન અને અદમ્ય ઉત્સાહ એ ટિપ્પણી નૃત્યની ઓળખ છે. તેમાં મહેનતને ઉત્સવમાં અને પરિશ્રમને કળામાં ફેરવી નાખનાર શ્રમજીવી સમાજની અદ્‌ભુત કોઠાસૂઝ દેખાય છે. આજે પણ ગુજરાતના લોકોત્સવો અને સાંસ્કૃતિક પ્રસંગોમાં ટિપ્પણી નૃત્ય રજૂ થાય ત્યારે ભૂતકાળની લોકપરંપરા વર્તમાન સાથે હાથ મિલાવતી જણાય છે.

નવલા નોરતાની રાસરંગભરી રાત્રિઓમાં જ્યારે ગરબીના દીવડાં ઝળહળશે અને ટિપ્પણીના તાલે ધરતી ધ્રૂજી ઊઠશે, ત્યારે ગુજરાતની ધરતી ફરી એકવાર પોતાની સમૃદ્ધ લોકસંસ્કૃતિનો ગૌરવગાન ગાતી જોવા મળશે. ■

# ઊકળતા ક્રૂડ અને એફઆઈઆઈની વેચવાલી વચ્ચે શૅરબજારમાં સતત બીજા દિવસે પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં યુદ્ધની અનિશ્ચિત પરિસ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં સતત ઉછાળા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી સતત ચાલુ રહેવાથી કથળેલા સેન્ટિમેન્ટને કારણે શેરબજારમાં સતત બીજા દિવસે પીછેહઠ નોંધાઇ હતી. સેન્સેક્સ ૨૪૨.૬૫ પોઇન્ટના ઘટાડા સાથે ૭૨,૫૨૯.૦૭ પોઇન્ટની અને નિફ્ટી ૬૪.૦૫ પોઇન્ટના ઘટાડા સાથે ૨૨,૭૧૬.૨૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. ટાઇટન, એચસીએલ ટેક, ટીસીએસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, હિંદુસ્તાન યુનિલીવર અને ટેક મહિન્દ્રા સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં અદાણઈ પોર્ટ, સન ફાર્મા, ટાટા સ્ટીલ અને કોટક મહિન્દ્રા બેન્કનો સમાવેશ હતો. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૧૦૫.૧૦ ડોલર બોલાતા હતા. પાછલા સત્રમાં સોમવારે એફઆઇઆઇએ રૂ. ૫૩૫૩ કરડના શેર વેચ્યા હતા.

એસઆરઆઈટી ઇન્ડિયાનો રૂ. ૨૧૮.૪૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્યો છે અને આજે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી પહેલી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ.૧૨૩થી રૂ. ૧૩૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૧૫ શેર છે. વર્મોરા ગ્રેનિટોના શેર લગભગ પાંચ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

સેકન્ડરી માર્કેટમાં ઢીલા વલણ છતાં પ્રાઇમરી માર્કેટમાં એક્શન ચાલુ રહી છે. નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરીનો રૂ. ૧૦૮.૩૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને પાંચમી ઓક્ટોબરે બંધ થશે. શેરની ફાળવણી ૬ ઓક્ટોબરના રોજ અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૮ ઓક્ટોબરે થશે.પ્રાઇસ બેન્ડ રૂ. ૭૦થી રૂ. ૭૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૨૦૦ શેર છે.

ટીએનએ સોલ્યુશન્સનો ૩૭.૮૬ કરોડનો આઇપીઓ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે અને ૬ઠી ઓક્ટોબરના રોજ બંધ થશે. શેરની ફાળવણી સાતમી ઓક્ટોબરે અને લિસ્ટિંગ નવમી ઓક્ટોબરના રોજ થશે. શેર દીઠ રૂ. ૬૬થી રૂ. ૭૦ની પ્રાઇસ બેન્ડ નક્કી કરવામાં આવી છે. અરજી માટે લોટ સાઈઝ ૨,૦૦૦ શેરની છે. એરેટે લિમિટેડે રૂ. ૪૪૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે. એસજેપી અલ્ટ્રાસોનિકનો રૂ. ૨૩.૪૫ કરોડનો આઇપીઓ સબસ્ક્રિપ્શન માટે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે અને પાંચમી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૬ઠી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અને લિસ્ટિંગ આઠમી ઓક્ટોબરે થશે. શેર દીઠ અંતિમ ઇશ્યૂ કિંમત રૂ. ૬૭ નક્કી કરવામાં આવી છે. અરજી માટે લોટ સાઈઝ ૨,૦૦૦ શેરની છે. જર્મન ગ્રીન સ્ટીલ અને રૂનવાલના આઇપીઓ મંગળવારે બંધ થયા છે.

પૂર્વ ભારતની અગ્રણી વેલ્યુ ફેશન રિટેલ ચેઇન્સમાંની એક, બાઝાર સ્ટાઇલ રિટેલ લિમિટેડ કોલકાતામાં બ્રાઝિલ અને ઉરૂગ્વે સામે ભારતના સીમાચિહ્નરૂપ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મેચ માટે મુખ્ય ભાગીદાર તરીકે જોડાઈ છે. બંને મેચ કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે યોજાશે. કંપની દસ રાજ્યમાં ૨૮૦થી વધુ સ્ટોર નેટવર્ક ધરાવે છે અને ૫૦૦ સ્ટોર સુધી વિસ્તરણની યોજના છે. ઓરિએન્ટ કેબલ અને સ્નેપડીલના જાહેર ભરણાંનો મંગળવારે અંતિમ દિવસ હતો.



નાણાકીય વર્ષ ૨૯૨૬ દરમિયાન ક્યુપિડ લિમિટેડએ મજબૂત વૃદ્ધિ દર્શાવી, કુલ આવક રૂ.૨૦૩ કરોડથી ૯૩ ટકા વધીને રૂ.૩૯૧ કરોડ થઈ, જ્યારે કર પછીનો નફો રૂ. ૪૧ કરોડથી ૧૬૫ ટકા વધીને રૂ.૧૦૮ કરોડ થયો. એબિટ ૧૮૦ ટકા વધ્યો, ચોખ્ખો નફાનું માર્જિન ૩૦ ટકાને વટાવી ગયો અને નેટવર્થ રૂ.૩૪૨ કરોડથી વધીને રૂ.૪૫૧ કરોડ થઈ. મેઇન બોર્ડમાં વિસાલ નિર્મિતીનો આઇપીઓ આવી રહ્યો છે.

ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સે રૂ. ૩૦૦ કરોડની નેટવર્થ ધરાવતી ગુડમેન વેટકેર પ્રાઇવેટ લિમિટેડમાં ૨૬ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે, જે ભારતની સૌથી જૂની સમર્પિત પેટ ફાર્મસીઓમાંની એક છે. આ વ્યૂહાત્મક ભાગીદારીનો ઉદ્દેશ આગામી પાંચ વર્ષમાં ભારતની સૌથી મોટી પેટ કેર રિટેલ ચેઇન બનવાનો લક્ષ્યાંક છે, નાણાકીય વર્ષ ૨૦૧૯ સુધીમાં આવકનું લક્ષ્ય રૂ. ૧૦૦ કરોડ છે. જેબી એકોટેક્સે સેબી પાસે ડ્રાફ્ટ પેપર ફાઇલ કર્યા છે. સોલર ઇપીસી બજારમાં વૈવિધ્યસભર હાજરી ધરાવતી, માઇક્રો ઇરીગેશન સોલ્યુશન્સ પ્રોવાઈડર અને એક્સપોર્ટર કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડને મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિમિટેડ તરફથી પીએમ કુસુમ બી યોજના હેઠળ રૂ. ૪૭ કરોડના ઓર્ડર મૂલ્ય સાથે ૨,૦૦૦ સૌર પંપ માટે ઓર્ડર હાંસલ થયો છે. કલાસટેક એન્જિનિયરિંગ અને અનમોલ ઇન્ડસ્ટ્રીઝે આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કરાવ્યા છે.

એચડીએફસી પેન્શનના એનપીએસ પ્રેફરન્સ ઈન્ડેક્સ અભ્યાસ ૨૦૨૬ મુજબ એનપીએસ પ્રત્યે પસંદગી વધી હોવા છતાં ભારતીયો નિવૃત્તિ માટે જરૂરી ભંડોળનો અંદાજ ઓછો લગાવી રહ્યા છે. ઈન્ડેક્સ ૨૦૨૩માં ૫૪ હતો જે વધીને ૫૭ થયો છે, પરંતુ જરૂરી કોર્પસ અંગે જાગૃતિ ઓછી છે. ભારતીયોએ આદર્શ નિવૃત્તિ ભંડોળ રૂ. ૧.૫ કરોડ આંક્યું છે, જે ૨૦૨૩માં રૂ. ૧.૩૪ કરોડ હતું, જે હજુ પણ તેમની સરેરાશ વાર્ષિક આવક કરતાં દસ ગણા કરતાં ઓછું છે. વીઆરએસ ફૂડ્સ લિમિટેડની અગ્રણી ડેરી બ્રાન્ડ, પારસ ડેરીએ ગેલેશિયા ક્રીમ ચીઝ લોન્ચ કરીને ગેલેશિયા ચીઝ પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું છે. કંપનીએ ચીઝ વ્યવસાયમાં રૂ. ૧૦૦ કરોડથી વધુના રોકાણ સાથે વિશિષ્ટ ક્રીમ ચીઝ શ્રેણીમાં પ્રવેશ કર્યો છે.

એનઆઇએસ મેનેજમેન્ટ લિમિટેડે બીજી સપ્ટેમ્બરે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ બાદની પ્રથન વાર્ષિક સામાન્ય સભામાં એવી માહિતી જાહેર કરી હતી કે, કંપનીએ રૂ. ૧૨૦ કરોડના ઓર્ડર મેળવ્યા છે. કંપની સરકારી અને ખાનગી ક્ષેત્રના ગ્રાહકોમાં તેની હાજરીનો વિસ્તાર કરે છે અને નાણાકીય વર્ષ ૨૦૨૭માં રૂ. ૫૦૦ કરોડની આવકનું લક્ષ્ય રાખે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં પરિવારોને સરેરાશ રૂ. ૧૫ લાખાના મૃત્યુ દાવાની ચુકવણીમાં સમયસર નાણાકીય સહાયની પ્રતિબદ્ધતા સાથે આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ લાઇફ ઇન્શ્યોરન્સ સતત બીજા વર્ષે અગ્રણી સ્થાને રહી છે. ક્રૂડ ઓઇલના આંચકા સામે ઇથેનોલ ભારતની ઢાલ તરીકે કામ કરે છે, એમ રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડેએ મકાઈથી લઈને હળદળના વેપારીઓને એકત્ર કરતી ભારત ઇથેનોલ ફોરમ ૨૦૨૬ના સંબોધનમાં કહ્યું હતું. ટેફલા દ્વારા આયોજિત મેઈઝ માર્કેટ સમિટ, બાયોરિસોર્સિસ અને સર્ક્યુલર ઇકોનોમી સમિટ અને ગ્લોબલ ટરમરિક કોન્ક્લેવ સાથે, ફોરમે કૃષિ, કોમોડિટી અને બાયોફ્યુઅલ ક્ષેત્રના અગ્રણીઓને એક છત્ર નીચે એકઠા કર્યા હતા.બાગડેએ કહ્યું કે ખાંડ મિલો ફક્ત ખાંડ પર ટકી શકતી નથી અને તેમણે ઇથેનોલ જેવા મૂલ્યવર્ધિત પેટા ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. માત્ર ખાંડનું ઉત્પાદન કરનારી સહકારી મિલોને ભારે નુકસાન થયું છે.

એશિયન બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા મથાળે ગબડ્યા હતા, જ્યારે સિંગાપોરનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. યુરોપના બજારોમાં સુધારો જોવાયો હતો, જ્યારે અમેરિકન માર્કેટ સોમવારે નીચા મથાળે બંધ રહ્યા હતા.

### ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૯૬.૧૫ની સપાટી સુધી ગબડ્યો

## રિઝર્વ બૅન્કના સંભવિત હસ્તક્ષેપે અંતે બે પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી પ્રબળ રહેતાં સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૧૮ પૈસા ગબડીને ૯૬.૧૫ની સપાટી સુધી નબળો પડ્યો હતો. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો થવાના આશાવાદ સાથે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં વધ્યા મથાળેથી જોવા મળેલા સાધારણ ઘટાડા ઉપરાંત સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં સત્રના અંતે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે સાધારણ બે પૈસાના સુધારા સાથે ૯૫.૯૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૯૫ના બંધ સામે ૯૬.૦૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૧૫ અને ઉપરમાં ૯૫.૯૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે બે પૈસાના સુધારા સાથે ૯૫.૯૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયાએ છેલ્લા બે સપ્તાહમાં બીજી વખત સત્ર દરમિયાન ૯૬ની સપાટી કુદાવી હતી અને અંતે બાવીસ પૈસાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો.

વૈશ્વિક સ્તરે જોખમી પરિબળોમાં થયેલા વધારા સાથે ક્રૂડ તેલના ભાવમાં વધારો, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૪ ટકા વધીને ૧૦૧.૪૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૪ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૧૦૬.૮૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૪૨.૬૫ પૉઈન્ટનો અને ૬૪.૦૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

## વિશ્વ બજારથી વિપરીત ચાંદીમાં ₹ ૧૪૫૩નો અને સોનામાં ₹ ૩૧૩નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ સાત સપ્તાહની નીચી સપાટી સુધી ઘટી ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હતુ. જોકે, રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વનાં નીતિવિ ।યક નિર્ણયને સ્પર્શે તેવાં આર્થિક ડેટાઓ પર હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે સુધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૧થી ૩૧૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૫૩નો ઘટાડો આગળ ધપ્યો હતો.



આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૫૩ના ઘટાડા સાથે રૂ. ૨,૨૧,૬૦૦ની સપાટીએ રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે ભાવમાં ઘટાડો આગળ ધપતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૧૧ ઘટીને રૂ. ૧,૪૭,૦૭૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૧૩ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૬૬૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ વધુ ઘટાડાના આશાવાદે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૧૪૦.૧૦ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકો વધીને ૪૧૭૧.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૬૦.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે સોનામાં કોઈ નક્કર પરિબળોને કારણે નહીં, પરંતુ ગઈકાલે ક્રૂડતેલના ભાવ વધી આવતા સોનાના ભાવ ચાર ટકાના તીવ્ર ઘટાડા સાથે સાત સપ્તાહના તળિયે પહોંચ્યા હોવાથી સાધારણ સુધારો નોંધાયો હોવાનું એક્ટિવ ટ્રેડનાં ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ફરી વધારો કરે તેવી શક્યતા પ્રબળ બની હતી.

જોકે, આજે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વનાં નીતિવિષયક નિર્ણયને સ્પર્શે તેવાં આજે (બુધવારે) જાહેર થનારા અમેરિકાના રોજગારીનાં ડેટા ઉપરાંત ફુગાવાના ડેટા પર સ્થિર થઈ હોવાથી અમુક અંશે બજારમાં સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એકંદરે ક્રૂડ તેલનાં ઊંચા ભાવ ફુગાવાલક્ષી દબાણ વધારી રહ્યા હોવાથી કેન્દ્રવર્તી બૅન્કો લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવી રહ્યા હોવાનું જણાવતાં સૂત્રોએ ઉમેર્યું હતું કે આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ બજાર વર્તુળો અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૭૦ ટકા અને ડિસેમ્બરમાં વ્યાજદર વધારે તેવી ૯૬ ટકા શક્યતા જોઈ રહ્યા છે.

અમેરિકાએ ઈરાનને યુદ્ધનો અંત લાવવા માટે ઈરાનને પ્રસ્તાવ આપ્યો પ્રસારિત થયેલા પ્રસાર માધ્યમોના અહેવાલને નકારતા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે કોઈ પ્રસ્તાવ નથી આપ્યો.

## ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની અમુક ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં બ્રાસ, કોપરની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨નો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. સાતનો અને નિરસ માગે નિકલ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૫૨૯૩, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૪૩૩, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૯૫ અને રૂ. ૯૬૫ તથા કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૧૩૯૭, રૂ. ૧૩૮૭ અને રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ લેવાલીને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૯૭ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૫૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. સાતના ઘટાડા સાથે રૂ. ૧૪૬૧ના મથાળે અને નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૬૧૦ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૦૭ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં વધુ ₹ ૨૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ સામે મહારાષ્ટ્ર સહિત દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો તેમ જ સ્થાનિક સ્તરે પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૦૦થી ૪૫૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૪૬૦૦થી ૪૮૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૦૦થી ૪૩૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૮૦થી ૪૪૩૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.



## પાંખાં કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૫ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૮ રિંગિટ ઘટી આવ્યા હતા. જોકે, ભાવઘટાડાના માહોલમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હોવાથી હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ મહેશ ઑઈલ રિફાઈનરીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૫ અને સિકોફના આરબીડી પામોલિનના રૂ. ૧૪૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. જોકે, આજે જી-વનની સપ્ટેમ્બર મહિનાના સોયા રિફાઈન્ડના કોન્ટ્રાક્ટમાં બાયબૅકમાં રૂ. ૧૩૯૧ના મથાળે લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૬,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૭૦૦માં થયા હતા, જ્યારે રાજકોટમાં ૧૫,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૭૪૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૭૫ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૦૦થી ૫૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૬૫૦થી ૫૮૦૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૭૪૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# કૉંગ્રેસ આક્રમકઃ જ્ઞાનેશકુમારનું પૂતળું સળગાવ્યું, ‘વૉટચોર-ગદ્દી છોડ’ના નારા લગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કૉંગ્રેસ ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો વિરોધ દરેક જિલ્લા અને શહેરમાં કરી રહી છે. સોમવારે વડોદરામાં વિરોધ પ્રદર્શન કર્યા બાદ મંગળવારે અમદાવાદમાં કૉંગ્રેસે આક્રમક થઈ નારેબાજી કરી હતી. મતદાર સુધારણા યાદી (સર) સહિતના મુદ્દે જ્ઞાનેશ કુમારની વિવાદાસ્પદ ભૂમિકા અંગે પ્રકાશિત થયેલા એક અહેવાલ બાદ પક્ષ દ્વારા રાષ્ટ્રવ્યાપી વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

ગુજરાતમાં બે દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોના ભાગરૂપે અમદાવાદમાં પતંગ હોટેલથી કૉંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ રેલી યોજી હતી. જેમાં વિવિધ પોસ્ટરોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. જ્ઞાનેશકુમારને જેલમાં બંધ કરેલા પૂતળા સહિતના પૂતળા બનાવવામાં આવ્યા હતા. આ સાથે કૉંગ્રેસના કાર્યકરને હાથમાં હાથકડી પહેરાવી જ્ઞાનેશ કુમારના માસ્ક સાથે દોરડાંથી બાંધવામાં આવ્યો હતો.

કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ત્રણ ચૂંટણી અધિકારી પૈકી બે ચૂંટણી અધિકારીઓએ અનેક વખત ધ્યાન દોર્યું કે જ્ઞાનેશ કુમાર ખોટું કરી રહ્યા છે. જ્ઞાનેશ કુમારનું તાત્કાલિક રાજીનામું લેવામાં આવે અને તેમના સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માગણી છે. તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વૉટચોરીનો મુદ્દો ૨૦૨૩થી ઉછાળ્યો હતો. સત્તાધારી પક્ષે તેને વિપક્ષોના આક્ષેપો કહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ભારતની ગલી-ગલીમાં એક જ નારો છે, વોટ ચોરી કરીને ગદ્દારી કરનાર લોકો સામે કડકમાં કડક સજા થવી જોઈએ. બંધારણે દેશના નાગરિકોને જે મતનો અધિકાર આપ્યો છેકે નાગરિકોના મતના અધિકારની રક્ષા કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે, પરંતુ તેમ થઈ નથી રહ્યું, તેમ ચાવડાએ જણાવ્યું હતું. ■

# ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાની કૉંગ્રેસમાં જોડાવાની અટકળો તેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમા આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાશે, ત્યારે રાજકારણમાં અત્યારથી ગરમાવો આવી રહ્યો છે. રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલા કૉંગ્રેસમાં જોડાવાની અટકળો તેજ થઈ છેઅને તે અંગેના સંકેતો પણ મળી રહ્યા છે. આ અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થશે, તેમ ચર્ચાઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, શંકરસિંહ વાઘેલા સહિત અનેક લોકોને પક્ષમાં સામેલ કરવા માટે હાઇકમાન્ડ સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. જ્યારે શંકરસિંહ વાઘેલાએ પણ આ વાત સાચી હોવાનું કહ્યું હતું. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલા ઘણા સમયથી ભાજપ સામે લડી રહ્યા છેઅને હાલ તેમની સાથે વાતચીત ચાલી રહી છે. અમિત ચાવડાએ સ્પષ્ટ કર્યું કે આગામી દિવસોમાં ભાજપની તાનાશાહી સામે લડવા માટે તમામ વિરોધી તાકાતો એક મંચ પર એકત્ર થશે. વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં રાજ્યમાં રાજકીય પરિવર્તન લાવવા માટે તમામ લોકો એક સાથે આવશે. શાસક પક્ષ પર આકરા પ્રહારો કરતાં તેમણે ઉમેર્યું હતું કે ભાજપના આગેવાનો પણ હવે કૉંગ્રેસના મંચ પર જોવા મળશે, કારણ કે ભાજપના ડૂબતા વહાણ પર હવે કોઈ સવાર થવા માંગતું નથી. જોકે રાજકારણમાં ચર્ચાઓનો માહોલ ગરમાતો રહે છે, પરંતુ સત્તાવાર જાહેરાત બાદ જ કોઈપણ ઘટનાની પુષ્ટિ થઈ શકે છે. ■

# પીએમ મોદીની ડિગ્રી બાબતની કેજરીવાલની અરજી ગુજરાત હાઈ કોર્ટે ફગાવી, ૨૫,૦૦૦નો દંડ પણ યથાવત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટે મંગળવારે (૨૯ સપ્ટેમ્બર) આપના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલની અપીલને ફગાવી દીધી હતી. કેન્દ્રીય માહિતી આયોગ (સીઆઈસી) દ્વારા ગુજરાત યુનિવર્સિટી પાસેથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી વિશે માહિતી માંગવાના નિર્દેશને રદ કરવામાં આવ્યો હતો. જેને પડકારતી અરજી કેજરીવાલે કરી હતી.

અહેવાલો અનુસાર કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ એવી પણ દલીલ કરી હતી કે જો ગુજરાત યુનિવર્સિટીના દાવા મુજબ મોદીની ડિગ્રી પહેલાથી જ ઓનલાઈન ઉપલબ્ધ હતી, તો આરટીઆઈ કાયદા હેઠળ માહિતી માંગવાનો કોઈ આધાર નથી.

ગુજરાત યુનિવર્સિટી તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે કેજરીવાલે આ મામલાને સતત ખેંચ્યો છે અને પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં યુનિવર્સિટીને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ખર્ચ (દંડ)નો હેતુ આરટીઆઈ પદ્ધતિના દુરુપયોગને રોકવાનો કરવાનો છે.

આ વિવાદ ૨૦૧૬નો છે, જ્યારે કેજરીવાલે સીઆઈસીને મોદીની શૈક્ષણિક લાયકાત વિશે માહિતી માંગતો પત્ર લખ્યો હતો. તત્કાલીન સીઆઈસી કમિશનર એમ. શ્રીધર આચાર્યુલુએ દિલ્હી યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીને મોદીની ડિગ્રીઓ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીએ આ આદેશને પડકાર્યો હતો, જેના કારણે હાઇકોર્ટે તેના અમલ પર રોક લગાવી હતી.

માર્ચ ૨૦૨૩માં, સિંગલ જજે સીઆઈસીના નિર્દેશને રદ કર્યો હતો, જેમાં કમિશનના અભિગમને જ્યુડિશિયલ એક્ટિવિઝમ ગણાવવામાં આવ્યો હતો અને કેજરીવાલ પર રૂ. ૨૫,૦૦૦ દંડ લાદ્યો હતો. તે આદેશ સામેની તેમની અપીલ હવે ફગાવી દેવામાં આવી છે. ■

# ગેરકાયદે અમેરિકા જવા નીકળેલા મહેસાણાના ત્રણ જણનું ઈથિયોપિયામાં અપહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી ગેરકાયદે અમેરિકા જવા નીકળેલા ત્રણ જણ મુશ્કેલીમાં મુકાયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મહેસાણા અને ગાંધીનગરથી ગેરકાયદે અમેરિકા જવા નીકળેલા ૩ જણનું રસ્તામાં જ કથિત અપહરણ થઈ જતા પરિવાર ચિંતામાં મૂકાઈ ગયો છે. એક જ કુટુંબના ત્રણેય લોકોના અપહરણ થયાને ચાર દિવસ વિતી ચૂક્યા છે ત્યારે ત્રણેયને મોકલનાર એજન્ટ પણ ઓળખાઈ ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર ત્રણેયનું અપહરણ થયા બાદ એજન્ટને રૂ. એક કરોડની માગણીનો પોન આવ્યો હતો. એજન્ટના જણાવ્યા અનુસાર તેણે અગાઉ રૂ. ૬૦ લાખ અપહરણકારોને ચૂકવી દીધા છે. આ મામલે મમતા ચાવડા નામની અપહ્યત યુવતીનાં પિતાએ મહેસાણાના લાંઘણજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ દાખલ કરાતા પોલીસે પણ વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણાના વડસ્મા ગામનો યુવક ઋત્વિક જનસારી, ગોઝારિયાની યુવતી મમતા ચાવડા તથા ગાંધીનગરની મયુરી કૌટુંબિક સગાં પણ થાય છે અને ત્રણેય કડીના ડાંગરવા ગામના સ્થાનિક એજન્ટ અલ્પેશની મદદથી અમેરિકા જવા નીકળ્યા હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

તેઓ જયપુરથી અબુધાબી અને ત્યાંથી ઈથોપિયામાં એડીસમાં એક કેમ્પમાં રોકાયા હોવાનું જાણવા મળ્યું હતું. આ સમયમાં પરિવારજનો પાસે સ્થાનિક એજન્ટે ટુકડે ટુકડે ૭૦ લાખ મેળવી લઈ ત્રણેય કેનેડા પહોંચી ગયા હોવાનું જણાવ્યું હતું. જોકે કેનેડા ગયા બાદ ત્રણેયનો પરિવાર સાથે કોઈ સંપર્ક રહ્યો ન હતો. જ્યારે હવે તેમને છોડાવવા પરિવાર પાસેથી રૂ. એક કરોડની માગણી કરવામા આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પરિવાર ખૂબ જ ચિંતા અને હતાશામાં ડૂબી ગયો છે અને સંતાનો પાછા લાવવા સરકારને વિનંતી કરી છે. આ અંગે પરિવારજનો સાથે સીધો સંપર્ક થઈ શક્યો ન હતો. ■

# અમદાવાદમાં ૧૨ વર્ષના બાળકનું લિફ્ટમાં ફસાઈ જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નારોલ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં એક બાળકનું લિફ્ટમાં ગળુ ફસાઈ જવાથી મોત નિપજ્યાની કરૂણ ઘટના બની હતી. અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં રહેતા પરિવારનો ૧૨ વર્ષીય બાળક સ્કૂલેથી પરત ફરી રહ્યો હતો ત્યારે તે પોતાના ઘરે જવા માટે લિફ્ટમાં ચડ્યો હતો. લિફ્ટ ચાલુ થતાની સાથે જ અચાનક નીચે પટકઈ હતી અને બાળકનું ગળું લિફ્ટ વચ્ચે ફસાઈ ગયું હતું. સોસાયટીના માણસો તરત જ દોડી આવ્યા હતા અને બાળકને બચાવવાની કોશિશ કરી હતી, પરંતુ બાળકને ઘણી ગંભીર ઈજાઓ થઈ હતી અને બાળકનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોતાના સંતાનને આ રીતે ખોયા બાદ પરિવારમાં ભારે શોકનો માહોલ હતો આ સાથે સોસાયટીમાં પણ ગમગીરી છવાઈ ગઈ હતી. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર સોસાયટીઓએ લિફ્ટનું સમયસર સર્વિસિંગ કરાવવું જોઈએ અને સુરક્ષાની તકેદારી રાખવી જોઈએ. ■

# ખંભાતમાં પાસાના આરોપીને પકડવા ગયેલી એલસીબી ટીમ પર ટોળાનો હુમલો, ચાર પોલીસકર્મીને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખંભાત પોલીસને એક આરોપીને પકડવા જતા કડવો અનુભવ થયો હતો. આણંદ જિલ્લાના ખંભાત શહેરના પાધરિયા વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પાસા હેઠળના આરોપીની ધરપકડ કરવા ગયા હતા.

આ સમયે અહીં સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા અને તેમણે પથ્થરમારો કર્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે કુખ્યાત આરોપી અક્ષય ઉર્ફે લલ્લો નગીનભાઈ ચુનારા સ્થળ પરથી મળી આવતાં પોલીસે તેને ઝડપી લીધો હતો. તે જ સમયે તેના સમર્થકો આવી પહોંચ્યા હતા અને તેમણે પોલીસની ટીમ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. અચાનકથી થયેલા આ હુમલાને કારણે અવ્યવસ્થા સર્જાઈ હતી અને આરોપી પોલીસની પક્કડમાંથી છટકી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અક્ષય સામે છથી વધુ ગંભીર ગુના નોંધાયા આવ્યા હોવાની માહિતી મળી હતી.

પાધરીયા વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

પથ્થરમારાની ઘટનામાં ચાર પોલીસકર્મીઓને સામાન્ય ઇજાઓ પહોંચતાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. પોલીસે અત્યાર સુધીમાં આશરે ૨૪ જણની પૂછપરછ હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. વેરિફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ પોલીસ પર હુમલો કરનારા સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. ■

# અમદાવાદમાં એએમટીએસ બસે બાઈકચાલકને હડફેટે લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના રાણીપ વિસ્તારમાં એક ભયાનક અકસ્માતમાં બસની હડફેટે આવતા બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. મળતી વિગતો અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ-એમટીએસની લાલબસ મેટ્રો સ્ટેશન સામેથી આવતી હતી અને એક બાઈકચાલકને ટક્કર આપી હતી. અચાનકથી જ બસ ધસી આવતા બાઈકચાલક ધડાકાભેર અથડાયો હતો અને ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યો હતો, તેમ ત્યાં હાજર લોકોએ જણાવ્યું હતું.

અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ મામલે કાયદેસરનો ગુનો નોંધી, બસ ચાલકની અટકાયત કરવા સહિતની આગળની તપાસ શરૂ કરી છે. શહેરમાં ટ્રાફિકની સમસ્યા, વધારે પડતા વાહનો, રસ્તાઓ પર દબાણ અને વાહનચાલકોની બેદરકારીને કારણે અકસ્માતોનું પ્રમાણ વધ્યું હોવાનું જણાઈ રહ્યું છે. ■

# સુરતમાં ઈલેક્ટ્રિક બસના ટ્રાયલ રન શરૂ થયા નવેમ્બરમાં ૧૦૦ નવી બસ દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) શહેરમાં નવેમ્બર મહિનાથી લગભગ ૧૦૦ જેટલી નવી ઈલેક્ટ્રિક બસ રસ્તાઓ પર દોડાવવા માગે છે. આ માટે બસનું ટ્રાયલ શરૂ કરવામાં આવ્યું હતું.

ટ્રાયલ બસ શરૂઆતમાં પાલ અને કામરેજ વચ્ચે રૂટ નંબર ૧૭ પર ચાલશે.

નવ મીટર લાંબી આ બસમાં ૨૩ મુસાફરોની બેઠક ક્ષમતા છે. મનપા અધિકારીઓ બેટરી કામગીરી, ચાર્જિંગ સમય, મુસાફરોના આરામ વગેરેનું ધ્યાન રાખવામાં આવશે.

ટ્રાયલના આધારે એક વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવશે, જે પછી નાગરિક સંસ્થા નિયમિત કામગીરી માટે આગળની કાર્યવાહી નક્કી કરશે.

મનપા ડીઝલથી ચાલતી બસો પર નિર્ભરતા ઘટાડીને અને વાહનોના પ્રદૂષણને નિયંત્રિત કરીને તેના જાહેર પરિવહન નેટવર્કને વિસ્તૃત કરવા માટે કામ કરી રહી છે.

નાગરિક સંસ્થાએ તેની ગ્રીન મોબિલિટી પહેલના ભાગ રૂપે કેન્દ્ર સરકાર પાસેથી લગભગ ૬૦૦ નવી ઇલેક્ટ્રિક બસોની ફાળવણીની પણ માંગ કરી છે.

હાલમાં, મનપા સિટી બસ અને બીઆરટીએસ સેવાઓનું નેટવર્ક ચલાવે છે, જેમાં સુરતમાં વિવિધ રૂટ પર ૬૫૦ થી વધુ બસો દોડે છે. આ સેવાઓ દરરોજ ૨.૨૫ લાખથી વધુ મુસાફરોને સેવા પૂરી પાડે છે.

જાહેર પરિવહનને વધુ પર્યાવરણને અનુકૂળ અને કાર્યક્ષમ બનાવવા માટે, નાગરિક સંસ્થા ધીમે ધીમે જૂની ડીઝલ બસોને ઇલેક્ટ્રિક વાહનોથી બદલવાની યોજના ધરાવે છે. જરૂરી પ્રક્રિયાઓ અને તકનીકી મૂલ્યાંકન પૂર્ણ થયા પછી, ૧૦૦ ઇલેક્ટ્રિક બસોનો પ્રથમ બેચ નવેમ્બર સુધીમાં પહોંચે તેવી સંભાવના છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પર્યાવરણને ધ્યાનમાં રાખીને હવે રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર ઈલેક્ટ્રિક બસની સંખ્યા વધારી રહી છે. તાજેતરમાં ગાંધીનગર અને વડોદરામાં પણ રસ્તાઓ પર ઈલેક્ટ્રિક બસ દોડતી થઈ છે, ત્યારે હવે સુરત પણ આ યાદીમાં સામેલ થશે. ■

# અમદાવાદ એરપોર્ટ પર ફરી હાઈબ્રીડ ગાંજો પકડાયો, સુરતના પેસેન્જરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના એરપોર્ટ પર થોડા મહિનાઓના બ્રેક બાદ ફરી ગાંજો પકડાવાની ઘટના બની હતી. મળતી વિગતો અનુસાર બેંગકોકથી અમદાવાદ આવેલા સુરતના એક પેસેન્જરને પેસેન્જર પ્રોફાઈલના આધારે એરપોર્ટ કસ્ટમના એર ઇન્ટેલિજન્સ વિભાગે પકડી લેતા તેના બેગેજમાંથી ૯૭૩.૨૩ ગ્રામ હાઇબ્રીડ ગાંજો મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી.

આ ગાંજાની ઇન્ટરનેશનલ માર્કેટ વેલ્યુ અંદાજે રૂ. એક કરોડ થાય છે. અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર મોડી રાત્રે થાઈ એરલાઇન્સની ફ્લાઈટ નંબર ટીજી ૩૪૩માં અમદાવાદ આવેલા પેસેન્જર ઉપર કસ્ટમ વિભાગે નજર રાખી હતી. જો કે પેસેન્જરે પોતાની પાસે કશું જ નહીં હોવાનું જણાવ્યું હતું, પરંતુ બેગમાં શંકાસ્પદ પદાર્થ હોવાનું જણાતા બેગ ખોલવામાં આવી હતી, જેમાં બે મોટી પેપરબેગ મળી આવી હતી અને બંને પેપર બેગની અંદર ૩૦ જેટલા ફૂડ પેકેટ હતા. કસ્ટમ વિભાગે તપાસ કરતા આ ફૂડ પેકેટની અંદર ગ્રીન કલરનો હાઇબ્રીડ ગાંજો હોવાનું ટેસ્ટિંગ કીટ દ્વારા તપાસ કરાતા બહાર આવ્યું હતું.

સુરતના પેસેન્જરની કસ્ટમ વિભાગે એનડીપીએસ એક્ટ મુજબ ધરપકડ કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતું. આ ફૂડ પેકેટ ઉપર જામફળનું ચિત્ર દોર્યું હતું અને બેંગકોક અને થાઈલેન્ડમાં આ પ્રકારના ફ્રુટ ના પાઉડર અને ચિપ્સનું પેકિંગમાં વેચાણ થતું હોય છે અને પેસેન્જર આ જ પેકેટની અંદર ગ્રીન કલરનો હાઈ ક્વોલિટીનો ગાંજો છુપાવીને આવ્યો હતો.

બેંગકોક અને થાઈલેન્ડથી આવતા પેસેન્જર ગાંજાની હેરાફેરી કરી રહ્યા છે અને સપ્ટેમ્બર મહિનામાં જ રૂ. ૨૫ કરોડથી વધારેનો ગાંજો લઈને આવતા પેસેન્જરની ધરપકડ થઈ ચૂકી છે.

અગાઉ પણ બેંગકોક અને થાઈલેન્ડથી પેસેન્જર વાયા વિયેતનામ થઈને અમદાવાદ આવતા હતા. તેવા કેસમાં પણ અમદાવાદ સુરત દરોડા અને મુંબઈના કેરિયર પેસેન્જરની ધરપકડ કરવામાં આવી છે. જેમની અત્યાર સુધીમાં ધરપકડ કરવામાં આવી છે તેવા પેસેન્જરો મોબાઇલની દુકાનમાં કામ કરતા હોય અથવા તો ટેક્સી ચલાવતા હોય અને કેરિયર સપ્લાય કરતા હોય તેવા છે. ■

# દેશમાં પ્રથમઃ ગુજરાતમાં સાડાસાત લાખ કિશોરીઓને એચપીવી રસી અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ ગર્ભાશયના મુખના કેન્સર જેવા અતિ ગંભીર રોગ સામે દીકરીઓને આજીવન રક્ષણ આપવા માટે શરૂ કરાયેલા રાષ્ટ્રવ્યાપી એચપીવી રસીકરણ અભિયાનમાં ગુજરાતે માત્ર ૩ મહિનામાં સૌ ટકા દીકરીઓનું સફળ રસીકરણ કરીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગર્ભાશયનું કેન્સર એ મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાં સૌથી ચિંતાજનક રોગો પૈકીનો એક છે. પરંતુ યોગ્ય સમયે અપાયેલી રસી આ રોગને થતો સંપૂર્ણપણે અટકાવી શકે છે. ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૪ વર્ષની પાત્રતા ધરાવતી અંદાજિત ૭.૩૦ લાખથી વધુ કિશોરીઓને એચપીવી વેક્સિનેશન હેઠળ આવરી લીધી હતી.

પ્રફુલ પાનશેરીયાએ આ સફળતાની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની આ કામગીરીની નોંધ લઈને કેન્દ્ર સરકારે ૭ સપ્ટેમ્બરે રાજ્ય માટે વધુ ૨.૭૨ લાખ એચપીવી રસીના ડોઝ ફાળવ્યા હતાં. આ અભિયાનને વધુ વેગ આપવા માટે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે શરૂ કરાયેલા 'સેવા પર્વ' તા.૧૭ થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રસીકરણ ઝુંબેશનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશ અંતર્ગત તા.૧૭ સપ્ટેમ્બરના પ્રારંભિક દિવસે જ રાજ્યની ૭૧ હજારથી વધુ દીકરીઓનું રસીકરણ કરીને એક નવો ઐતિહાસિક વિક્રમ સર્જાયો હતો. માત્ર ૧૦ દિવસના આ 'સેવા પર્વ' દરમિયાન કુલ ૧.૪૭ લાખથી વધુ કિશોરીઓને સુરક્ષાકવચ પૂરું પાડીને સરકારે નિર્ધારિત લક્ષ્યાંક સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. ■

# ત્રણ સંતાનના પિતાએ અમદાવાદમાં બીજાં લગ્ન કર્યાં, ત્રણ વર્ષે ભાંડો ફૂટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ૩ સંતાનના પિતાએ કુંવારો હોવાનું કહીને યુવતી સાથે સંબંધ બાંધ્યા હતા. લગ્ન પણ કરી લીધા હતા. આ અંગેની જાણ પત્ની અને પરિવારજનોને થતાં ૩ વર્ષે ભાંડો ફૂટ્યો હોવાની ઘટના એક અહેવાલ દ્વારા જાણવા મળી હતી.

અમદાવાદમાં નારોલ જૂની કોર્ટ પાસે રહેતી ૨૬ વર્ષની યુવતીની આશરે સાત વર્ષ પહેલાં વટવા ખાતે જોગણી માતાના મંદિરે એક યુવક સાથે મુલાકાત થઈ હતી. વાતચીત વધતાં બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. રવિ પહેલેથી પરણેલો હોવા છતાં તેણે આ વાત યુવતીથી છુપાવી રાખી હતી. વર્ષ ૨૦૧૯માં યુવક લગ્નની લાલચ આપીને યુવતીને ઓઢવની એક હોટેલમાં લઈ ગયો અને ત્યાં તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ ૨૫ એપ્રિલ ૨૦૨૩ના રોજ યુવકે યુવતી સાથે વિધિપૂર્વક લગ્ન કર્યા અને બીજા દિવસે દરિયાપુર વૉર્ડ ઓફિસમાં લગ્નનું રજિસ્ટ્રેશન પણ કરાવ્યું હતું. લગ્ન પછી પણ યુવક યુવતીને સાસરે લઈ જવાને બદલે બહાના કાઢતો રહ્યો હતો. યુવતી તેની માતા સાથે અને યુવક પોતાના ઘરે અલગ રહેતા હતા. આ દરમિયાન યુવકે યુવતીને હાથીજણના એક ગેસ્ટ હાઉસમાં લઈ જઈને અવારનવાર શારીરિક સંબંધ બાંધતો રહ્યો હતો. જુલાઈ ૨૦૨૬માં યુવકના પરિવારજનો અચાનક યુવતીના ઘરે પહોંચ્યા અને ઝઘડો કરીને જણાવ્યું કે યુવક પહેલેથી પરણેલો છે અને તેને ત્રણ બાળકો પણ છે. છેતરપિંડી થઈ હોવાનું સમજાતાં જ યુવતીએ નારોલ પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદ એરપોર્ટ પર દાણચોરી, ડ્રગ્સની હેરાફેરી વધતાં કડક ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના એરપોર્ટ પરથી સોનાની દાણચોરીની સાથે સાથે હાઇબ્રિડ ગાંજો, હશીસ તથા એમડી ડ્રગની હેરાફેરી સતત વધી રહી છે. તેમાંય છેલ્લા એક વર્ષમાં રેકોર્ડબ્રેક કેસ કરવામાં આવ્યા છે. ગાંજાની હેરાફેરીના કેસ સતત વધી રહ્યા હોવાથી અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સ્ટાફ વધારવાની સાથે સાથે ચેકિંગ પણ વધારી દેવામાં આવ્યું છે.

ખાસ કરીને દુબઈ અને અખાતી દેશો ઉપરાંત થાઇલેન્ડ તથા વિયેતનામથી આવતી ફ્લાઇટના મુસાફરો પૈકી તમામ શંકાસ્પદોની તપાસ કરવામાં આવી રહી છે. એર ઇન્ટેલિજન્સ યુનિટ અને કસ્ટમ્સ દ્વારા દેશભરમાંથી સોનાની દાણચોરી અને ડ્રગ્સ કે ગાંજાની હેરાફેરીમાં ઝડપાયેલા તમામ લોકોની યાદી અમદાવાદ એરપોર્ટ પર તૈયાર રાખવામાં આવી છે. શંકાસ્પદ મુસાફરોની એક કરતાં વધારે વખત તપાસ કરવામાં આવી રહી છે.

રાત્રે એક સાથે ઇન્ટરનેશનલ ફ્લાઇટ લેન્ડ થતી હોવાથી એરપોર્ટ પર કસ્ટમ્સ અને એર ઇન્ટેલિજન્સ યુનિટનો સ્ટાફ બમણો કરી દેવાયો છે. આ ટીમ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં બેગેજ અને શંકાસ્પદ મુસાફરોની તપાસ કરવામાં આવી રહી છે. ગ્રીન ચેનલમાંથી પસાર થતા મુસાફરોને પણ અટકાવીને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. એક જ મુસાફરને ત્રણ વખત અટકાવીને તેનું ચેકિંગ અને તપાસ કરવામાં આવી રહ્યું હોવાના દાખલાથી મુસાફરો થોડા નારાજ થયા છે, પરંતુ આ કવાયતને લઈને દાણચોરોના માણસો દોડતા થઈ ગયા છે. આ ઉપરાંત થોડા સમય પહેલા જ કસ્ટમ્સના ચાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાતાં અધિકારીઓ પણ કોઈ જ રિસ્ક લેવા તૈયાર નથી. સાથે સાથે એરપોર્ટ પર હવે રાત્રે ડીઆઆઈના અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહેતા હોવાથી દાણચોરો અને ડ્રગ્સની હેરાફેરી કરતી સિન્ડિકેટ સાથે અધિકારીઓ પણ દોડતા થઈ ગયા છે. ■

# અમદાવાદમાં જાહેર રોડ પર શાકભાજી-ફળ વેચવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જાહેર રોડ પર શાકભાજી અને ફળો વેચવા પર અમદાવાદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગે પ્રતિબંધ લગાવ્યો છે. શહેરમાં ઠેર ઠેર રોડ પર શાકભાજીની લારીવાળા ઊભા હોય છે, તેમના કારણે રસ્તાઓ પર ટ્રાફિકની સમસ્યા રહેતી હોવાના કારણે આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હવે માત્ર મનપા દ્વારા બનાવવામાં આવેલા વેજીટેબલ માર્કેટમાં જ વેચાણ કરવાનું રહેશે. જો જાહેર રોડ કે ફૂટપાથ પર વેચાણ કરશે તો લારી તેમજ સામાન જપ્ત કરી દંડ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

મનપાએ જણાવ્યું હતું કે તમામ સ્ટ્રીટ વેન્ડર્સને કડક સૂચના છેકે, તેઓએ પોતાની વેચાણ પ્રવૃત્તિઓ માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કી કરાયેલ શાકભાજી માર્કેટ તથા નિયત કરાયેલા અન્ય સ્થળોએ જ કરવાની રહેશે. જો કોઈ પણ વેન્ડર્સ આ સૂચનાનું ઉલ્લંઘન કરીને જાહેર રસ્તા પર કે ફૂટપાથ પર વેચાણ કરતા જણાશે તો તેને ગેરકાયદે દબાણ ગણવામાં આવશે. જેથી કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી કરાશે, જેમાં માલ-સામાન અને લારી જપ્ત કરવા તેમજ આકરો દંડ ફટકારવાની કાર્યવાહીનો પણ સમાવેશ થાય છે.

જોકે પાલિકાના આ નિર્ણયથી લારીઓવાળા નારાજ છે. તેમના જણાવ્યા અનુસાર લોકો દૂર માર્કેટમાં લેવા આવતા નથી, રસ્તા પર આવતાજતા લઈ લે છે. આ સાથે અમુક શાકભાજીવાળાનું એમ પણ કહેવાનું છે કે માર્કેટ પૂરતા પ્રમાણમાં નથી, તેથી રોડ-રસ્તા પર લારીવાળા ઊભા રહે છે. એક તરફ લારીવાળા પાસે શાકભાજી લેવાનું લોકો માટે સરળ રહે છે તો બીજી બાજુ રસ્તાઓ પર ટ્રાફિક પણ સર્જાય છે ત્યારે મનપાએ વચ્ચેનો રસ્તો કાઢવાની જરૂર છે, તેવું સ્થાનિકોનું કહેવું છે. ■